
પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર


## ॥ ૫૩ ॥

મહામંગલ શ્રી નવકાર મહામંત્ર




પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય



પરમ પૂજ્ય સકલાગમરહસ્યવેદી

**આચાર્યદેવ શ્રીમદ્વિજય દાનસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કર્મસાહિત્ય નિષ્ણાંત

**આચાર્યદેવ શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કલિકાલકલ્પતરૂ

**આચાર્યદેવ શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય અધ્યાત્મયોગી

**પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**

॥ श्री शिवंकराय भद्रंकराय नमोनमः ॥

परम पूज्य पंन्यासश्री भद्रंकरविजयजी गणिवर्य महाराजा



मयि तद्रूपं सोऽहं ।

परमात्मानुं रूप मारामां छे अने ते ज हुं छुं.

आगमन : संवत १९५९ ने मागशर सुद त्रीज (ई.स.१९०२)

ऊर्ध्वगमन : सवंत २०३६ ने वैशाख सुद चौदस (ई.स.१९८०)

॥ ૐ હ્રીં શ્રીં અર્હં નમઃ ॥




સમસ્ત આગમોના સારરૂપ 'અર્હં' શું ન કરી શકે ?
'અર્હં'નું જ્યારે અભેદથી ધ્યાન કરવામાં આવે છે,
ત્યારે તે તાત્ત્વિક નમસ્કાર બને છે.

---

પ્રવચનો : ૧૪.૦૨.૨૦૨૧ દિને
'ગુરુ ગ્રંથ બહુમાન પર્વ' દરમ્યાન
ગ્રંથ ૫૦ના અર્પણ અવસરે, આરાધના ધામ.

પ્રવચનકાર : પૂ.પં.વજ્રસેનવિજયજી ગણિવર્ય
પૂ.આ.હેમપ્રભસૂરિજી મ.સા. તથા
અન્ય ૪ શ્રમણ ભગવંતો

---

આ **QR Code** ઉપર મોબાઈલથી સ્કેન કરતાં જ
આપને અધ્યાત્મભર્યા ૬ પ્રવચનો સાંભળવા મળશે.

પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

॥ ૫૩ ॥



પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય

श्री


☐ **HASTAKSHAR NU AKSHAY PATRA**

Personal Diaries comprising of Divine everyday thoughts,
musings & experiences of Panyashshri Bhadrankar Vijayji Maharaj.

---

☐ **VOLUME - 53**

Year 2021 / સંવત્ ૨૦૭૭
350 Copies / 224 Pages
For Private Circulation only.

---

☐ **PUBLISHER**

© Shri Bhadrankar Gyandeepak Public Charitable Trust
Mumbai / Rajkot

team@mindfiesta.com

---

☐ **SPONSOR**

Shri C. K. Mehta
Mumbai | Vadodara

---

☐ **ENHANCED & DESIGNED BY**

Bharti Deepak Mehta
Fiesta Studios
Pattani Bldg., M.G.Road, Rajkot - 360001.
bharti@mindfiesta.com
+91 98252 15500

☐ **eBOOKS AVAILABLE AT**

www.bhadrankar.com

www.navkarday.com

Amazon Kindle

---


☐ **SHRI AARADHNA DHAM JAIN TIRTH**

C/o Shri Sudhirbhai Pandya,
'Shiv Drasti', Nr. old Mamlatdar Office,
Jamkhambhaliya - 361305.
(Dist: Devbhumi Dwarka)
+91 2833 - 254156



☐ **ખાસ વિજ્ઞપ્તિ**

ગ્રંથવાંચન પશ્ચાત્ આપને આવશ્યકતા
ન હોય તો આ સરનામે અમોને ગ્રંથ
પરત મોકલશોજી, જેથી અન્ય ભવિજનો
પણ આ ચિંતનોથી ભાવિત થઈ શકે.

શ્રી



## અગાધ દરિયામાંથી
## મળતો અધ્યાત્મરત્નોનો
## મહામૂલો ભંડાર!



અક્ષયપાત્રોની અક્ષરયાત્રા અવિરતપણે ચાલી રહી છે તેનો અનહદ આનંદ છે, કેમકે અગાધ દરિયામાંથી અધ્યાત્મરત્નોનો ભંડાર મળી રહ્યો છે! દરેક અંક કંઈ ને કંઈ નવીન પદાર્થોથી ભરપૂર હોય છે. સાહેબે રોજનીશીઓમાં કેવા રત્નો ભરી રાખ્યા છે, જે જાણે મોક્ષમૂડી સમાન થઈ રહ્યા છે. આ ગ્રંથોનું મનન કરતાં ઉત્તમ આરાધકો-સાધકોને જે ભાવો ઉપજે છે, તેની અભિવ્યક્તિ અહીં એમના જ શબ્દોમાં પ્રસ્તુત છેઃ

‘‘ક્યારેક ‘હસ્તાક્ષરનું અક્ષયપાત્ર’ વાચતાં વાચતાં થંભી જવાય, અશ્રુધારા વહે છે! વિશેષમાં હૃદયમાં જે વિવિધ ભાવો ઉદ્‌ભવ્યા છે, તે આત્મિય ભાવે જણાવું છું. વર્તમાનકાળમાં અધ્યાત્મયુગ પ્રવર્તાવનાર આપણા ગુરૂમહારાજના હૃદયમાં કેવું તો અદ્‌ભૂત મનોમંથન થયું હશે...! તારણહાર એવા એ હૃદયમાં અરિહંતાદિ પરમેષ્ઠિ ભગવંતોની અમર્યાદ શક્તિને ઓળખવાની કેવી તો દિવ્યદ્રષ્ટિ પ્રગટી હશે...! ‘સવિ જીવ કરૂં શાસનરસી’ના ભાવો તેમના અંતરમાં પણ કેવા તો ઘુંટાયા હશે! કેવો નાદ ગુંજ્યો હશે કે સૌ અરિહંતનું શરણું પામે, સર્વ જીવો પ્રત્યે નિઃસ્વાર્થ પ્રેમભાવ પ્રગટે!

વળી પોતે જે રીતે પામ્યા, તે રીતે સૌ ભવિ જીવો પણ આત્માના અનુભવને પામે, તેવા કરૂણાના ભાવો તેમના હૃદયમાં કેવા તો ઉછળ્યા હશે કે એ ભાવગંગોત્રીમાંથી વહેલી અવિરત આલેખનની સરિતા અદ્યપિ સૌ આત્માને શીતળતા પમાડી, તત્ત્વપિપાસા છીપાવી, ભીતરના કાંઠાને લીલ્લાંછમ રાખી, આત્મઅનુભવના-સમ્યગ્દર્શનના ફળ આપી રહ્યાં છે! તેમના પ્રતિ શબ્દે અને વાક્યે એવી તો જીવંતતા અનુભવાય છે કે જાણે ગુરૂમહારાજ સાક્ષાત્ પધારી અનાદિકાળની મોહમૂર્છા ઉતારવા

શ્રીँ

આત્માને ઢંઢોળી, વાત્સલ્ય વરસાવી એમ કહેતાં ન હોય કે: તું જાગ... જાગ...! અંદર ઉંડે ઉંડે ધરબાયેલા જીવદ્વેષ-અહંકારાદિ દોષો બતાવી 'તારી આ ક્ષતિ ન ચાલે' ટકોર કરી કહે છે 'અરિહંતાદિની શરણાગતિમાં કર્તૃત્વભાવને ખંખેરીને અહંચેતનાને ઓગાળી નાંખ! જો, આત્માનું સ્વરૂપ આ રહ્યું! જો, આત્માનો અનુભવ આ રહ્યો!'

આત્માના સહજ ઉંડાણમાં લઈ જઈને મારા જેવા સેંકડો સાધકોના માર્ગદર્શક બની આત્માનુભૂતિના પથે આંગળી પકડીને એક એક પડાવે આગળ લઈ જનારા મૈત્ર્યાદિ કલ્યાણભાવોથી હૃદયને ભીંજાવનારા પૂજ્ય ગુરૂમહારાજનું ઋણ કેમ ઉતારશું? એવા વિચારોમાં ગરકાવ થઈ જવાય છે! અનુપ્રેક્ષાઓ થકી મનોમંથન કરીને સૌને અમૃતના ઘુંટ ઘુંટનું પાન કરાવવા સમસ્ત શ્રુતસાગરને 'હસ્તાક્ષર'ની ગાગરમાં સમાવી દીધો ન હોય, તેવું લાગે છે! આવા વિવિધ અનુભવો આ અક્ષયપાત્રો વાંચતા થતાં હતાં, ત્યારે આપના ઉપકારોનું પણ સ્મરણ થઈ જાય છે કે આવા પ્રચંડ ઉર્જા ભરેલા પૂજ્ય ગુરૂમહારાજના હસ્તાક્ષરની વિરાસતનો અતિ અમૂલ્ય ખજાનો આપશ્રી પૂજ્યવર્યોએ ઉદાર દિલે જિનશાસનને ચરણે ધરી દઈને સૌ ઉપર અસીમ ઉપકાર કર્યો છે. આ નિમિત્તે ગુરૂમહારાજના વિશિષ્ટ અતુલ્ય વ્યક્તિત્વના ગુણોની ગરિમાને સર્વ કોઈ જાણી શક્યું. આ રીતે ઘટઘટમાં તત્વનો દિપક પ્રગટાવનારા આપ પૂજ્યવર્યોના ઉપકારની ય સદા ઋણી રહીશ. અંતે એટલું જ પ્રાર્થું છું કે સદ્ગુરૂ ભગવંતનું સાચું શિષ્યત્વ પ્રાપ્ત થાય, એવો હસ્તાક્ષરનો પરમ પ્રસાદ મને તથા સર્વને સમ્યગ્દર્શન તથા પરમપદ આપે!''

શાસનશોભારૂપ આ પરમ પાવન ગ્રંથોને પ્રગટ કરવા એક બાજુ શરૂઆતથી જ મહાઆર્થિક સહાયરૂપ બનનાર મુંબઈ-વડોદરાના સુશ્રાવકરત્ન પરમગુરૂભક્ત **સી.કે.મહેતા** પોતાની અનુપમ ગુરૂભક્તિ આદરી રહ્યાં છે, તો બીજી બાજુ રાજકોટના અમારા સુશ્રાવકરત્ન શશીકાંતભાઈના પુત્રવધૂ સુશ્રાવિકા **ભારતીબેન દિપકભાઈ મહેતા** આ ભગીરથ કાર્યને પોતાના ૩૦થી વધુ સહયોગીઓ સાથે રહીને ગ્રંથોનું સંવર્ધન કરીને આપણા સુધી પહોંચાડી રહ્યા છે, તેની અંતરથી અનુમોદના.

વજ્રસેન વિ.
હેમપ્રભ વિ.

श्री

# હવે પરિમિત ભવભ્રમણ...



આપણા ધર્મના ૪ મુખ્ય સિદ્ધાંતો પૂજ્ય ગુરૂમહારાજ પાસેથી સન્ ૧૯૬૫માં મરુભૂમિ ઉપર પ્રથમવાર સમજ્યાં, ત્યારે થયેલું કે રાજસ્થાનના આ ગામની તપોભૂમિ મને સદા યે યાદ રહી જશે, કેમ કે એ જ દિવસથી સંકલ્પ લીધેલો કે આચારમાં બને તેટલી અહિંસા આચરવી, વિચારમાં બને તેટલું અનેકાંતજન્ય વિચરણ કરવું, વ્યવહારમાં અપરિગ્રહ અર્થાત્ મૂર્ચ્છાનો ત્યાગ કરવો અને હૃદયમાં ચૌદ રાજલોકનાં સવિ જીવો માટે મહત્તમ ક્ષમાપના ધારણ કરવી.

સાહેબજીએ આગળ એ પણ કહેલું કે જ્યારે એક ઔદ્યોગિક અને આધ્યાત્મિક પુરુષનો સુંદર સમન્વય થાય, ત્યારે તેના દ્રષ્ટિકોણમાં 'सर्वजीवहिताशय'ની ભાવના સંમિલિત થતી દ્રષ્ટિગોચર થાય જ. આપણા અરિહંત ભગવંતોએ કેવળજ્ઞાનમાં જોઈને પ્રરૂપેલાં, ગણધર ભગવંતોએ ગૂંથેલા અને મુનિરાજોએ આચરેલાં આગમ શાસ્ત્રોમાં મોક્ષની સાધનાનો - મુક્તિમાર્ગનો જે ક્રમિક માર્ગ સૂચવાયેલો છે, તેવો વૈજ્ઞાનિક, સક્રિય અને ક્રમિકમાર્ગ ષડ્દર્શનમાં બીજે કયાંય જોવા મળતો નથી.

કેટલાં ભાગ્યવંત કે મુક્તિમાર્ગ દર્શાવનાર દેવ-ગુરૂ-ધર્મ આપણને મળ્યાં છે! પૂજ્ય ગુરૂમહારાજે આપણો આત્મા કર્મરહિત થઈ મુક્તિ સાથે જોડાય, તેવી ખેવના રાખીને લખેલ આ રોજનીશીઓ ભવભ્રમણને હવે પરિમિત કરી દે, તેવા મનોરથ સહ...

વડોદરા/મુંબઈ

સી. કે. મહેતા












भवदनुग्रहलेशतरङ्गिता-स्तदुचितं प्रवदन्ति विपश्चितः ।
नृपसभासु यतः कमलाबला-कुचकलाललनानि वितन्वते ॥

श्री

સં. ૨૦૨૯, અષાડ વદી ૮, સોમવાર

તા. 23 - 7 - 73, ઉણાવા (રાજસ્થાન)

अनन्तानन्तसंसारसंतति - छेदकारणम्।
जिनराजपदाम्भोजस्मरणं शरणं मम ॥१॥ સ્તુતિઃ

અનંતાનંત સંસારની પરંપરાને છેદવાનું કારણ શ્રી પરમાત્માના ચરણકમળનું સ્મરણ મને શરણભૂત હો.

## વર્ણમાળા અને મંત્રો

નવકાર મંત્રના જાપ દ્વારા ગણનારના શરીરની આજુબાજુ એવું 'આભામંડળ' સર્જાય છે કે તેને ગણનારો મોટાં પાપ કરી શકતો જ નથી.

ગાયત્રી મંત્ર એ જેમ બુદ્ધિનો મંત્ર ગણાય છે, તેમ નવકાર મંત્ર એ નિષ્પાપ થવાનો મંત્ર છે.

એકેક જ્ઞાનની તો જાણકારી ચારિત્રની વૃદ્ધિ અનુભવાય છે.

વર્ણમાળાના પ્રત્યેક અક્ષર મંત્રોનાં બીજ કે યંત્રો છે.

તે ધ્વનિ - ઉચ્ચારણરૂપે બીજ અને
લિપિ - આકૃતિ રૂપે યંત્ર છે.

તે તે મંત્રદેવતાનાં જેમ બીજ યા આકૃતિ હોય છે, તેમ પ્રત્યેક અંક અને તેની આકૃતિ પણ ચોક્કસ દેવતાઓની સાથે સંબંધ ધરાવે છે.

સાથીને પણ સાંકેતાત્મક આકૃતિ કે ચિહ્ન કહી શકાય.
તેમાં રહેલો ચાર આંકડા ચાર પ્રકૃતિનો સૂચક છે,
તેમ એની સંખ્યાનું પણ વૈશિષ્ટ્ય સંભવે છે.
સમગ્ર વિશ્વ જેમ અક્ષરાત્મક છે, તેમ સંખ્યાત્મક પણ છે,
એમ ગ્રીક તત્ત્વવેત્તા Pythogorasનું માનવું છે.
દેવતાત્મકં હિ મંત્રમ્ । મંત્ર એ દેવતાનો આત્મા છે.
મંત્રાત્મકં હિ દૈવતમ્ । મંત્ર એ દેવતાનું શરીર છે.
મંત્ર વડે જ દેવતાનું આહ્વાન અને વિસર્જન થાય છે.
નવકારમંત્રની ઉપાસના એક વૈશિષ્ટ્યપૂર્ણ ઉપાસના છે.
પ્રત્યેક દેવતાના વિશિષ્ટ નવકાર હોય છે.
તે તે અક્ષરોના ઉચ્ચારણ વડે
જે સામર્થ્ય નિષ્પન્ન થાય છે, તે તે દેવતાનું જ સ્વરૂપ છે.
દેવતા પોતે મંત્રરૂપ હોવાથી
'નવકારમંત્ર' એ નામ સાર્થક છે. યંત્ર એ દેવતાનો
દેહ છે અને લક્ષ એ દેવતાનું વાહન યા વ્યાસપીઠ છે.
ॐ = આત્મૌપમ્ય = 3 યોગ - 3 કરણથી દુષ્કૃતગર્હા.
અર્હં = પરમાત્મૌપમ્ય = ૭ ધાતુ - ૨૦ સ્થાનકથી દરેક
સુકૃતોની અનુમોદના. નમઃ = સર્વાત્મૌપમ્ય = 3॥
ક્રોડ રોમના અસંખ્ય પ્રદેશો દ્વારા શરણાગમનમ્.

**મલધારી શ્રી રાજશેખરસૂરિ કૃત તપાગચ્છીય શ્રી સૂરિમંત્ર**

**પાંચ પીઠમાં કુલ ૨૪૦ વર્ણ**

૧લી વિદ્યાપીઠ અધિષ્ઠાયિકા સરસ્વતી દેવી, વર્ણ - ૧૧૬.

૨જી પીઠ ત્રિભુવન સ્વામીની દેવી - મહાવિદ્યા,

બે વિદ્યાઓ ૨૦ + ૨૪ = ૪૪ વર્ણ.

૩જી પીઠ ગણિપિટક યક્ષરાજ, વર્ણ - ૩૨.

૪થી પીઠ શ્રીદેવી, વર્ણ - ૨૩.

૫મી પીઠ ૬૪ ઈન્દ્રાદિ, વર્ણ - ૨૫.

૧૧૬ + ૪૪ + ૩૨ + ૨૩ + ૨૫ = કુલ ૨૪૦ વર્ણ.

પાંચમી પીઠના અધિષ્ઠાયકો ૬૪ ઈંદ્રો, ૧૬ વિદ્યાદેવીઓ, ૨૪ યક્ષ, ૨૪ યક્ષિણી, દિક્પાલ વગેરે છે. ગૌતમસ્વામી પાંચે પીઠના સ્વામી તરીકે પરમાર્હંત્ સ્વરૂપ ગણાય છે, માટે ગૌતમસ્વામીજી પાંચે પીઠના સ્વામી છે.

'અર્હં' એ આર્હંત ભગવંતનું સ્વરૂપ હોઈ સૂરિમંત્ર - સિદ્ધચક્ર એ બધાનું બીજક ગણાય છે.

પ્રભાવક આચાર્ય જો પૂરા નિષ્ઠાવાન હોય, તો તેમને બધા સંશયોની પ્રાપ્તિ થાય છે. ગણિપિટક યક્ષરાજ હોવાથી તે 'મંત્રપીઠ' કહેવાય છે. પાંચમી પીઠ મંત્રરાજ અથવા મેરુપીઠ ગણાય છે, તેમાં મેરુઓની આરાધના છે.

પાંચે પીઠનો જાપ સાર્થ કરવાનો અને
તે કર્યા પછી પાંચમા પીઠના જાપની માળા જૂદી ગણવી.

અરિહંતપદનાં ૧૬ અંશ,
ગણધરપદનાં ૧૩ અંશ - કર્મોદયજનિત,
અવધિ - પરમાવધિ ૧૧ અંશ,
ઋજુ - વિપુલમતિ ૧૦ અંશ,
કુલ ૫૦ અંશ થયા. ચૌદપૂર્વી - દશપૂર્વી ૮ અંશ.

'વિદ્યા' શબ્દનો અર્થ 'જ્ઞાનાત્મિકા વિદ્યા' નહિ,
પરન્તુ 'મંત્ર સ્વરૂપિણી અક્ષરાત્મિકા વિદ્યા' સમજવો.

મંત્ર અને વિદ્યાઓના જાપની જેમ
સૂરિમંત્રના અનુષ્ઠાનનો મુખ્ય ઉદ્દેશ તથા ફલાદેશ
પણ મુખ્યતયા કર્મનિર્જરા જ છે.

જાંગુલિવિદ્યા એ મહાવિદ્યા છે, વાગ્વાદિવિદ્યા એ
સૌભાગ્યવિદ્યા છે, ચતુર્થ ઉપવિદ્યા છે, અક્ષર ૨૩ છે.

વિજયા - જયા - જયન્તી - નંદા - ભદ્રા
પરિવાર સહિત અધિષ્ઠાત્રી શ્રીદેવી છે.

पुस्तके लिखिता विद्या, येन सुन्दरि ! जप्यते ।
सिद्धिं न जायते तस्याः कल्पकोटिशतैरपि ॥

(ભાષાંતર માટે જુઓ પરિશિષ્ટ-૧)

શ્રી સિંહતિલકસૂરિજી શ્લોક ૨૨માં ફરમાવે છે કે:
'અર્હત્સ્વરૂપ મેરુના અગ્રભાગે ગુરુ પણ તદ્રૂપ છે, વગેરે...' આથી 'અર્હં' મંત્ર એ મંત્રરાજ નથી, પરન્તુ અર્હત્સ્વરૂપ પંચ મેરુ છે, તેથી પાંચમા પીઠ મંત્રરાજ છે.

શ્રી જિનપ્રભસૂરિજી પંચમપીઠના વિવરણમાં ફરમાવે છે કે:
'મંત્રરાજ પીઠ ભગવાન અર્હત્સ્વરૂપ છે, તો પછી તેને સૂરિમંત્ર કેમ કહેવાય? સાચું છે (તારી વાત સત્ય છે).'

અહીં ગુરુ - શિષ્ય વચ્ચે ભેદ ન હોવાથી
ગુરુ અર્હન્ છે અને શિષ્યો ગણધર છે.
ગણધરોના કરેલાને અર્હન્તો પણ બાધિત કરતાં નથી,
તેથી સૂરિમંત્ર 'મંત્રરાજ' છે.

'પંચમપીઠને 'મંત્રરાજ' શબ્દથી સંબોધાય છે.'
તેનો ભાવાર્થ એ થશે કે 'મંત્રરાજ' નામક પંચમપીઠ તે સૂરિમંત્ર છે, ઉપરાંત ચાર પીઠ તેનો પરિવાર છે. અહીં નીચેના શ્લોકમાં આચાર્યમેરુને 'અર્હત્' શબ્દથી વાચ્ય કરેલ છે, એટલે પંચમપીઠ કે જે અર્હત્સ્વરૂપ છે અને જેનું નામ 'મંત્રરાજ' છે, તે સૂરિમંત્ર છે.

परमेष्ठिपंचनिर्मितजिनमेरुआचार्यमेरुमर्हन्तं ।
त्रैलोक्य श्री बीजं सर्वं ध्यायति स सर्ववित् ॥ (परिशिष्ट-२)

સૂરિમંત્રની પાંચ પીઠોમાં પાંચમા 'મંત્રરાજ' પીઠ છે.
આ મંત્રરાજ અરિહંતરૂપ છે, એટલે
આ ખરેખર અરિહંત મંત્ર છે, છતાં એને સૂરિમંત્ર એટલા
માટે કહેવામાં આવે છે કે અરિહંત ભગવાન ગુરુ છે
અને ગણધરો તેમના શિષ્ય છે.
ગુરુપદ બની જવાથી ગુરુભક્ત શિષ્યો (ગણધરો) પણ
તીર્થંકરરૂપ છે, તેથી આ મંત્રને 'સૂરિમંત્ર' કહેવાય છે.
સૂરિમંત્રના રહસ્ય રૂપે તેના
સ્વરૂપ, અભિધેય (અર્થ), તાત્પર્ય, વિધિ તથા તત્ત્વનો
યથાયોગ્ય સ્ફુટ કરવામાં આવ્યો છે,
તેથી ગ્રન્થનું નામ પણ 'મંત્રરાજ રહસ્ય' રાખ્યું છે.
૬૨૬ પદ્યોનો આ ગ્રન્થ વિ.સં. ૧૩૨૭માં રચાયો હતો.

રહસ્યભૂત અર્થના ૭ પ્રકાર

(૧) સ્વરૂપ (૨) અભિધેય (૩) તાત્પર્ય (૪) યોગક્ષેમ
(૫) વિધિ (૬) પ્રણિધાન અને (૭) તત્ત્વ.

(૧) નવકારના પ્રથમ પદનું સ્વરૂપ

એક આલાવો, ત્રણ પદ, સાત અક્ષર.
પંચમંગલ મહાશ્રુતસ્કંધનું પ્રથમ અધ્યયન:
બે બિન્દુ, ૭ સ્વર, ૬ વ્યંજન, ૧૧ માત્રા, ૩ પદ.

श्री

(૨) <u>નવકારના પ્રથમ પદનો અભિધેય - અર્થ</u>

નમો = દ્રવ્ય - ભાવસંકોચ, અવ્યય - પોઢગણન.

અરિહંતાણં = પરમેશ્વર પરમર્ષિ, પરમપુરુષ - પરમાત્મા.

દ્રવ્યસંકોચ કાયાનો તથા ભાવસંકોચ મનનો.

દ્રવ્યસંકોચ કાયાનો અર્થાત્ ત્રણ કરણ - ત્રણ યોગ,
સાત ધાતુ, ૧૦ પ્રાણ અને 3।। ક્રોડ રોમાદિનો સંકોચ.

મનનો ભાવસંકોચ = મન - બુદ્ધિ - ચિત્ત - અહંનો સંકોચ.

(3) <u>નવકારના પ્રથમ પદનું તાત્પર્ય</u>

નામ વડે નાદાનુસંધાન, રૂપ વડે અર્થાનુસંધાન,
દ્રવ્ય વડે તત્ત્વાનુસંધાન, ભાવ વડે સ્વરૂપાનુસંધાન.
અનંતગમ - પર્યાય પ્રસાધક મહામંત્રો અને પ્રવરવિદ્યાઓનું
બીજભૂત પરમસ્તુતિવાદ, સદ્ભૂત ગુણોત્કીર્તન.

(૪) <u>નવકારના પ્રથમ પદનું ફળ - યોગક્ષેમ</u>

આ લોક - પરલોકનાં સુખ, વિઘ્નવિનાશ
મંગળનું આગમન અને પરંપરાએ મોક્ષ.

(૫) <u>નવકારના પ્રથમ પદની વિધિ</u>

સતત ઉપયોગ, અર્થવિચારણા, આલંબન પ્રત્યે આદર,
દુર્લભ અવસરનો હર્ષ, ભવભ્રમણનો ખેદ,
વિસ્મય, પુલક, પ્રમોદાદિ.

શ્રુતજ્ઞાનના આચારોનું પાલન,
સ્થાન - વર્ણાદિ, શ્રદ્ધા - મેધાદિ, ઇચ્છા - પ્રવૃત્ત્યાદિ,
મૈત્રી - પ્રમોદાદિ અને પ્રીતિ - ભક્ત્યાદિ.

(૬) <u>નવકારના પ્રથમ પદનું પ્રણિધાન</u>
(સંભેદ) શબ્દબ્રહ્મ, કર્તવ્યતાનો નિશ્ચય,
વાચકપદ સાથે ધ્યાતાનો સંબંધ - ધ્યાનાવેશ.
'મહિ તદ્રૂપમ્ ।' સોઽહં ભાવ.

(૭) <u>નવકારના પ્રથમ પદનું તત્ત્વ</u>
(અભેદ) પરબ્રહ્મ, વાચ્યાર્થ પ્રથમ પરમેષ્ઠિ સાથે
ધ્યાતાનો એકીભાવ - 'સ એવાઽહં' 'ૐ'!

<u>ગુરુ - ગુરુઓને નમસ્કાર શાથી ?</u>
ye shall enter the Kingdom of
Heaven through right - eous - ness.
ન્યાયબુદ્ધિ અને નમસ્કાર - અવિનાભૂત છે.
નમસ્કાર એટલે જ ન્યાયબુદ્ધિ.
અંતરાત્મભાવ - Holiness તે એનું બનીને
પરમાત્મભાવ - wholeness તરફ લઈ જાય છે.
'Holiness leads to wholeness'
અધિક ગુણીને નમસ્કાર કરવા પડે જ ગુણી થવાય છે.

ગુણ પ્રત્યે મધ્યસ્થ રહેવું, તે પણ દોષ - અપરાધ છે,
તે અપરાધથી મુક્ત થવા માટે ગુણ - ગુણીને નમસ્કાર છે.

## નમસ્કારનો બીજો પર્યાય

ગુણ - ગુણી ઉપર સ્નેહનો પરિણામ છે.
સ્નેહને અપાત્ર એવા વિષયો ઉપર સ્નેહભાવ હોવો
અને સ્નેહને પાત્ર વસ્તુ પ્રત્યે સ્નેહભાવ ન હોવો,
તે દોષ છે, નીતિના વિરુદ્ધ છે, તેનાથી બચાવનાર
પરમેષ્ઠિ નમસ્કારના પરિણામ હોવાથી તે ન્યાય્ય છે,
અંતરાત્મભાવ પામ્યાની તે નિશાની છે અને
પરમાત્મભાવ પામવાની તે પ્રતીતિ છે.

નમસ્કારમાં ન્યાયબુદ્ધિ છે, નિષ્પક્ષપાતવૃત્તિ છે,
તટસ્થતા - મધ્યસ્થતા - રાગદ્વેષવિમુક્તતા છે.
નમસ્કારમાં જેમ ન્યાયબુદ્ધિ છે, તેમ સામ, સમ, સમ્મ-
રૂપ ત્રણે પરિણામ ન્યાયબુદ્ધિયુક્ત ભાવમાં જ સંભવે છે.

સર્વ જીવોમાં જીવત્વ સમાન છે અને
સૌ કોઈ જીવ સુખને ઇચ્છે છે, દુઃખને નહિ ઇચ્છતા,
તેથી ન્યાયબુદ્ધિવાળો જીવ સર્વ પ્રત્યે સમાન ભાવને
ધારણ કરી પોતાની જેમ જ સર્વનાં સુખની અને
સર્વના અવિનશ્વરસુખની ઇચ્છા કરે છે, તે ઉપરાંત

એ જ રીતે 'સુખ - દુઃખ ઉભય, જે શુભાશુભ કર્મના
સમાન રીતે વિપાક છે' એમ માની સુખ - દુઃખમાં
સમ રહી શકે છે. ન્યાયબુદ્ધિ શીખવે છે કે સુખ અને
દુઃખ - ઉભયથી અલિપ્ત રહેવાની વૃત્તિ કેમ કેળવવી?

એમ સુખ - દુઃખ અનાત્મભાવ છે, તેમ
જ્ઞાન - ક્રિયા, દર્શન, તપ, અહિંસા, સંયમાદિ ગુણો -
એ બધાં આત્મધર્મ છે, તેથી સૌ ઉપર સમાન પક્ષપાત
કેળવવા કહીને પોતાની ન્યાયબુદ્ધિને જાગતી રાખે છે.

એ ઉપરથી ધર્મમાત્રમાં ન્યાયબુદ્ધિ અનુસ્યૂત છે,
તેને જ 'માર્ગાનુસારી બુદ્ધિ' કહેલી છે.

તે પોતાની ભૂલનો સ્વીકાર કરવા જેટલો તત્પર છે,
તેટલો બીજાના ગુણનો સ્વીકાર કરવા તૈયાર રહે છે.

ન્યાયસંપન્ન વૈભવથી માંડી સર્વ વાતમાં અને
સર્વ વિચારોના સત્ય ઉપર સમાન પક્ષપાત કેળવવા
કરવારૂપ ન્યાયબુદ્ધિ - એ જ મોક્ષનો માર્ગ બને છે.
વળી અહિંસા, સંયમ, તપની એમ જ અનેકાન્તવાદ
સમત્વપોષક હોવાથી તેને મોક્ષમાર્ગમાં મહત્ત્વનું સ્થાન છે.

તદાકાર ઉપયોગ એ સંભેદપ્રણિધાન તથા
ઉપયોગાકાર આત્મા એ અભેદપ્રણિધાન.

શ્રી

વિધિ, વિશ્વાસ, ઇચ્છા, પ્રયત્ન વડે
તદાકાર ઉપયોગરૂપ ધ્યાન હોય, તે પ્રથમ પ્રણિધાનમાં
શ્રદ્ધા - મેધાદિ, ઇચ્છા - પ્રવૃત્ત્યાદિ, પ્રીતિ - ભક્ત્યાદિ,
મૈત્રી - મુદિતાદિ, ધ્યાન - વર્ણાદિ આલંબનો ઉપકારક છે.

દ્વિતીય પ્રણિધાન પ્રથમમાં સ્થિરતારૂપ છે,
તે જ અભેદ નમો તાત્ત્વિક નમસ્કાર છે.
નમસ્કાર જે શ્રેષ્ઠ એવું નવું પુણ્ય છે, તેમાં કારણ
તદ્રૂપતા - તન્મયતા પરમેષ્ઠિ ભગવંતો સાથે હોય છે.

ભાવનમસ્કાર એ તદ્રૂપતા સ્વરૂપ છે તથા
પરમાં સ્વનું વિસર્જન એ પુણ્યનો હેતુ છે.
આત્મા અને આત્મીયનું પર અને પરકીયમાં
વિનિમયીકરણ કરવું, તે પુણ્યકર્મ છે તથા
પર અને પરકીયનું આત્મા અને આત્મીયમાં
અર્જન કરવાની પ્રવૃત્તિ, તે પાપપ્રવૃત્તિ છે.

પારકાના ધનને પોતાનું ધન માનવું કે
પારકાની સ્ત્રીને પોતાની સ્ત્રી માનવી, તે પાપ છે.
જે રીતે સ્વધનને પરધન બનાવવું અને
સ્વસ્ત્રીનો પણ પોતાના ભોગસુખ માટે ત્યાગ કરવો,
તે પુણ્યપ્રવૃત્તિ છે, બરાબર તેવી જ રીતે પોતાના

મન - વચન - કાયાનો પરને માટે ઉપયોગ કરવો, તે
પુણ્ય છે, તેમાં આત્માનું પરમાં વિસર્જન થાય છે.
નવમા નમસ્કાર પુણ્યમાં આત્માનું પરમાત્મામાં
વિસર્જન - વિલોપન થાય છે, તેથી તે સર્વોત્કૃષ્ટ પુણ્ય છે.

મંત્રનું મંત્રત્વ તન્મયતામાં - તદ્રૂપતામાં છે,
તેનું જ નામ મંત્રચૈતન્ય કે મંત્રનું દેવત્વ - દિવ્યત્વ છે.

મનપુણ્ય કરતાં નમસ્કાર પુણ્યમાં વિશેષતા એ છે કે
મંત્રદેવતામાં આત્માની સમર્પિતતા છે.

તચ્ચિત્તે, તમ્મણે, તલ્લેસે, તદજ્ઝવસિએ, તત્તિવ્વજ્ઝવસાણે,
તદટ્ઠોવઉત્તે, તદપ્પિયકરણે, તબ્ભાવણા ભાવિએ ।
વગેરે વિશેષણો જ્યારે તદ્રૂપતાને લાગુ પડે છે,
ત્યારે તે ઉત્કૃષ્ટ પુણ્યરૂપ બને છે.

Experiment & experience એ સાચો માર્ગ છે.

ચિત્તશુદ્ધિ અને એકાગ્રતા માટે અનેક માર્ગ છે,
જેને જે અનુકૂળ આવે, તેને તે સાધી શકે છે.
શારીરિક અને માનસિક બંધારણ મુજબ
જે પ્રક્રિયા અનુકૂળ આવે, તે ઝટ ફાયદો કરે છે.

સર્વજ્ઞ આત્મદર્શન એ વિશ્વનું સાચું દર્શન છે.
સર્વજ્ઞ આત્માસ્તિત્વ એ વિશ્વનું સાચું અસ્તિત્વ છે.

श्री

<u>નમસ્કાર મંત્ર શુદ્ધ ચિદ્રૂપ હોવાથી મૃત્યુંજય મંત્ર છે.</u>

'ॐ ह्रीं अर्हं सद्गुरुदेव - परमात्मने नमः ।'

ॐ त्र्यम्बकं यजामहे सुगन्धिं पुष्टिवर्धनम् ।
उर्वारुकमिव बन्धनात् मृत्योर्मुक्षीय माऽमृतात् ॥१॥

<u>અર્થ</u>: જ્ઞાનરૂપી સુગંધવાળા અને આત્મબળ વધારનારા એવા ૩ નેત્રયુક્ત શંકર ભગવાનનું હું આરાધન કરું છું કે જેથી પાકેલું ફળ જેમ વેલામાંથી આપોઆપ ખરી પડે, તેમ હું પણ જન્મ - મરણ આપનાર સંસારવૃક્ષથી આપોઆપ છૂટો થઈ જાઉં પણ અજરામર પરમાત્મ-સ્વરૂપથી અળગો ન પડું - તે સ્વરૂપનું ભાન ન ભૂલું.

શંકરનું સ્વરૂપ જ્ઞાન - વૈરાગ્યમય છે, તેથી તેનું ધ્યાન તો શું પણ તેનો ખરો ખ્યાલ આવતાં જ સાચા જ્ઞાનની સુગંધ અંતઃકરણમાં સ્ફુરી જ ઉઠે છે. પરિણામે તેના આરાધનથી પોતાના તેમ પરમાત્માના અમૃતસ્વરૂપનું ભાન થતાં આત્મામાં પ્રસન્ન રહેવાનું બળ જીવાત્મા પામે છે. વિનાશી જગતથી આપોઆપ વૈરાગ્ય આવી જાય છે તથા વિના કષ્ટે સંસાર છૂટી જાય છે, તેથી આનું 'મૃત્યુંજય મંત્ર' નામ યથાર્થ છે. મંત્રના ભાવનું રટણ કરવાપૂર્વક તેનો જાપ કરવો.

(૭) જિહ્વા અને જનનેન્દ્રિયનો સીધો - સામો સંબંધ છે. બંનેનો સંયમ - સદુપયોગ મુક્તિ અપાવે છે, અસંયમ તથા દુરુપયોગ આ લોક-પરલોક બંને બગાડે છે. બંને એકી સંખ્યામાં છે, કાર્ય બે કરે છે. બેમાંથી એકેને અસ્થિ નથી.

(૮) સર્વત્ર બ્રહ્મદર્શન એ સાચું બ્રહ્મચર્યપાલન છે.

'જ્યાં દ્વૈત દેખાયું, ત્યાં બ્રહ્મચર્યનું ખંડન થયું.'

આ સૂક્ષ્મ અર્થ છે - સ્થૂલબિંદુનું સંરક્ષણ છે. અન્નમાંથી રસ, રસમાંથી રક્ત, રક્તમાંથી રેતસ અને રેતસમાંથી ઓજસ બને છે. ઓજસનું મુખ્ય સ્થાન સહસ્રાર ચક્ર છે. ઓજસમાં આકર્ષણ શક્તિ છે, સ્વ તથા સમષ્ટિના પ્રાણ અને મનને તે આકર્ષી શકે છે.

ધ્યાન સમયે મૂલાધારસ્થ કુંડલિની શક્તિ ઓજસથી આકર્ષાઈને સત્વર સહસ્રારસ્થ થાય છે. ઓજસથી મન, પ્રાણ અને શરીર - ત્રણે પુષ્ટ થવાથી સાધક તમામ પ્રત્યાઘાતોને સહેલાઈથી પચાવી શકે છે. શિષ્યમાં આ ઓજસ દ્વારા જ ગુરુ શક્તિ સંક્રમિત કરી શકે છે, માટે જ શક્તિપાત કરનારા ગુરુએ સાચા, બ્રહ્મચારી અને સર્વત્ર બ્રહ્મદર્શન કરનારા હોવા જોઈએ, અન્યથા તે ગુરુ પાખંડરૂપ છે.

(c) मरणं बिन्दुपातेन, जीवनं बिन्दुधारणात् ।
यावत्बिंदु स्थिरो देहे, तावत्कालभयं कुतः ॥

અર્થાત્: વીર્યબિંદુના પાતથી મૃત્યુ છે અને વીર્યબિંદુને ધારણ કરવાથી જીવન છે. જ્યાં સુધી વીર્યનું બિંદુ દેહમાં સ્થિર છે, ત્યાં સુધી મૃત્યુનો ભય ક્યાંથી?

बिन्दुश्चलति यस्यांगे, चित्तं तस्यैव चंचलं ।

અર્થાત્: જેના શરીરમાં બિંદુ સ્થિર નથી,
તેનું ચિત્ત પણ ચંચળ રહે છે.

चले बिन्दौ चले चित्ते चले वायौ च सर्वदा ।
जायते म्रियते लोकः सत्यं सत्यमिदं वचः ॥१॥
असिद्धं तं विजानीयात् नरमब्रह्मचारिणम् ।
जरामरणं संकीर्णं सर्वक्लेशसमाश्रयम् ॥२॥

અર્થાત્: બિંદુ, ચિત્ત, વાયુ હંમેશાં ચલ હોવાથી લોકો જન્મે છે અને મરે છે. આ વચન ખરેખર સત્ય છે.

અબ્રહ્મચારી મનુષ્યને અસિદ્ધ,
જરા-મૃત્યુયુક્ત અને સર્વ ક્લેશના આશ્રયવાળો જાણવો.

(d) આહારના સ્થૂળ અંશમાંથી અન્નમય કોષ અર્થાત્ સ્થૂળ શરીર બંધાય છે. એના સૂક્ષ્મ અંશમાંથી મનને પોષણ મળે છે, માટે હિત - મિત - પથ્ય અને

શુચિ આહાર લેવો જોઈએ. પ્રેમ ખોરાક મિલાવટ છે.
વિચાર, વાણી અને વ્યવહારની શુદ્ધિ અર્થાત્ દેહ,
પ્રાણ, મનની શુદ્ધિ વડે પ્રગતિ શીઘ્રાતિશીઘ્ર બને છે.

(૯) પ્રગતિ માટે ગુરુભક્તિ અખંડ જોઈએ.

શ્રદ્ધાવાન્ લભતે જ્ઞાનં, સંશયાત્મા વિનશ્યતિ ।

અર્થાત્: શ્રદ્ધાવાન જ્ઞાન પામે છે,
સંશય રાખે તો નુકસાન થાય છે.

તેથી ગુરુ, ગુરુજન અને સત્પુરુષો તથા સદ્ગ્રન્થોનો
સત્-સંગ રાખવો જોઈએ. ઉપરાંત વિજાતીય વ્યક્તિ
અથવા તો વસ્તુનો પડછાયો પણ ન લેવો જોઈએ.

અતદ્રૂપતાખ્યાનં મલઃ ।

તદ્રૂપતા વિષે શંકાવાણીથી ઉચ્ચારાય, ત્યારે તે વાણીનો
મળ છે અને મનથી વિચારાય તો તે મનનો મળ છે.

મલં અજ્ઞાનં । તસ્ય અતદ્રૂપતાખ્યાનં
મલો ગ્રન્થિઃ સંકીર્ત્યતે । -તંત્રાલોક

મળ અજ્ઞાન છે, અતદ્રૂપતાનું ભાન છે, વિષયાનુરાગ છે.

બિંદુધ્યાનમાં વાણીનો મળ જાય છે અને
સ્મરણમાં મનનો મળ જાય છે.

સાધક જ્યારે વાણી અને મનના મળથી મુક્ત થાય,

ત્યારે તેનો આધ્યાત્મિક વિકાસ થાય છે,
તે પછી વાસ્તવિક દૈવત્વ પ્રાપ્ત થાય છે.

'નિર્ગ્રન્થ પ્રવચન એક આત્મસ્વરૂપનો જ
પરમ ઉપદેશ કરે છે. તે અર્થ છે, પરમાર્થ છે,
તેને છોડીને જાણવું સર્વ અનર્થ છે, અનુપાદેય છે, હેય છે.'

## આત્મા છે સચ્ચિદાનંદ સ્વરૂપ

મનુષ્યને જે વસ્તુની ઇચ્છા થાય છે, તેનું અસ્તિત્વ
ઇચ્છા થવા પહેલાં રહે છે, માટે તેની ઇચ્છા થાય છે.
જીવવાની ઇચ્છા થાય છે, કેમકે આત્મા સત્સ્વરૂપ છે.
જાણવાની ઇચ્છા થાય છે, કેમકે આત્મા ચિત્સ્વરૂપ છે.
સુખની ઇચ્છા થાય છે, કેમકે આત્મા આનંદસ્વરૂપ છે.
સ્વાધીનતાની ઇચ્છા થાય છે, કેમકે આત્માનો નાદ
સ્વાધીન છે. સર્વને આધીન કરવાની ઇચ્છા થાય છે,
કેમકે આત્માની જ્ઞાનજ્યોતિ વિશ્વવ્યાપીની છે.
સચ્ચિદાનંદની પ્રાપ્તિ મનુષ્યયોનિમાં શક્ય છે.
મનુષ્યપણું એ કર્મભૂમિ છે,
અન્ય યોનિઓ ભોગભૂમિ છે.
ભોગભૂમિમાં કેવળ સુખ-દુઃખના ભોગ છે,
પરન્તુ તેમાંથી છૂટવાનો માર્ગ નથી.

પાંચે ઇંદ્રિયોને વશ કરનારો મનુષ્ય
પંચેન્દ્રિયત્વનું પાત્ર છે અને મોક્ષને સાધે છે,
પાંચે ઇંદ્રિયોને વશ થનારો મનુષ્ય એકેન્દ્રિયત્વનું
પ્રાપ્ત કરે છે અને અનંતભવમાં ભટકે છે.

## અભેદોપાસનાનું માહાત્મ્ય

Not one but two is the beginning;
not two but one is the end.
પ્રથમ દ્વૈત, પછી અદ્વૈત.
ભેદોપાસના એ પ્રારંભ - અભેદોપાસના એ અંત છે.
ઉપયોગ થઈ જવું અંતરંગ લક્ષણ છે,
પરસ્પરોપગ્રહ થઈ જવું બહિરંગ લક્ષણ છે.
બહિરંગ લક્ષણ એ દ્વૈતનું સૂચક છે,
અંતરંગ લક્ષણ એ અદ્વૈતનું સૂચક છે.

## સત્યમ્ - શિવમ્ - સુંદરમ્

નમસ્કાર એ વિવેકનું ફળ છે.
બુદ્ધિ એ તત્ત્વની પક્ષપાતિની છે,
વિવેક એ સત્યની પસંદગી છે,
વિવેક પ્રથમ સત્યને જાણી - પસંદ કરી સુંદર સ્વરૂપ
લઈ આવે છે અને પ્રકૃતિનો અનુભવ કરાવે છે.

સત્યની પાછળ શિવ અને સુંદર ચાલ્યા આવે છે.
સત્ય દ્વારા સંપૂર્ણ મનુષ્ય બની શકાય છે અને
મનુષ્યત્વ દ્વારા મનુષ્યની પેલે પાર જઈ શકાય છે.

અસત્યમાંથી સત્યને પસંદ કરવાની તાકાત છે.

મનુષ્યત્વ એટલે પસંદગીની અનંત શક્યતા.

## શ્રુતધર્મ અને ચારિત્રધર્મ

મોટરમાં બે યંત્ર હોય: એક દિશાસૂચક, બીજું ગતિવર્ધક.
શ્રુતધર્મ દિશાસૂચક છે, ચારિત્રધર્મ ગતિવર્ધક છે.

એક અધ્યાત્મ છે, બીજો યોગ છે.

સામ તથા સમ શ્રુતધર્મ છે, સમત્વ એ ચારિત્રધર્મ છે.

ધર્મના બે પ્રકાર છે: શ્રુત અને ચારિત્ર.

શ્રુત એ નાદનું શ્રવણ છે, ચારિત્ર એ જ્યોતિનું દર્શન છે.
શ્રવણથી આત્મૌપમ્ય - દર્શનથી ઔદાસિન્યભાવ જાગે છે.
આત્મૌપમ્યથી દાન - દયા - અહિંસાદિ ધર્મોની ઉત્પત્તિ છે,
ઔદાસિન્યથી તપ, ત્યાગ અને સંયમની ઉત્પત્તિ છે.

ચારિત્ર એ સાત્ત્વિક સમભાવ છે.

(૧) સત્ત્વગુણ = સાત્ત્વિક જ્ઞાતૃત્વ.
(૨) રજોગુણ = સાત્ત્વિક કર્તૃત્વ.
(3) તમોગુણ = સાત્ત્વિક ભોક્તૃત્વ.

શ્રી

## નાદ અને જ્યોતિ બાબતે છે શું ?

નાદ એ યોગક્રિયા છે, જ્યોતિ એ ઉપયોગક્રિયા છે.
નાદ એ ધ્વનિ છે, જ્યોતિ એ પ્રકાશ છે.
નાદ એ શબ્દ છે, જ્યોતિ એ અર્થ છે.
નાદમાં નિર્વિકલ્પતા છે, જ્યોતિમાં સ્વપ્રકાશકતા છે.
નાદ એ નામ છે, જ્યોતિ એ રૂપ છે.
નાદમાં દયા છે, જ્યોતિમાં ક્ષમા છે.
દયા માટે આત્મૌપમ્ય અને ક્ષમા માટે ઔદાર્ય અપેક્ષિત છે.
નિર્વિકલ્પતા ક્રિયાસાધ્ય છે અને એકતા જ્ઞાનસાધ્ય છે.
નિર્વિકલ્પ સમાધિ દ્વારા જીવ તથા બ્રહ્મની
એકતાનો અનુભવ, તે મોક્ષનું સાક્ષાત્ કારણ છે.

નાદ - બિન્દુ - કલા

नादः = कांस्य घंटानिर्ह्रादवदनुरणनं नादः ।
बिन्दुः = अनुस्वारोत्तर भावी ध्वनिः ।
कलाः = नादैक देशः ।

નાદ = Life, જ્યોતિ = light (બિંદુ), કલા = Love.
શબ્દોનું પોતાનું આગવું મહત્ત્વ નથી, પરન્તુ શબ્દોની પાછળ જે અનુસંધાન ક્રિયા થાય છે અને સંધિથી જે જ્યોતિ કે આત્માનુભૂતિ પ્રગટે છે, તેનું મહત્ત્વ છે.

નામ વડે નાદ અને નાભી વડે જ્યોતિ પ્રગટે છે. સંસારસંબંધી અર્થ અને કામની વાસના જેમ નામ અને રૂપના આલંબનથી પ્રગટે છે, તેમ મોક્ષસંબંધી ધર્મની ભાવના પણ નામરૂપથી જ જાગે છે. નામ એ મંત્રરૂપ છે અને રૂપ એ મૂર્તિરૂપે સ્થૂલ રૂપથી અને જ્યોતિરૂપે સૂક્ષ્મ રૂપથી પ્રગટ થાય છે.

શબ્દ - અર્થ - તાત્પર્ય

પ્રથમ શબ્દ, પછી શબ્દવાચ્યઅર્થ - અર્થાકાર ઉપયોગ, છેવટે ઉપયોગાકાર આત્મા.

શબ્દ = વ્યંજન = વૈખરી.

વાચ્ય = અર્થ = મધ્યમા.

તાત્પર્ય = તદ્રુપ = પશ્યન્તી.

અહિં શબ્દ જેમ શબ્દાકાર ઉપયોગમાં સાધન છે, તેમ ઉપયોગ એ ઉપયોગાકાર આત્માના લાભમાં સાધન છે.

પ્રવચન = શબ્દ, અર્થ = શબ્દવાચ્ય અર્થ.

પરમાર્થ = અર્થાકાર જ્ઞાન અર્થાત Informatory or not essential knowledge અને તેનાથી અભિન્ન આત્મા અર્થાત Substantial or essential knowledge.

ઉઝાવા, સં. ૨૦૨૯, ભાદરવા સુદ ૧૧, શનિવાર

'ૐ અર્હં નમઃ ।'

'નમો અરિહંતાણં ।'

શબ્દવાચિક પદ - વૈખરી, અર્થ ચિંતનિક પદ - મધ્યમા,

તાત્પર્ય નિશ્ચિત - વિમર્શ - પરામર્શ,

ઐદંપર્યાર્થ - પશ્યન્તી.

| | | | |
|---|---|---|---|
| સ્થૂલનાદ | - વૈખરી | - પિંડસ્થધ્યેય | - શબ્દ |
| મનોનાદ | - મધ્યમા | - પદસ્થધ્યેય | - અર્થ |
| વિજ્ઞાનનાદ | - પશ્યન્તી | - રૂપસ્થધ્યેય | - ઉપયોગ |
| આનંદનાદ | - પરા | - રૂપાતીતધ્યેય | - આત્મા. |

o

| | | |
|---|---|---|
| સ્વરૂપ | - વૈખરી | - સ્વરૂપ |
| અભિધેય | - મધ્યમા | - અભિધેય |
| તાત્પર્ય | - પશ્યન્તી | - અર્થાકાર ઉપયોગ |
| તત્ત્વ | - પરા | - ઉપયોગાકાર આત્મા. |

o

આત્માકાર પરમાત્મા છે - રૂપ, વિધિ, પ્રાતિહાર્ય.

અ - અર્ = ગતિવાચક, હં = મહાપ્રભુ.

અર્હં = અર્ચ્ય - મહાપ્રભુ - અર્હં.

શબ્દ એ દ્રવ્યશ્રુત, અર્થ એ આગમથી ભાવશ્રુત તથા
તાત્પર્ય એ નોઆગમથી ભાવશ્રુત છે.

પ્રથમ અક્ષરદર્શન, પછી અર્થદર્શન, પછી અક્ષરઆલ્હાદ
એ બધું મોટામાં મોટો યોગ છે.

ક્રિયાયોગ જ ધ્યાન છે, જેથી અભાવ જવાની આશા
નથી, કેમકે તેમાં કૃતજ્ઞતાગુણને ઉત્પત્તિ થવાનો સંભવ છે.
કૃતજ્ઞતા ગુણ એ ભેદના ઘરનો છે.

જીવ સંસારમાં અભેદ પ્રણિધાન કરી રહ્યો છે, તેમાંથી
છૂટવા માટેનું મુખ્ય આલંબન વીતરાગનું પ્રણિધાન છે.
ક્રિયાયોગ વડે તે સિદ્ધ થાય છે, કેમકે તેમાં
વીતરાગની આજ્ઞાના પાલનનો અધ્યવસાય ટકી રહે છે.
ક્રિયા વડે ક્રિયાને બતાવનાર શાસ્ત્રનું અને
એ શાસ્ત્રને કહેનાર વીતરાગનું પ્રણિધાન થાય છે,
તે જ સંસારની વાસનાથી છોડાવનાર છે.

o समानि = ज्ञानदर्शनचारित्राणि ।
तेषु अयनं गमनं समायः स एव सामायिकम् ।
सम्यक् शब्दार्थः समशब्दः ।
सम्यग् अयनं वर्तनम् समयः स एव सामायिकम् ।

o अत्त समं मन्निज्जा छप्पिकाये । (પરિશિષ્ટ-૩)

'णं वाक्यालंकारे |'

અલંકાર આકર્ષણ કરે છે અને ભાવોત્પાદક બને છે.
અલંકૃત સ્ત્રી આકર્ષણનું કારણ બને છે અને
અલંકૃત મૂર્તિ ભાવોત્પત્તિનું કારણ બને છે. મંત્રમાં પણ
'णं'કાર આકર્ષણનું તથા ભાવોત્પત્તિનું બીજ બને છે.
'ॐ अर्हं नमः |' એ આત્મસ્મરણ માટેનો મંત્ર છે.

'अर्हं = आत्मानम् |'

હું આત્મનું બહુમાનપૂર્વક સ્મરણ કરું છું.
આત્મા એ ગુણધામ છે અને સર્વનું રક્ષણ કરે છે.

આત્માને નમસ્કાર અર્થાત

'સર્વસ્વ તેનું છે' એવો નમ્રભાવે સ્વીકાર, તેથી
બહિરાત્મભાવ ટળી અંતરાત્મભાવની પ્રાપ્તિ થાય છે
તથા અંતરાત્મભાવમાં આવી જઈને
પરમાત્મભાવનું બહુમાનપૂર્વક પૂજન થાય છે.
એક આત્માને જાણવાથી સમગ્ર વિશ્વને જાણી શકાય.
જેણે આત્માને ન જાણ્યો,
તેનું સમગ્ર વિશ્વને જાણવું એ ન જાણ્યા બરાબર છે.

'ॐ अर्हं नमः |'

આ મંત્રના ભાવપૂર્વક સ્મરણાદિ દ્રવ્યભાવપૂજન થાય છે.

શ્રી

અરિહંતનો શબ્દ એમ દ્રવ્યથી મંત્રના પહોંચું અને
ભાવથી આત્મસ્વરૂપનું આત્મભાન કરાવે છે,
તેમ અરિહંતનું નામ પણ આત્મભાનનું કારણ છે.
નામ નામીની સાથે સંબંધ ધરાવે છે.
નામી અરિહંત સકલ વિશ્વથી જોડાયેલા છે, તેમ સૌના
આત્મા સાથે પણ ભાવ અને કરુણાથી જોડાયેલા છે.
તેમનું નામ વડે ઘણું સ્મરણ સહેલાઈથી
આત્મભાન કરાવે છે, વિશ્વ સાથે આત્મૌપમ્યભાવથી
જોડે છે તથા આત્મા સાથે અભેદભાવ ઉત્પન્ન કરે છે,
જે આત્મસમાપત્તિરૂપ થઈ મોક્ષનું કારણ બને છે.
'ૐ અર્હં નમઃ ।' મંત્રમાં ૐ એટલે સંગ્રહનય વડે
ઊર્ધ્વતાસામાન્ય અને તિર્યક્સામાન્યરૂપ આત્મદ્રવ્ય,
અર્હં એટલે સર્વોત્કૃષ્ટ શુદ્ધ આત્મપર્યાય અને
નમઃ એટલે શુદ્ધ આત્મદ્રવ્ય અને પર્યાય સાથે
તન્મયભાવે મળેલો શુભોપયોગરૂપ પર્યાય.
અર્હં = નોઆગમથી ભાવનિક્ષેપ રૂપી પર્યાય અને
નમઃ = એ આગમથી ભાવનિક્ષેપ રૂપી પર્યાય.
'અર્હં' એ શબ્દ, અંતરસ્મરણ વડે અરિહંતપરમાત્માનું
ભાન કરાવે છે તથા અર્હદાકાર ઉપયોગને જગાવે છે.

સર્વાકાર ઉપયોગમાંથી ઉપયોગાકાર આત્મધ્યાન બને અને આત્માકાર ઉપયોગમાંથી પરમાત્માકાર ઉપયોગ-બોધ ઉત્પન્ન થાય છે. પરમાત્માકાર ઉપયોગ એ જ અનાહત નાદ અને એમાંથી પરમ સામ્ય બને છે.

પરમ સામ્ય એ મુક્તિનો પરમ ઉપાય છે.

ૐ અર્હં નમઃ । એ અલ્પ 'અહં'ને છોડીને
વ્યાપક આત્માને સ્વીકારવાના અર્થમાં છે.

મંત્રના શબ્દોનું આલંબન લેવાથી આત્મામાં રહેલી શક્તિ ગતિ કરે છે એટલે કે ક્રિયાશીલ બને છે.

એ નાદશક્તિ જ્યોતિની સાથે સંબંધ ધરાવે છે
તથા જ્યોતિ એ ઉપયોગસ્વરૂપ છે.

નાદથી અંતરાય કર્મો તૂટે છે, જ્યોતિથી જ્ઞાનાવરણીય કર્મો તૂટે અને મોહનીયાદિ કુલ કર્મો ક્ષય પામે છે.

અર્હં એ નાદરૂપ શબ્દબ્રહ્મ છે.

તેનો જાપ કરવાથી જ્યોતિરૂપ બ્રહ્મની પ્રાપ્તિ થાય છે,
તે પરમાનંદ સ્વરૂપમાં પરિણમન પામે છે.

શબ્દ - અર્થ - પ્રત્યય

(૧) અર્હં શબ્દ = સૂત્ર (૨) અર્હં અર્થ = અર્થ
(3) અર્હં પ્રત્યય = (સૂત્ર, અર્થ) તદુભય - પ્રતીતિ.

મંત્રચૈતન્ય એટલે સ્વરૂપમય નાદશક્તિનો આવિર્ભાવ.

જીવોની સાથે મૈત્રી તે સામ, કર્મની સાથે
શત્રુતા તે સમ અને આત્માનું બહુમાન તે સમ્મ છે.

સામ અને સમમાં શ્રુતોપયોગ પ્રધાન છે,
સમ્મમાં ચારિત્રરૂપી યોગવ્યાપારની મુખ્યતા છે.

અર્હં એટલે બ્રહ્મ - સ્વયંભૂ - મહેશ.

અર્હંની બીજ હરિ, હર અને બ્રહ્મ -
એ ત્રણે શબ્દોમાં અ + ર + હ એ ત્રણે અક્ષરો રહેલાં છે,
તેથી તે ત્રણે પણ પરમાત્માના વાચક બને છે.
હરિ = સર્જક, હર = વિસર્જક, બ્રહ્મ = સર્જન.

કર્મ, ધર્મ અને સર્પ શબ્દમાં
અ + ર્ એ બે વર્ણો રહેલાં છે.
તેમાંથી 'અર્' નીકળી જતાં એ પછી
કં, ધં અને સપ શબ્દો બાકી રહે છે.
કં ને કર્મ બનાવનાર, ધં ને ધર્મ બનાવનાર અને
સપને સર્પ બનાવનાર અર્ છે.

આત્મા કેવો છે ?

નિત્યં = Eternal, નિરુપાધિકં = Independent,
નિરતિશયં = Infinite છે.

માલા શ્વાસોચ્છ્વાસ કી, ભગત જગત કે માય,
જો ફેરે સો ગુરુમુખી, ના ફેરે સો નીચ. - તુલસીદાસ
જે શ્વાસોચ્છ્વાસમાં પ્રભુ સ્મરણ કરે છે,
તે સંસારની વચમાં વસવા છતાં ભક્ત છે અને
તે જ ગુરુના કહ્યા પ્રમાણે ચાલનારો છે.
જે તે પ્રકારે શ્વાસમાં સ્મરણ નહિ કરતો, તે નીચ છે.
આશારૂપી બેડીથી બંધાયેલા જીવની ઊલટી ગતિ છે,
એટલે ચાર ગતિમાં ભટકે છે. આશારૂપી બેડી તૂટે તો
મુક્તિરૂપી સ્થાનમાં જીવ સ્થિર થાય છે
હે આત્મન્! તન રૂપી મઠમાં મમતાથી કેમ સોવે છે?
જાગીને હૃદયમાં સ્વસ્વરૂપને જો.
શરીરનો વિશ્વાસ ન કર, પલમાં નષ્ટ થાય છે. રાગ-દ્વેષની
ચંચળતાને હટાવી સમતાજળમાં રમતા આત્માને ઓળખ.
શરીરમાં પૃથ્વી આદિ પાંચ ભૂતોનો વાસ છે અને
શ્વાસોચ્છ્વાસરૂપી પવન છે,
એ આત્માને ક્ષણેક્ષણે છળે છે, છતાં મૂર્ખ સમજતો નહિ.
ઇંદ્રિયો અને મન પણ છળે છે, તે ભાળીને હે આત્મન્!
તું જાગ્રત થા. તારા મસ્તક પર બ્રહ્મરંધ્રમાં પંચ પરમેષ્ઠિ
વસે છે, ત્યાં જવા માટે શુદ્ધ ઉપયોગરૂપ બારી છે.

શુદ્ધ ઉપયોગ રૂપ જાણી સહજ સુષુમ્ણા નાડી છે,
તેનું ધ્યાન કરવાથી પોતાના આત્માને
ધ્રુવના તારાની પેઠે સ્થિર દેખે છે.

આશાનો નાશ કરી હૃદયઘરમાં સ્થિર ઉપયોગરૂપી
સ્મરણ જગાવતા જે 'હંસ' 'હંસ' શબ્દ ઊઠે છે,
તેનો અથવા 'સોઽહં'નો અજપાજાપ જપે, તો ચૈતન્ય-
મૂર્તિરૂપ નિરંજન એવા પરમાત્મપદની પ્રાપ્તિ થાય.
બ્રહ્મરંધ્રમાં ચિત્તને રોકવાથી નાસિકા દ્વારા વહેતો
વાયુ બંધ પડતો રહે, ત્યારે અનુભવ થાય છે. પછી
મન કોઈ વિષયમાં જતું નથી, મરેલા જેવું થઈ જાય છે
અને પોતાની મેળે આત્મામાં લય પામી જાય છે.
ધારણામાં મનનો લય થાય, ધ્યાનમાં બુદ્ધિનો લય થાય
તથા સમાધિમાં 'અહં'નો લય થાય છે.

એકમાત્ર ચિન્માત્ર ચૈતન્યનું અસ્તિત્વ રહ્યો છે, તેના
દ્રષ્ટાસ્વરૂપે દૃશ્યમાન જગતમાંથી મન અંતર્મુખ બને છે.
જેમ આકાશમાં વાદળાંઓ વેગે આવતાં અને
ચાલી જતાં જોવાય છે, તેમ મનના વિચારો એકમાત્ર
સાક્ષીભાવે રહેવાથી આવે છે અને જતાં રહે છે,
તે અનુભવી શકાય છે.

श्री

## સાચો 'પ્રસાદ' કોને કહેવાય ?

આત્માને ઓળખ્યા બાદ પોતાને જે સંપૂર્ણ
આનંદ અનુભવાય છે, તેને 'પ્રસાદ' કહેવાય છે.
તે પ્રસાદ આંતરિક શાંતિરૂપ છે. ચિત્તની શાંતિમાં
વિક્ષેપ ન પડવા દેવો, એ પોતાના હાથની વાત છે.
આપણી શાંતિના શત્રુ આપણા સિવાય બીજા કોઈ નથી.
બેશક શાંતિ જાળવી રાખવાનું કામ અત્યંત કઠિન છે.

દુર્જનોની સાથે જેમ સંપર્ક પડતાં
મનનું સમતોલપણું ખસી જાય છે, તેમ છતાં
દૃઢ નિશ્ચયવાળાને માટે તે કામ કઠિન અશક્ય નથી.

પોતાનું સહજ સ્વરૂપ સંભારતાં જ
ઉત્તમ જીવને સહજ સમાધિ લાગી જાય છે.

ॐ भूतसंघाटात् शिरः सुषुम्णापथेन
जीवशिवं परमशिवपदे योजयामि स्वाहा । (परिशिष्ट-४)

o

I am really at peace with myself
& therefore with the whole world.
There is a spontenious
giving of love all around
which makes a life divine.

## અર્હં મંત્રની વિશિષ્ટ ઓળખાણ

અર્હં શબ્દ એ મંત્ર છે.
અર્હં અર્થ એ ઉપયોગ છે - અર્હદાકાર.
અર્હં ઉપયોગ એ તત્ત્વ છે - તિર્યક્ સામાન્ય.
અર્હં તત્ત્વ એ સ્વસ્વરૂપ છે - ઉર્ધ્વતા સામાન્ય.
મંત્રનું સ્વરૂપ : વૈખરી, અક્ષરમયી, નાદમયી, વાચિક.
મંત્રનું અભિધેય : મધ્યમા, મનોમયી, અર્થમયી, ચૈતસિક.
મંત્રનું તાત્પર્ય : પશ્યન્તી, વિજ્ઞાનમયી, તત્ત્વમયી - સામાન્ય.
મંત્રનું તત્ત્વ : પરામયી, આનંદમયી, સ્વરૂપમયી - વિશેષ.

## કાયોત્સર્ગનો ઉદ્દેશ શો છે ?

'કાયોત્સર્ગ' એટલે દેહાત્મબુદ્ધિનો ત્યાગ.
આત્મવિસ્મૃતિ તથા દેહાત્મબુદ્ધિનું બીજું નામ મિથ્યાત્વ.
શરીરથી ભિન્ન એવા આત્માનું ધ્યાન કરવું,
એ જ કાયોત્સર્ગનો ખરો ઉદ્દેશ છે.
કાયોત્સર્ગમાં ચિત્તવૃત્તિને એકાગ્ર કરી
આત્મસ્વરૂપનું અનુસંધાન કરી શકાય છે.
કાયોત્સર્ગ વાસ્તવમાં ધ્યાનની જ એક ભૂમિકા છે.
પ્રત્યાખ્યાનમાં ખરાબ કાર્ય ન કરવાની પ્રતિજ્ઞા અને
સારાં કાર્ય કરવાનો દૃઢ સંકલ્પ કરવાનો હોય છે.

શ્રી

## પંચ રત્નકણિકા

(૧) શરદપૂર્ણિમાની રાત્રે ચાંદનીમાં શક્રસ્તવનો જાપ
એક પ્રહર સુધી કરવાથી સીમંધરસ્વામીનાં સાક્ષાત દર્શન,
ચંદ્રની જ્યોત જેવા સ્વઆત્મ પ્રદેશોનું દર્શન,
ઈંદ્રનું આસન પણ ડોલાયમાન કરી શકે,
તેમ આત્મશક્તિનું પ્રત્યક્ષ દર્શન થાય છે.

(૨) તીર્થંકરોની ભક્તિ પ્રથમ, તીર્થોની ભક્તિ દ્વિતીય,
સિદ્ધચક્ર આદિની આરાધના ત્યારબાદ આવે. સિદ્ધચક્ર
અચિન્ત્ય - ચિન્તામણિ છે, તેના માલિક તીર્થંકરો છે.
પ્રત્યેક તીર્થ ઉપર અનંતા તીર્થંકરોનાં સમવસરણ
થયાં છે અને થશે, માટે તીર્થભૂમિઓ પવિત્રતમ છે.
ધ્યાન માટે તીર્થો ઉત્તમ આલંબન છે.

(3) બ્રહ્મચર્ય માટે 'અરિટ્ઠનેમિં નમંસામિ'નો જાપ
દીર્ઘકાળ સુધી કરતાં તે સિદ્ધ થાય છે.

(૪) અરિહંતની શક્તિ, અરિહંતનું જ્ઞાન અને
અરિહંતની આજ્ઞા - ત્રણે લોકમાં અનાહત છે.
આ ત્રણેનું સામ્રાજ્ય અપરાજિત છે.
અનાહત - ન હણી શકાય તેમ તીર્થંકરોની આજ્ઞા છે,
તેથી તે 'અનાહત' કહેવાય છે.

'અનાહત'નું પૂજન એ અર્થમાં કરવાનું છે.
અનાહત નાદ પણ પ્રભુનો સમજવો.)

(૫) 'અર્હં' એ ચિન્તામણિ રત્ન છે.
તે તીર્થંકરની એક અતિશાયી શક્તિ છે.
સિદ્ધચક્ર એ યંત્ર છે,
તે બધા ગુરુઓને આરાધવા માટેનું -
અર્હંત થવા માટેનું એક વિશિષ્ટ યંત્ર છે.
'અર્હં'ની ભક્તિ વડે સાક્ષાત્ તીર્થંકર દેવ અને
તેમની સેવા પ્રાપ્ત થાય છે.

વર્ણમાળાનું પૂજન પણ અરિહંતના વર્ણરૂપે કરવાનું છે
અને એ જ રીતે અષ્ટવર્ગનું પૂજન સમજવાનું છે.

## કાવ્યમાં છંદ અને લય

'સા' = ષડ્જ - તે ૨૪ અક્ષરોના રૂપમાં છે.
'રે' = ઋષભ - તે ૨૮ અક્ષરોના રૂપમાં છે.
'ગ' = ગાન્ધાર - તે ૩૨ અક્ષરોના રૂપમાં છે.
'મ' = મધ્યમ - તે ૩૬ અક્ષરોના રૂપમાં છે.
'પ' = પંચમ - તે ૪૦ અક્ષરોના રૂપમાં છે.
'ધ' = ધૈવત - તે ૪૪ અક્ષરોના રૂપમાં છે.
'નિ' = નિષાદ - તે ૪૮ અક્ષરોના રૂપમાં છે.

## મૂળ સૂત્રોનું આટલું બધું માહાત્મ્ય કેમ?

ભગવાન શ્રી મહાવીર દેવની વાણીનો અસ્ખલિત પ્રવાહ મૂળસૂત્રોમાં વહી રહ્યો છે. યોગ, અધ્યાત્મ અને આગમગ્રન્થોના મૂળ પદાર્થો શ્રી આચારાંગ સૂત્રમાંથી ઉદ્ભવેલા હોય તેમ જણાય છે. આત્માનું જ્ઞાન, શ્રદ્ધા અને પ્રતીતિ કરવાનાં પ્રધાન સાધનોનો તેમાં સંગ્રહ છે. વેદ-ઉપનિષદ્-ગીતાદિ ઈતર દર્શનશાસ્ત્રોના સાર પણ શ્રી આચારાંગમાં જોવા મળે છે.

પ્રથમ 'શસ્ત્રપરિજ્ઞા અધ્યયન'માં નવ પ્રકારે બ્રહ્મચર્યનો અવતાર કરવામાં આવ્યો છે.

'જ્ઞપરિજ્ઞા અને પ્રત્યાખ્યાનપરિજ્ઞા' એ આત્મજ્ઞાન અને આત્માનુભવના પર્યાયવાચી શબ્દો છે.

આંતરિક સાધનામાં જેમજેમ ચેતનાશક્તિ ઉપયોગમાં વળે છે, તેમ તેમ પ્રજ્ઞાના સંવેદનોની સ્પષ્ટ સમજ, સૂક્ષ્મતા, ગંભીરતા, નિર્ભયતા આદિની વૃદ્ધિ થાય છે. 'ઉપયોગ' એ શબ્દસમાપત્તિ, તન્મયતારૂપ સમાધિનો સૂચક છે. ઉપયોગ એ ભેદ અને અભેદ અથવા સાકાર - નિરાકાર પ્રણિધાન સ્વરૂપ છે, તેથી તેને જ્ઞાનસમાધિ અને ચારિત્રસમાધિરૂપ માની શકાય.

તીવ્ર જ્ઞાનદશા એ જ ચારિત્ર છે.

ઉપયોગ એ સાધુની સચ્ચેષ્ટાઓમાં યોગાભ્યાસનો સૂચક છે.

સાધુની દિનચર્યામાં સવારે સજ્ઝાય કર્યા પછી

'ઉપયોગ' કરવામાં આવે છે.

તેમાં ગુરુવંદન, ધમ્મો મંગલ - સ્વાધ્યાય પછી

ધ્યાનાદિનો અભ્યાસ કરવાની રજા માંગવામાં આવે છે.

શ્રી ભગવતી સૂત્ર આદિમાં શ્રી ગૌતમ સ્વામી

ધ્યાનાદિ કરી ગોચરી નીકળે છે, એવા પાઠો મળે છે.

'યતિ દિનચર્યા' તથા 'પંચવસ્તુ' આદિમાં

આ 'ઉપયોગ' વિગેરેનું રહસ્ય મળવા સંભવ છે.

નવતત્ત્વમાં જીવનું લક્ષણ એ રીતે આપ્યું છે કે:

નાણં ચ દંસણં ચેવ ચરિત્તં ચ તવો તહા |

શ્રી 'તત્ત્વાર્થ સૂત્ર'માં 'ઉપયોગો લક્ષણં |' એમ કહીને

એક જ લક્ષણમાં અન્ય ચારિત્રાદિનો અંતર્ભાવ કર્યો છે.

આચારાંગમાં તત્થખલુ ભગવયા પરિણ્ણા પવેઇયા |,

જ્ઞપરિજ્ઞામાં 'જ્ઞાન' અને પ્રત્યાખ્યાનપરિજ્ઞામાં 'ચારિત્ર'

- એમ પરિજ્ઞા તથા ઉપયોગ એકાર્થવાચી બને છે.

'જ્ઞાનદશા જે આકરી તે ચરણ વિચારો.'

એ વાક્યમાં જ્ઞાન અને ચારિત્રની કથંચિત્ એકતા કહી છે.

'લોકસાર અધ્યયન'માં 'સમકીત મુનિભાવે મુનિભાવ જ સમકીત કહ્યું'માં સમ્યક્ત્વમાં ચારિત્ર કહ્યું છે. પૂ.મહોપાધ્યાયજીના શાંતિનાથપ્રભુના સ્તવનમાં પણ કહ્યું છે:

'તાહરૂં ધ્યાન તે સમકીત રૂપ,
તેહી જ જ્ઞાન અને ચારિત્ર તેહ છે જી.'

એ વાક્યમાં ત્રણેની એકતા જણાવી છે.

શ્રી આચારાંગ સૂત્રના પ્રથમ અધ્યયનમાં બે પ્રકારની સંજ્ઞા જણાવી છે: જ્ઞાનસંજ્ઞા, અનુભવસંજ્ઞા.

અહીં પ્રકારની ગણનામાં પણ જ્ઞાનગણનામાં રત્નત્રયીનો અંતર્ભાવ છે. 'ઉપયોગો ધર્મ' એ શબ્દથી સામાયિકધર્મ સાથે ઉપયોગનો વ્યાપ્ય-વ્યાપક સંબંધ છે, યોગશાસ્ત્ર અને અધ્યાત્મના શાસ્ત્રોમાં જેટલું મહત્ત્વ સમાપત્તિ અને સમાધિનું છે, તેટલું જ તેથી પણ અધિક આગમગ્રન્થોમાં 'ઉપયોગ' અને 'સામાયિક' શબ્દનું છે.

શ્રુતજ્ઞાન એ અનુભવાત્મક હોવાથી પરોક્ષ નહિ પણ પ્રત્યક્ષ જ્ઞાનથી આધારિત છે અને આપણને પ્રત્યક્ષ અનુભવ માટેનું અનન્ય નિમિત્ત છે.

અનુભવી ગુરૂની નિશ્રાએ મળેલું શ્રુત જ
અનુભૂતિમાં પલટાઈ ધરમૂળ ક્રાંતિ સર્જે છે.

શ્રી

## શીલ - દયા - સત્ય - દાનાદિનું મહત્ત્વ

સ્ત્રીસંસર્ગનિરતમાં શીલ ક્યાંથી હોય?
માંસભક્ષણવાળામાં દયા ક્યાંથી હોય?
સુરાનું પાન કરવાવાળામાં સત્ય ક્યાંથી હોય?
મહાલોભમાં ડૂબેલામાં દાન ક્યાંથી હોય?
મહાઆળસમાં શિલ્પ ક્યાંથી હોય?
અને મહાક્રોધી પાસે ધન ક્યાંથી હોય? કદાપિ ન હોય.
ક્રોધ કે લોભ અલ્પ હોય, ત્યારે
રોકવામાં ન આવે તો વધી જાય. આત્માને બહુ
ધીમેધીમે ક્લેશહીન, ક્રોધહીન, પાપહીન બનાવવો જોઈએ.
સમજદારને માટે ક્રોધ કોઈપણ અવસ્થામાં ઉચિત નથી,
કેમકે તે આગ છે, તેને વધતાં વાર લાગતી નથી.
ક્રોધને કે કામને કે લોભને વશ થવું,
તે દુશ્મનને વશ થવા બરાબર છે,
તે વશતા ખરેખર દુશ્મનને ખુશ કરનાર છે.
સદ્‌ગુણો એ જ્ઞાનનું રૂપ છે અને
દુર્ગુણો એ અજ્ઞાનનું સ્વરૂપ છે.
જ્ઞાન એ એક વિશિષ્ટ પ્રકારના અજવાળાનું નામ છે.
સંપૂર્ણ દર્શન કે શાસ્ત્રનો સાર ઇંદ્રિયસંયમમાં આવી જાય.

ત્રિગુણ રહિત શરીર, ત્રિગુણ સહિત પુરુષ.
મનુષ્યના શરીરમાં રહેનારો પણ પુરુષ પરમાત્મા છે.
એ જીવરૂપે ભોક્તા, ઈશ્વરરૂપે સાક્ષી,
ભરણ - પોષણ કરનાર ભર્તા અને
પ્રભુને અનુમતિ આપનાર મહત્ તત્ત્વ છે.
'કર્મો પ્રકૃતિના ત્રણ ગુણોના કરેલાં છે' આમ જે
જાણે છે, તે આત્માને અકર્તા તરીકે જાણી લે છે.
જેમ આકાશ સર્વત્ર છે, છતાં સર્વથી અલિપ્ત છે તથા
સૂર્ય એક જ છતાં બધાંને પ્રકાશિત કરે છે, તેમ
પુરુષનું જાણવું. એ વિવેકજ્ઞાન ધ્યાનયોગ વડે, કર્મ વડે,
ભક્તિ વડે, સાંખ્ય (જ્ઞાન) વડે પ્રાપ્ત કરી શકાય છે.

## કલિયુગની કાલિમા

कलौ वेदान्तिनो भान्ति फाल्गुने बालका इव ।
કલિયુગમાં ફાગણ મહિને બાળકો જેવા વેદાંતીઓ ચમકે છે.
सर्वे ब्रह्मवदिष्यन्ति संप्राप्तौ तु कलौ युगे ।
नानुतिष्ठन्ति मैत्रेयि ! शिश्नोदरपरायणाः ॥ અર્થાત:
હે મૈત્રેયિ ! કલિયુગમાં પેટ ભરવું અને કામપૂર્તિ કરવી,
આવા કાર્યોમાં જ તત્પર જીવો
આત્માની વાતો કરશે પણ આચરણ કરશે નહીં.

શ્રી

## કયા ગુણસ્થાનકે કયો વૈરાગ્ય?

યતમાનવૈરાગ્ય ૪ થે ગુણઠાણે હોય છે.

વ્યતિરેકવૈરાગ્ય ૫ મે ગુણઠાણે હોય છે.

એકેન્દ્રિયવૈરાગ્ય ૬ ઠ્ઠે ગુણઠાણે હોય છે.

વશીકારવૈરાગ્ય ૭ મે ગુણઠાણે હોય છે.

ગુણવિતૃષ્ણ વૈરાગ્ય ૮ મે ગુણઠાણેથી ઉપર હોય છે.

અધ્યવસાય = કષાયોના ઉદય સહિત આત્માનો પરિણામ.

છઠ્ઠે ગુણઠાણે પણ અસંખ્યાતા અધ્યવસાય સ્થાન છે.

છઠ્ઠે ગુણઠાણે ધર્મધ્યાનની ગૌણતા અને આર્તધ્યાનની પ્રધાનતા - સંયમલાભ હોવા છતાં આલંબનની જરૂર છે.

છઠ્ઠા ગુણઠાણાનો જઘન્ય અધ્યવસાય કે જેમાં ઓછામાં ઓછી વિશુદ્ધિ હોય, તે પણ દેશવિરતિ ગુણઠાણાના સર્વોત્કૃષ્ટ અધ્યવસાય સ્થાનક કરતાં પણ અનંતગુણ વિશુદ્ધિવાળો હોય.

ઉત્કૃષ્ટિનો દેશવિરતિધર કોણ હોય?

જેને માત્ર અનુમતિ જ રહી હોય, કરવું કે કરાવવું પણ ન હોય, ફક્ત અનુમતિ - સંવાસાનુમતિ હોય.

તે અનુમતિ ત્રણ પ્રકારની છે:

પ્રતિસેવના, પ્રતિશ્રવણા અને ત્રીજી પ્રતિસંવાસના.

## સફળતાનું રહસ્ય - પ્રણિધાન

સૌ પ્રથમ આપણે ચોક્કસપણે શું
પ્રાપ્ત કરવા માંગીએ છીએ, એ નક્કી કરવું જોઈએ.
આપણે જે પ્રાપ્ત કરવા માંગતા હોઈએ, એ પાછું
ખરેખર ઘણું મહત્ત્વનું હોવું જોઈએ કે એ માટે ગમે
તે કિંમત ચુકવવાની આપણી તૈયારી હોવી જોઈએ.
આનું નામ 'પ્રણિધાન' છે.
પ્રણિધાન પછી જ પ્રવૃત્તિ તીવ્ર બને છે, વચ્ચે
આવતાં વિઘ્નોનો વિજય કરીને સિદ્ધિ મેળવી શકાય છે.

'इदं मम इत्याकार |'

'इदं मम कर्त्तव्यं |' આ ભાવ બે રીતે થાય છે:
એક તો એ કર્તવ્ય તરીકે બતાવનાર
આપ્તપુરુષ ઉપરનો વિશ્વાસ અને
બીજું તે કર્તવ્યનું પરંપરાએ ફળ - મુક્તિ.
આરાધનાના પરિણામમાં એ બંને શરત પૂરી થાય છે,
કેમકે આરાધકારક આપ્તજિનવચન છે અને
આરાધનાનું ફળ સ્વરૂપ કર્મનિર્મોક્ષરૂપી અવ્યાબાધ પદ છે
અને તેનો ઉપાય દર્શાવનાર
શાસ્ત્ર તથા ગુરુ એ અવિસંવાદિ અને સિદ્ધ છે.

## <u>ઈર્યાપથિકી સૂત્રની સાધનાભાવના</u>

આ સૂત્રના દીર્ઘકાળ સુધી સ્મરણ બાદ પરપીડાથી મુક્ત અને પરોપકારથી યુક્ત બનેલા ચિત્ત પંચ પરમેષ્ઠિઓમાં ધ્યાન સ્થિર બને છે. ભૂતકાળના સ્મરણો અને ભવિષ્યની ઇચ્છાઓ નાશ પામે છે, સ્થળ-કાળના બંધનથી મુક્ત બનેલા સ્વયં ચિન્મય અને આનંદમય આત્મદ્રવ્યની અભિમુખ થવાય છે, ઉપરાંત 3 ભાવો સ્પષ્ટ થાય: અહિંસા - Respect for life, સંયમ - Restraint in the use of things and તપ - Reverence for Soul.

The sum total of sadhna is to transcend excistence on time & space dimension and be in the eternal excistence - bliss consciousness.

ઈરિયાવહી સૂત્રના નિયમિત જાપથી શુદ્ધ આત્મદ્રવ્યનું અસ્તિત્વ અનુભવાય છે અને જીવનના પ્રસંગો મન-વચન-કાયાના નિર્મળ યોગો અખંડ રહે છે, ક્રોધ, દ્વેષ અને વૈરભાવ શાંત થાય છે તથા સર્વ જીવ પ્રત્યે અલૌકિક રીતે આત્મૌપમ્ય સ્ફુરે છે.

ધર્મની આરાધના એ જ સત્ય છે અને તેના બહારની બધી જ ક્રિયા - એ આત્મા ઉપર થતો બોજ છે.

આત્માનો ધર્મ એ જ્ઞાન - દર્શન ગુણ છે.

આત્મા જ્ઞાન - દર્શનનો કર્તા છે, રાગ - દ્વેષનો નહિ,
જ્ઞાન - દર્શનભાવનો ભોક્તા છે, સુખ - દુઃખનો નહિ.
ઋજુસૂત્રાદિ નય એ વસ્તુ સ્વભાવને 'ધર્મ' કહે છે.

જ્ઞાન - દર્શનગુણના કર્તા અને ભોક્તા થવું,
તે 'પરમાર્થ ધર્મ' કહેવાય છે.

લય = ચિત્તવૃત્તિઓની સુષુપ્તિ જેવી સ્થિતિ.
વિક્ષેપ = વૃત્તિનું અન્ય વિષયાકારે થવું તે.
કષાય = રાગ-દ્વેષાદિ વૃત્તિનો સ્તબ્ધ ભાવ.
રસાસ્વાદ = સંપ્રજ્ઞાતમાં આનંદ માનવો અને
અસંપ્રજ્ઞાતમાં પ્રવેશ ન ઈચ્છવો તે.

તપસા બ્રહ્મચર્યેણ શ્રદ્ધયા વિદ્યયાઽઽત્માનમન્વિષ્ય।
:શ્રુતિ:

આહારના નિયમરૂપ તપ,
ઉપસ્થના નિગ્રહરૂપ બ્રહ્મચર્ય,
ઈશ - ગુરુની ઉપાસનારૂપ વિદ્યા ઉપરાંત શાસ્ત્રોમાં સુદૃઢ વિશ્વાસરૂપી શ્રદ્ધા વડે આત્માની શોધ કરવી.

શ્રીँ

## નમુત્થુણં સૂત્રની ૯ સંપદા

(૧) પ્રેક્ષાપૂર્વકારિત્વનાં લક્ષણ - સ્તોતવ્ય સંપદા.
(૨) આઈગરાણં - હેતુ - મિથ્યાત્વનાં ભાજન.
(૩) પુરિસુત્તમાણં - વિશિષ્ટહેતુ - મૂલશુદ્ધિના અન્વેષક.
(૪) લોગુત્તમાણં - ઉપયોગ - ફલપ્રધાન આરંભશાલ.
(૫) અભયદયાણં - હેતુ - વિશુદ્ધિ - નિપુણ આરંભભાજન.
(૬) ધમ્મદયાણં - ઉપયોગ - સામાન્ય વિશિષ્ટરૂપ ફલદર્શી.
(૭) અપ્પડિહય - સ્વરૂપ - વિશેષ નિશ્ચયસિદ્ધ.
(૮) જિણાણં - નિજસમફલદ - અતિગંભીરોદાર.
(૯) સિવમયલમરુઅ - મોક્ષ - દીર્ઘદર્શી.
જીઅભયાણં - અભય.

પ્રશંસા તથા પૂજા એ 'નમો' પદનો અર્થ છે. તેની પૂજા અને વારંવાર પ્રશંસા કરવાથી છૂપાયેલ સત્તતત્ત્વ બહાર આવે - વૃદ્ધિ પામે અને પ્રકૃતિનો અનુભવ કરાવે છે.

## એક શ્વાસમાં દેવાયુ અને નરકાયુનો બંધ

કોઈપણ શ્વાસ પુણ્ય - પાપરહિત હોતો નથી.
૧ શ્વાસમાં ૨૪૫૪૦૮ ૪/૮ પલ્યોપમનો બંધ.
૯ શ્વાસમાં ૧૯૬૩૨૬૭ પલ્યોપમનો બંધ.
૨૫ શ્વાસમાં ૬૧૩૫૨૧૦ પલ્યોપમસાધિકનો બંધ.

<u>દ્રવ્ય અને ભાવનો સંબંધ કેવો છે?</u>

વ્યક્તિ અને વિશ્વનો, કેન્દ્ર અને સમગ્રનો, microcosmનો અને macrocosmનો, એકબીજા સાથે સંબંધ છે, correspondence છે. એક તારનો ઝંકાર બીજા તાર ઉપર અસર કરે, માતાનું વાત્સલ્ય બાળકને સ્પર્શે અને ગુરુની grace શિષ્યના હૃદયની ગ્રંથિઓ ભેદે, તેવો સંબંધ છે.

<u>'As above so below' એ વાક્યનો ભાવાર્થ શું?</u>

'ઊર્ધ્વમૂલમધઃ શાખમ્ ।' અ-૧૫, શ્લોક ૧ ની સમજણ.)

ઊર્ધ્વમાં બ્રહ્મ = શુદ્ધાત્મ દ્રવ્ય સમજવું અને
અધઃમાં સંસાર = સમગ્ર પ્રતિબિંબ સમજવું.
માનવદેહમાં ઊર્ધ્વ તે મસ્તક ભાગ - અધઃ તે મેરુદંડ.
લોકમાં ઊર્ધ્વ તે સિદ્ધશિલા - અધઃ તે લોકનાલિકા.
દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક - એ બંને નયો વડે
સંસારને જોવાથી તેનું સમ્યગ્દર્શન થાય છે.

As above so below, જે ઉપર છે, તેની છાયા નીચે પડે છે. જે નીચે છે, તે વિશિષ્ટપણે જોવાથી નીચેના સાધનથી ઉપરનું દર્શન ઉઘડે છે, તે માટે perfect સન્મુખતા જોઈએ - Total 'નમો' જોઈએ.

## 'Total નાદ'નો અર્થ શું?

શિષ્ય ગુરૂને અને ભક્ત ભગવાનને સંપૂર્ણ સમર્પિત જો થઈ જાય, તો ગુરૂપદ અને પરમપદને પામી શકે.

સ્ત્રી એ સ્થૂળની સન્મુખતા અને સમર્પણ વડે સ્થૂળનું સર્જન પામે છે, કલાકાર એ મનની સન્મુખતા વડે કલાનું સર્જન બનાવે છે, શિષ્ય એ હૃદયના ભાવની અર્પણતા વડે જ્ઞાનનું સર્જન પ્રગટાવે છે અને ભક્ત સર્વસ્વ સોંપીને ભગવદ્‌ભાવ પામે છે.

એક જ નિયમ સર્વત્ર કાર્ય કરે છે:

'જે એકને જાણે છે, તે સર્વને જાણે છે.'

microcosm and macrocosm એટલે વ્યક્તિ અને વિશ્વનો સંબંધ જોયો અને જાણવો જરૂરી છે. Man is a tiny replica of universe અને વિશ્વમાં everything is related with all and everything, તેથી કદાચ એક વ્યક્તિનો ભાવ કે દુર્ભાવ પણ આ વિશ્વ ઉપર અસર કરે છે.

## પ્રભુનામનો મહિમા

'પ્રભુનામની ઔષધિ ખરી ખાંત શું ખાય;
રોગ - પીડા વ્યાપે નહીં, સબ સંકટ મિટ જાય.'

## સમ્યગ્દર્શનમાં પ્રવેશવું આવશ્યક

મિથ્યાત્વ અવસ્થામાં વ્યક્તિ વિશ્વની અસર નીચે છે
અને આત્મા એ કર્મપ્રકૃતિના બંધનમાં છે.
વિશ્વ એ વ્યક્તિ માટે પ્રકૃતિ - કુદરત - Nature છે.
સમ્યગ્દર્શનમાં વ્યક્તિ આ બંધનને જુએ છે - જાણે છે,
દેશવિરતિમાં આ બંધનમાંથી મુક્ત થવાના પ્રયત્નો શરૂ
થાય છે અને સર્વવિરતિમાં પૂર્ણ પુરુષાર્થ ફોરવે છે.
અપ્રમત્ત ગુણસ્થાનકે Effortless effort છે.

## સમ્યગ્દર્શન કઈ રીતે પ્રગટે?

જો વ્યક્તિ પોતે Negative અને વિશ્વપ્રકૃતિને
positive બનાવે તો સંસાર પરિભ્રમણ - circle છે.
ગ્રન્થિભેદ આ circleને તોડે છે અને
Spiral થતાં સમ્યગ્દર્શન પ્રગટે છે.
પુરુષ positive તો વિશ્વપ્રકૃતિ Negative બને છે.
પુરુષ દૃષ્ટા બને છે, તો સમગ્ર પ્રકૃતિ દૃશ્ય બને છે.
(a) સ્થૂલમાં પુરુષ positive અને સ્ત્રી negative છે.
(b) સૂક્ષ્મમાં વ્યક્તિ positive અને
વિશ્વપ્રકૃતિ negative છે.
(c) કારણમાં આત્મા positive અને કર્મ negative છે.

શ્રી

વિભાવપ્રવૃત્તિના બંધનમાંથી મુક્ત થવા માટે વ્યક્તિએ
વિભાવપ્રવૃત્તિના સ્થાને 'અરિહંત' પ્રત્યે
શરણાગતિ ભાવ - નમો ભાવ લાવવો પડશે.
પરમાત્મા positive અને આપણે Negative નથી,
આપણે positive અને વિભાવપ્રવૃત્તિ Negative,
આ પ્રક્રિયા અંતર માર્ગ ઉઘાડે છે.
મંદિરમાં ભગવાનની પ્રદક્ષિણા દેતાં
આપણા જમણા હાથે ભગવાન છે, ડાબા હાથે વિશ્વ છે.
કેન્દ્રમાં ભગવાન છે, પરિધિ ઉપર વિશ્વ છે.
આપણે ભગવાનથી દોરાઈએ અને
વિભાવપ્રવૃત્તિને અહિત કર્મને દોરવાએ.
પ્રદક્ષિણા Clockwise છે - Spiral છે, તેમાં પરિધિ
ઉપરથી કેન્દ્ર સન્મુખ થવાનું છે, તે સમ્યગ્દર્શન છે.
પોતાનું અને કેન્દ્ર વચ્ચેનું
distance - અંતર જાણવાનું છે, તે સમ્યગ્જ્ઞાન છે.
કેન્દ્રને સતત લક્ષમાં રાખીને અંતર ઓછું કરવાનું છે,
કેન્દ્ર પ્રત્યે ચાલવાનું છે, તે સમ્યક્ચારિત્ર છે.
મિથ્યા આચરણ 'circular' છે.
સમ્યક્ચારિત્રની ઓર ભાવમાં પ્રદક્ષિણા 'Spiral' છે.

'ઋષભ જિણંદને ભેટશું...'

અહીં ભેટવાનો ક્રમ તે 'Spiral' છે.

કેન્દ્રમાં ભગવાન છે.

'Spiral' શરૂ થાય, ત્યાં સમ્યગ્દર્શન છે,
Spiralનું ગણિત તે સમ્યગ્જ્ઞાન છે અને
ભગવાન પ્રત્યે Negative બનીને, Clockwise રીતે
right hand pathની ચાલવું, તે સમ્યક્ચારિત્ર છે,
તેથી વિપરીત રીતે left hand pathની Anti-
Clockwise રીતે જગત પ્રત્યે જો Negative બનીએ
તો અને ભગવાન પ્રત્યે positive બનીએ, તો
મિથ્યા આચારણ થાય છે અને તેથી સંસાર વધે છે.

વળી ભગવાનથી વાસ્તવિક કેન્દ્રથી
અંતર વધતું જાય છે તથા કર્મપ્રકૃતિનું બળ વધે છે.

ભગવાન પ્રત્યે Negative રહીશું,
તો અંતરમાં ભગવદ્‌ભાવનું સર્જન થશે, પરન્તુ
સંસાર પ્રત્યે Negative રહીશું, તો કર્મનું સર્જન થશે.
સમ્યક્ચારિત્રમાં કેન્દ્રસ્થ ભગવાન પ્રત્યે સન્મુખતા હોવાથી
તેમનું અલૌકિક magnetism આપણને ખેંચી લે છે.
જેની પ્રત્યે સન્મુખતા હશે, તેનું magnetism ખેંચશે.

સિદ્ધ એ પ્રકાશ છે, નિગોદ એ અંધકાર છે.

V. Imp. મોક્ષ ઉપર છે, સંસાર નીચે છે.

જો માથું સીધું - મેરૂદંડ સીધો, તો

સિદ્ધોનું magnetism work કરશે.

'સીધું' શબ્દનો સંબંધ પણ સિદ્ધ અથવા સાધુ સાથે છે.

જો માથું ઊંધુ - મેરૂદંડ ઊંધો, તો

નિગોદનું magnetism અસર કરશે.

સુષુપ્ત કુંડલિની એ ઊંધુ માથું છે,

જાગૃત કુંડલિની એ સીધું માથું છે.

અંગ્રેજી ભાષામાં 9નો આંક જાગૃત કુંડલિની સૂચવે છે

અને 6નો આંક સુષુપ્ત કુંડલિની સૂચવે છે.

9માં માથું ઊંચે છે, 6માં માથું નીચે છે.

સુતેલા કુંડલિનીને જગાડવા માટે

6 અને 9 વચ્ચે જે ત્રણનો તફાવત છે,

તે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર -

એ ત્રણ વડે - તત્ત્વત્રયી વડે તે તફાવત પૂરાય છે.

'નમવું' એટલે Negative થવું. જગતની સામે Positive અને જગદીશની સામે જ્યારે Negative બને છે, ત્યારથી જ તેની ધર્મની શરૂઆત થાય છે.

શ્રી

ધર્મ ઉપર શ્રદ્ધા આવે તો જ કલ્યાણ થશે.
ધર્મનું સાચું જ્ઞાન થવું તો જ કલ્યાણ કે
most Important જ્યાં ધર્મ છે, ત્યાં નમન થાય.
ધર્મ એટલે જ આર્હન્ત્ય. તે અરિહંતમાં છે, માટે
'સકલાર્હત્પ્રતિષ્ઠાનં' એ વિશેષણ પ્રાપ્ત થાય છે,
તે સિદ્ધમાં છે, માટે 'અધિષ્ઠાનં શિવશ્રિયઃ।' વિશેષણ છે,
તે આચાર્ય - ઉપાધ્યાય - સાધુમાં છે, માટે
'ભુર્ભુવઃ સ્વસ્ત્રયીશાનં' એ વિશેષણ પ્રાપ્ત થાય છે.
સર્વત્ર તેનું શાસન છે. સમગ્ર વિશ્વ ધર્મસત્તાની નીચે છે.
ધર્મશાસનનું ઉલ્લંઘન કરવાની શક્તિ વિશ્વમાં કોઈની
પણ છે નહિ. જે ધર્મશાસનને નમે છે, તે સુરક્ષિત છે.
જે ધર્મથી પરાઙ્મુખ છે, તે અસુરક્ષિત છે.
તો પછી ધર્મ શું? આર્હન્ત્ય શું?
એક જ શબ્દમાં કહેવું હોય તો રત્નત્રય.
રત્નત્રયમાં ધર્મનું સર્વસ્વ છે.
રત્નત્રયનો સમ્યક્ અર્થ શું?
સમ્યગ્દર્શન = સંગત જોવું, પ્રશસ્ત જોવું.
સમ્યગ્જ્ઞાન = સંગતજ્ઞાન, યથાર્થજ્ઞાન, પ્રશસ્તજ્ઞાન.
સમ્યક્ચારિત્ર = સમ્યગ્વર્તન, યથાર્થ - પ્રશસ્ત આચરણ.

## રત્નત્રયનું તાત્પર્ય શું ?

ભગવાનને આત્મરૂપ જોવા - જાણવા - વર્તવા, પોતાને પરમાત્મરૂપ જોવો - જાણવો - અનુભવવો, તે તાત્પર્ય.

એક વ્યવહાર નય છે, બીજો નિશ્ચય નય છે.

વ્યવહાર એ નિશ્ચયને પામવાનું સાધન છે અને નિશ્ચય એ વ્યવહારપાલનનું ધ્યેય છે.

વ્યવહાર તથા નિશ્ચય - બંને મળીને મોક્ષમાર્ગ બને છે.

મોક્ષ એટલે સિદ્ધ, માર્ગ એટલે અરિહંત અને તેનું આચરણ એટલે આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ.

જ્ઞાનક્રિયાભ્યાં મોક્ષઃ । જ્ઞાન એટલે 'આત્મા નિશ્ચયથી સિદ્ધરૂપ છે, ૮ રૂચક પ્રદેશો નિત્ય ઉઘાડા છે' આવા દૃઢ શ્રદ્ધાપૂર્વકનું જ્ઞાન તથા ક્રિયા એટલે ધ્યાન અને તે માટેની અંતરંગ - બહિરંગ શુદ્ધિ.

દેહનો છેદ કરી આત્મામાં જ આત્મધ્યાન વડે પરમાત્મદર્શન કરવું, તે જ દર્શન - જ્ઞાન - ચારિત્ર છે.

તીવ્ર જ્ઞાનદશા = નિર્વિકલ્પ જ્ઞાનોપયોગ - એ જ ચારિત્ર.

'આત્મા જ જ્ઞાનાદિક છે' એવું નિશ્ચય સમ્યક્ત્વ - નિજઆત્મસ્વભાવમાં રમણતા એજ પુનિતપણું અને તે જ નિશ્ચયથી સમ્યક્ત્વ.

## નિશ્ચયથી મિથ્યાત્વ એટલે...

બાહ્ય પદાર્થોમાં ઇષ્ટત્વ - અનિષ્ટત્વ માનવું તથા
રાગ-દ્વેષ અને સુખ-દુઃખનો અનુભવ કરવો તે છે.
આત્મા સ્વસ્વભાવનો જ કર્તા - ભોક્તા - દાતા છે,
પરન્તુ પરપદાર્થનો દાતા - ભોક્તા - કર્તા નથી.

સ્વસુખ કે સ્વધર્મ સ્વસત્તામાં જ રહે છે,
પરસત્તામાં નહિ જ. આત્મા તો માત્ર સાધક જ છે,
તે રાગ-દ્વેષ અને સુખ-દુઃખનો પણ માત્ર સાક્ષી છે.
શુભ વિકલ્પો દ્વારા અશુભ વિકલ્પોને શમાવી આત્મા
નિર્વિકલ્પ આત્મદશાનો અનુભવ કરી શકે છે. પરવસ્તુની
સ્પૃહાનો સર્વથા, નાશ આત્મભાન વડે જ થઈ શકે છે.
સંકલ્પ - વિકલ્પોનું મૂળ પરસ્પૃહા છે. તેનો નાશ થવાથી
સંકલ્પ-વિકલ્પોનો પણ નાશ થાય છે. નિર્વિકલ્પ દશામાં
આત્માનું સહજ સુખ અનુભવાય છે, તે જ નિશ્ચયદશા છે.

અનુભવ યોગ એ જ સર્વ આચારોનો સાર છે.
શાસ્ત્રોનું ચિન્તન - પરિશીલન એ સરસ શેલડી સમાન છે,
આત્માનુભવ તેનો રસાસ્વાદ છે.
શ્રુતનું પઠન - પાઠન, ચિન્તન, પરિશીલન, ધ્યાન અને
તે દ્વારા અનુભવ - એ ક્રમ છે.

જિનોક્ત તત્ત્વોને વિષે રુચિ તે સમ્યગ્દર્શન છે.
અહીં 'રુચિ' શબ્દ એટલે - પ્રીતિવાચક છે અર્થાત્
તત્ત્વપ્રીતિ તે સમકીત છે.

પ્રીતિનો અર્થ ઇચ્છા પણ કહી શકાય છે. આસ્રવ-બંધને તજવાની તથા સંવર - નિર્જરાને ગ્રહવાની ઇચ્છા, તેને જ તત્ત્વપ્રીતિરૂપ કે આત્મપ્રતીતિ પણ કહી શકાય.

આત્મતત્ત્વની પ્રતીતિ થવાથી

આત્માને હિતકર - સુખકર માર્ગને વિષે પ્રવૃત્તિ અને અહિતકર - અસુખકર માર્ગને વિષે નિવૃત્તિ આપોઆપ થાય છે અને તેવી પ્રવૃત્તિ - નિવૃત્તિ ન કરી શકાય, ત્યાં સુધી તે કરવાની અભિરુચિ સતત - કાયમ રહે છે.

તત્ત્વપ્રતીતિને તત્ત્વાર્થ શ્રદ્ધાન પણ કહી શકાય.

તત્ત્વાર્થ શ્રદ્ધાન એટલે...

તત્ત્વભૂત પદાર્થોનું શ્રદ્ધાન અર્થાત્ તેને ગ્રહણ કરવાની અને તેથી વિરુદ્ધને ગ્રહણ ન કરવાની અભિરુચિ તે. સમ્યગ્દર્શનનું ટૂંકમાં લક્ષણ કહેવું હોય તો સ્નેહપરિણામ કહી શકાય. તે સ્નેહ દેવ - ગુરુ - ધર્મ - સંઘ - સાધર્મિક અને જીવરાશિ પ્રત્યે જ્યારે વિસ્તાર પામે છે, ત્યારે તેને દર્શનવિશુદ્ધિ - સમ્યક્ત્વની નિર્મળતા કહેવાય છે.

સમસ્ત સત્ત્વવિષયક સ્નેહપરિણામરૂપી મૈત્રી એ
સમ્યગ્દર્શનનું અસાધારણ લક્ષણ છે અને તેમાંથી જ
અનુકંપા, નિર્વેદ, સંવેગ, ઉપશમાદિ ગુણો પેદા થાય છે.
તે સર્વની મૂળ મૈત્રી, આત્મૌપમ્ય યા આસ્તિક્ય છે.

જિણ-પણ્ણત્તં તત્તં । તમેવ સચ્ચં નિસ્સંકં ।
અર્થાત્: તે જ સત્ય છે, શંકા વિનાનું છે,
જે તત્ત્વ જિનેશ્વર ભગવાને કહેલું છે.

પણ આવી પ્રતીતિ થઈ ત્યારે જ ગણાય કે જ્યારે
આત્મૌપમ્ય ભાવરૂપી આસ્તિક્ય અને તેના ફળરૂપ
સમસ્ત સત્ત્વવિષયક સ્નેહપરિણામ જાગ્રત થાય.

અહિંસા એ કેન્દ્ર (Centre),
તપ એ પરિધિ (Circumference) અને
સંયમ એ સેતુ (connecting link) અને
જીવન એ વર્તુળ (circle) છે. બીજા શબ્દોમાં અહિંસા
એ આત્માના સ્થાને, તપ એ શરીરના સ્થાને અને
સંયમ એ પ્રાણ અથવા શ્વાસોચ્છ્વાસના સ્થાને છે.
અહિંસા, સંયમ, તપ - ત્રણે મળીને ધર્મ પદાર્થ બને છે.
સંયમના અભાવે અહિંસા - તપ રહેવા છતાં ધર્મરૂપ
નહિ બની શકે, માટે સંયમ એ સેતુ છે, ધર્મનો પ્રાણ છે.

## અહિંસા એટલે...

પોતાના અલગ વ્યક્તિત્વની ચિંતામાં અનુપસ્થિતિ અને આત્માના પૃથક્ વ્યક્તિત્વની સદૈવ ઉપસ્થિતિ કે આત્માની સાથેનો પોતાનો સજાતીય સંબંધ છે, તેની સદૈવ સ્મૃતિ.

અહંકાર એ જ હિંસા - નિરહંકારતા એ અહિંસા છે.
બધાં પ્રકારના આગ્રહો એ હિંસાના જ પ્રકારો છે.
અનાગ્રહ વૃત્તિ એ જ તાત્ત્વિક અહિંસા છે,
એનું જ બીજું નામ સ્યાદ્વાદ પરિણતિ છે.

## સંયમ એટલે...

moderation, બંને પ્રકારના 'અતિ'નું વર્જન અને મધ્યમ માર્ગરૂપ મધ્યસ્થતા - પાશવિક પ્રવૃત્તિ અથવા ભૌતિક નિવૃત્તિથી બચવું, તે સંયમ - સંસ્કૃતિરૂપ છે.
તેમાં પ્રવૃત્તિનું અતિક્રમણ છે, પરન્તુ વિરોધ નહિ.

## તપ એટલે...

પ્રવૃત્તિનો વિરોધ - નિરોધ અથવા સંઘર્ષરૂપ દ્વન્દ્વાત્મક સ્થિતિ નહિ, કિન્તુ સંયમની જેમ જ પાશવિક અને આધિભૌતિક પ્રવૃત્તિનું અતિક્રમણ છે.
તપ તે એક પ્રકારની સ્થિરતા કે સ્થિતપ્રજ્ઞતા છે.

તપ એક પ્રકારનો તાપ છે, અગ્નિ છે,
વીર્યશક્તિનું ઉર્ધ્વગમન છે.
અગ્નિનો સ્વભાવ જ ઊંચે જવાનો છે.
તપ એ જીવનો સ્વભાવ હોવાથી સહજ અને સરળ છે. અનાદિકાળથી શક્તિને નીચેની બાજુ લઈ જવાની આદત પડી છે, તેથી તપ કષ્ટપ્રદ લાગે છે. તે આદતને બદલવા માટે તેનો નિરોધ અથવા વિરોધ કરવાને બદલે તેનો મૂક સ્વીકાર કરી લેવો, એ જ સરળ ઉપાય છે. નિરોધાદિ દ્વારા આદતને શક્તિ અપાય છે, તે મળતી બંધ થઈ જશે એટલે આદત આપોઆપ પલટાઈ જશે.
તપનું પ્રથમ સૂત્ર 'હું શરીર નહિ' એમ નિષેધાત્મક છે. બીજું સૂત્ર 'હું પ્રભુશક્તિસ્વરૂપ છું' એ વિધેયાત્મક છે.
તપના મુખ્ય બે પ્રકાર છે: બાહ્યતપ તથા આંતરતપ. તે બંનેમાં ઇંદ્રિયો તથા મનના માલિક થવાનો પ્રયત્ન છે.

છ પ્રકારના બાહ્યતપ

'તપમાં પ્રથમ અનશન = આહારનો ત્યાગ છે;' તેનો અર્થ ૫ ઇંદ્રિયો + મનના સૌ વિષયોનો ત્યાગ સમજવાનો છે.

બીજો ઉણોદરી તપ છે.

અહીં શરીર, મન તથા ઇંદ્રિયોને આહાર આપવા છતાં

તેની ચરમ સ્થિતિ આવતાં પહેલાં
તે આહારને લેતો રોકી લેવાથી આત્માનું બળ વધે છે.
ત્રીજા વૃત્તિસંક્ષેપ તપમાં વૃત્તિમાત્રનો સંક્ષેપ કરવાનો છે.
પ્રત્યેક વૃત્તિને સ્વ - સ્વ કેન્દ્રો સાથે સંબદ્ધ રાખવા,
બુદ્ધિને તેમાં માત્ર સાક્ષીભૂત રાખવા.
ચોથા રસત્યાગમાં પણ રસ કોઈ બાહ્યવસ્તુમાં નહિ પણ
આપણી વૃત્તિઓમાં છે, તેથી તેમાં જ સાક્ષીભાવ કેળવવો.
કાયક્લેશમાં 'કાયા જ ક્લેશરૂપ કે કષ્ટરૂપ છે' એમ
માનીને તેને શાંતિથી સહી લેવા, એ તપરૂપ છે.
છઠ્ઠું બાહ્યતપ સંલીનતા એ સ્વરાજ્ઞાના સંવરરૂપ છે.
સંલીનતા એ અભ્યંતર તપમાં જવા માટે સેતુસ્વરૂપ છે.
આ છ એ પ્રકારના તપનું ક્રમશઃ સેવન એ રક્તવાહિની
નાડીઓનું શોધન કરે છે. નાડીઓનું શોધન થયા બાદ જ
અભ્યંતર તપનો વાસ્તવિક અધિકાર પ્રાપ્ત થાય છે.
આ ક્રમનો ભંગ કરીને જો કોઈ ધ્યાન કે કાયોત્સર્ગ જેવા
અભ્યંતર - અંતિમ કોટિના તપનું સેવન કરવા જાય,
તો વિક્ષિપ્ત કે સંમૂઢ દશાને પામે છે.
સંલીનતામાં આત્માભિમુખી અંતર્યાત્રા થાય છે,
તેથી તે બાહ્યતપ હોવા છતાં અભ્યંતરનો સેતુ બને છે.

## છ પ્રકારના અભ્યંતર તપ

આમાં પ્રધાનતા માનસિક અને આધ્યાત્મિક શોધનની છે.
અભ્યંતર તપનો પ્રારંભ પ્રાયશ્ચિતથી થાય છે.
પ્રાયશ્ચિત એ પશ્ચાતાપરૂપ નહિ પણ અહંકારગલનરૂપ છે.
પશ્ચાતાપવાળો પોતાના આત્મામાં ભૂલ જોતો નથી પણ
ભાગ્યાધીન કોઈ કર્મમાં જ ભૂલને જુએ છે, તેથી થઈ
ગયેલ ભૂલ માટે માત્ર માફી માંગી છૂટી જવાનું થાય છે
અને વારંવાર ભૂલ કરવાનું અને માફી માંગવાનું થવાથી
અહંકારપોષક એક રૂઢિ માત્ર બની જાય છે.
માફી માંગવી તે શિષ્ટાચારનું એક પ્રતીક માત્ર રહે છે.
પ્રાયશ્ચિત વડે અહંકાર ગળે છે અને
પછી જ બીજા અભ્યંતર વિનય તપનું પાલન થાય છે.
જીવના જીવત્વનો આદર તે 'વિનય' છે.
ત્રીજું વૈયાવચ્ચ તપ સેવા દ્વારા પુણ્ય મેળવવા માટે
કે કોઈ કાર્યની સિદ્ધિ માટે નહિ પણ કર્મક્ષય માટે છે.
ચોથા સ્વાધ્યાય તપમાં સ્વ = આત્મા, તેની સન્મુખ
થવા માટે જે કોઈ અભ્યાસ-અધ્યયન થાય, તે લેવાનું છે.
પાંચમું તપ ધ્યાન પણ આત્મધ્યાન અર્થમાં લેવાનું છે.
શરીરાદિ બાહ્યપદાર્થો સાથે જે એકતા કરી છે, તે સતે

શ્રી

કે પારમાર્થિક નહિ, પરન્તુ આત્મા કે પરમાત્મા સાથે
જે એકતાનો - અભેદનો અનુભવ તે જ સત્ય છે અને
તે ધ્યાનજન્ય તપ દ્વારા સાધી શકાય છે. પૂર્વના પ્રકારો
પણ આ ધ્યાનતપની પરિકમ્મણા રૂપ સમજવાના છે.
શરીરાદિથી પૃથક્ ભિન્ન અનુભવવાના અભ્યાસ માટે
બધાંય પ્રકારના તપોનું આસેવન કરવાનું છે. એ રીતે
તપના બધા પ્રકારો પરસ્પરનાં પૂરક અને સહાયક છે.

અભ્યંતર તપનો છેલ્લો પ્રકાર કાયોત્સર્ગ છે.
તેમાં કાયભાવનો સદંતર ત્યાગ છે અને
આત્માનુભૂતિનો તીવ્ર અભ્યાસ છે.
કાયક્લેશમાં કાયાજનિત ક્લેશોને સહવાનો
અભ્યાસ રહેલો હોવાથી તે બાહ્યતપ છે,
કાયોત્સર્ગ તપમાં સમગ્ર કાયભાવ અને દેહાધ્યાસનો
ત્યાગ કરવાની અંતરંગ ક્રિયા છે, તેથી તે અભ્યંતર તપ છે.

કાયોત્સર્ગની મુખ્ય વસ્તુ એ છે કે
જે જેવું છે, તે તેવું માનવું, તે રીતે જાણવું અને જોવું.
'શરીર એ પાંચ ભૂતોનું છે, આત્મા એ જ્ઞાન-દર્શન
ઉપયોગસ્વરૂપ છે.' એ રીતે કાયાદિની માલિકીનો ત્યાગ
અને પોતે પોતાનું માત્ર જ્ઞાન-દર્શનરૂપ ચૈતન્ય છે,
તેવું અનુભવવું.

'આંખમાં જે પ્રકાશ છે, તે સૂર્યનો છે.
હાથ-પગ-પેટમાં જે માટી છે, તે પૃથ્વીની છે. શરીરમાં
પ્રાણ-પવનાદિ છે, તે આકાશાદિ ભૂત-ભૌતિક છે.
તે બધું બાહ્યવિશ્વનું છે, જગતનું છે, આત્માનું નહિ'
એવું સતત ભાન અને સ્મરણ કાયોત્સર્ગ દ્વારા થતાં
આત્માના અભ્યાસથી સધાય છે.

કાયોત્સર્ગ એ દેહાધ્યાસ ઘટાડવાની અને
આત્માભ્યાસ વધારવાની તપઃક્રિયા છે.

'કેવળ આ શરીરનો જ નહિ પણ સમગ્ર આ વિશ્વનો
સંચાલક આત્મા છે, આત્મતત્ત્વ છે અને તે હું પોતે છું,
મારું સાચું તાત્ત્વિક સ્વરૂપ તે છે.'

સૂતાં પહેલાં અને સવારે ઉઠતી વખતે આ ભાવનું
ચિન્તન-મનન ખૂબ જ સહાયક બને છે, તેથી નિદ્રા
અને જાગૃતિમાં આ ભાવ કાયમ રહે છે અને મરણ
વખતે ચિત્તની સમાધિ અને સ્વસ્થતા ટકી રહે છે.
કાયોત્સર્ગ, ધ્યાન અને સ્વાધ્યાયાદિ અભ્યંતર તપના
પ્રકારો એક રીતે સમાધિમરણ પામવાના પૂર્વાભ્યાસરૂપ છે.
તપ જેમ અભ્યસ્ત થતો જાય છે, તેમ સંયમ અને
અહિંસાનું પાલન પણ શુદ્ધ થતું જાય છે.

આ ધર્મનું પાલન કરનારને કોઈને પણ નમવું પડતું નથી,
પ્રત્યુત ભગવાન મનુષ્યો અને દેવો પણ તેને નમે છે.

સામાયિકનો સામ પરિણામ એ અહિંસા સ્વરૂપ છે,
સમ પરિણામ એ સંયમરૂપ છે અને
સમ્મ પરિણામ એ તપ સ્વરૂપ છે.

અહિંસા, સંયમ અને તપ - એ ત્રણે એકત્ર મળીને
ધર્મમંગલ બને છે. જેની પાસે ધર્મમંગલ છે, તેને
કોઈ દેવને ય નમવું પડતું નથી. પ્રત્યુત દેવોને પણ
ધર્મમંગલ જેની પાસે છે, તેને નમવું પડે છે.

સર્વજ્ઞ ભગવંતે એ સામાયિકને મોક્ષનું પરમ પરમ
કારણ માનેલું છે અને તેના ત્રણ અંગો ફરમાવ્યા છે:

અહિંસા - સંયમ - તપ અથવા

સામ - સમ - સમ્મ અને દર્શન - જ્ઞાન - ચારિત્ર.

સામ મધુર પરિણામરૂપ છે, સમ તુલા પરિણામરૂપ છે
અને સમ્મ એ ખીરખંડયુક્ત પરિણામરૂપ છે.

તુલાપરિણામ જીવોમાં તુલ્યતાનું ભાવન કરવાનું શીખવે.
આત્મા ચૈતન્યસ્વરૂપે સર્વદેશ - સર્વ કાળવ્યાપી છે.
સર્વદેશવ્યાપી છે, માટે તિર્યક્સામાન્યથી તુલ્યસ્વરૂપ છે,
સર્વકાળવ્યાપી છે, માટે ઊર્ધ્વતાસામાન્યથી તુલ્યસ્વરૂપ છે.

એ દ્રવ્યાર્થિક નયનો વિષય છે. પર્યાયાર્થિક નયથી એક દ્રવ્ય સર્વ ગુણ અને સર્વ પર્યાયથી અનુસ્યૂત છે.

'ગુણપર્યાયવદ્ દ્રવ્યમ્ ।'

એક દ્રવ્ય એ અનંત ગુણ અને પર્યાયોથી યુક્ત છે. ગુણ એ સહભાવી અને પર્યાય એ ક્રમભાવી ધર્મ છે. આત્મામાં અનંતા સહભાવી ધર્મો - ક્રમભાવી પર્યાયો છે.

અનંતા ગુણધર્મોમાં એક જ દ્રવ્ય અનુસ્યૂત છે.

એ રીતે ઉત્કૃષ્ટતાનો વિચાર એ અખંડયુક્ત પરિપૂર્ણ છે. દ્રવ્યના સ્વજાતિથી એકતા અને સ્વપર્યાયોથી દ્રવ્યના અભિન્નતાનો વિચાર મળીને સામાયિક ધર્મ બને છે. અહિંસામાં તિર્યક્સામાન્યનો - સંયમમાં ઉર્ધ્વતાનો અને તપમાં ગુણ-પર્યાયના એકતાનો વિચાર મુખ્ય બને છે, તેથી પરિપૂર્ણ ધર્મમાં ત્રણે ધર્મોની સમાન આવશ્યકતા છે.

'wholeness is holiness.'

અવયવનો નહિ, અવયવીનો વિચાર પવિત્રતા લાવે છે. પર્યાય એ ગુણમાં તથા ગુણ એ દ્રવ્યમાં અનુસ્યૂત છે. દ્રવ્ય એ સામાન્ય અને વિશેષ - ઉભય સ્વરૂપ છે. સામાન્ય એ તિર્યક્ તથા ઉર્ધ્વ સ્વરૂપ છે અને

વિશેષ એ ગુણ અને પર્યાય સ્વરૂપ છે.

શ્રી

એ રીતે પદાર્થની જેવી વ્યવસ્થિતિ છે,
તેવી તેને લક્ષમાં રાખીને જે વર્તન
મન - વચન - કાયાથી થાય, તેનું નામ 'ધર્મ' છે.
તિર્યક્સામાન્યને મુખ્ય બનાવવાથી આચારમાં
'અહિંસા' આવે છે અને વિચારમાં 'સમતા' આવે છે.
ઊર્ધ્વતા સામાન્યને મુખ્ય બનાવવાથી
આચારમાં સંયમ અને વિચારમાં 'એકતા' આવે છે.
ગુણ - પર્યાયને મુખ્ય બનાવવાથી
આચારમાં તપગુણ અને વિચારમાં ઉચ્ચતા આવે છે.
દ્રવ્યથી અખંડતા, ગુણથી એકતા અને પર્યાયથી ઉચ્ચતા
અનુક્રમે સમ - દમ - સમભાવને વિકસાવી સામાયિક
- ધર્મને પુષ્ટ કરે છે. સામાયિકધર્મ આચારમાં અહિંસા,
સંયમ, તપરૂપ છે અને વિચારમાં સમ્યગ્દર્શન અને
સમ્યગ્જ્ઞાન - સમ્યક્ચારિત્રરૂપ છે. પ્રવૃત્તિમાં અહિંસા,
સંયમ અને તપ તથા પરિણતિમાં દર્શન - જ્ઞાન અને
ચારિત્ર મુખ્ય બને છે, ત્યારે તે ધર્મ ભાવમંગલ
સ્વરૂપ બનીને સર્વ દોષોને મૂળ નાશનાર થાય છે.
તન - મનની ખિન્નતા દૂર કરવા તપ - જપમાં અપૂર્વ
શક્તિ છે. 'મળશુદ્ધિ ત્યાં મનશુદ્ધિ' એ લૌકિક કહેવત છે.

## સર્વવિરતિ સામાયિકના ત્રણ પ્રકાર છે:

સામ = સમશત્રુ - મિત્રતા = દર્શનગુણ.
સામ એ સુકૃતનો રાગ - સાધુસેવા છે.
સમ = સમસુખ - દુઃખતા = જ્ઞાનગુણ.
સમ એ દુષ્કૃતનો દ્વેષ - જયણા છે.

સમ્મ = જ્ઞાન - ક્રિયાની સંયુક્તતા = ચારિત્રગુણ.
સમ્મ એ શરણાગમન પરિણામ આત્માદિ - ગુરુત્યાગ છે.

સાધુમાં સામ પરિણામ ઉપરાંત સમિતિ - ગુપ્તિ સહિત મહાવ્રતોનું પાલન, આત્મૌપમ્યભાવન, સમ્યગ્દર્શન હોય.

ઉપાધ્યાયમાં સામપરિણામ ઉપરાંત સમપરિણામ, ૯ ગુપ્તિ સહિત પાંચ ઇંદ્રિય અને ૪ કષાયનો વિજય તથા સમ્યગ્જ્ઞાનગુણ દ્વારા વૈરાગ્યનું ભાવન હોય.

આચાર્યમાં સામ અને સમ પરિણામ ઉપરાંત
સમ્મ પરિણામ ભળે, પંચાચાર પાળે - પળાવે,
સ્થિરતારૂપ ચારિત્રગુણ આવે છે.

આત્મજ્ઞાન, આત્મદર્શન અને આત્મરમણતા - એ ત્રણ ગુણના પ્રત્યક્ષરૂપ ઉપાધ્યાય, સાધુ તથા આચાર્યપદ છે. સાધુમાં સાધુતા છે, ઉપાધ્યાયમાં શાસ્ત્રાધ્યયન દ્વારા જ્ઞાનદશા જાગે છે અને આચાર્યમાં જેવું દર્શન - જ્ઞાન, તેવી જ આચારપાલનમાં અપ્રમાદ આવે છે.

શ્રી

સાધુપદમાં આસ્તિક્ય - અનુકંપાની મુખ્યતા છે.
ઉપાધ્યાયપદમાં સંવેગ અને નિર્વેદની મુખ્યતા છે.
આચાર્યપદમાં તે ૪ ઉપરાંત વિષય-કષાયનો ઉપશમ છે.
સાધુના શરણામાં તે સર્વનું શરણ ગ્રહણ કરાય છે.
રત્નત્રય એ આચાર્ય, ઉપાધ્યાય, સાધુ ત્રણેના વાચક છે.

સાધુસેવાથી સુકૃતનો સ્વાદ વધે છે,
જિનધર્મથી દુષ્કૃત ઉપર દ્વેષ કેળવાય છે તથા
શરણાગમનથી દુર્લભ પદાર્થ ઉપરનું મમત્વ જાય છે.
જીવને અનાદિકાળથી સુકૃતનો કંટાળો, દુષ્કૃતનો પ્રેમ
અને સંસારી પદાર્થ પ્રત્યે મારાપણાંની બુદ્ધિ છે,
તેનાથી અહિત મારાપણાંની એ બુદ્ધિથી છૂટવાનો ઉપાય
સાધુસેવા, જિનધર્મ, અરિહંતાદિમાં મારાપણાંની બુદ્ધિ છે.
સુકૃત-દુષ્કૃતના વિપાક ઉપરની શ્રદ્ધાથી ચિત્તશુદ્ધિ તથા
અરિહંતાદિનું શરણ ગ્રહણ કરવાથી આત્મલાભ થાય છે.

o

*Selfishness, not suffering,*
*is the greatest of all evils and*
*Love, not release from suffering,*
*is the greatest of all good.*
*- Dr. Arnold J. Toynbee*

## સામાયિકની પ્રતિજ્ઞાના ૧૩ અંગો છે:

(૧) કરેમિ ભંતે સામાઇયં |

અહીં સમભાવમાં રહેવાની પ્રતિજ્ઞા કરાય છે. સર્વ જીવો પ્રત્યે સમાન ભાવ, પોતાના આત્માની સુખ અને દુઃખની અવસ્થાઓ વચ્ચે ચૈતન્યસ્વરૂપેણ સમાનભાવ અને જ્ઞાનાદિ અનંતગુણો એ આત્મસ્વરૂપ હોવાના કારણે તે સર્વ ઉપર સમાન ભાવ, એ રીતે વસ્તુ, વ્યક્તિ અને તેની અવસ્થાઓ પ્રત્યે સમત્વ ભાવને ટકાવી રાખવાની હું પ્રતિજ્ઞા લઉં છું.

(૨) સાવજ્જં જોગં પચ્ચક્ખામિ |

સમભાવની પ્રતિજ્ઞામાં ટકી રહેવા માટે સ્વપરની હિંસા જેમાં રહેલ છે, તેવા સર્વ પાપપ્રવૃત્તિઓનો ત્યાગ કરું છું.

(૩) જીંદગી પર્યન્ત અથવા મર્યાદા પર્યન્ત

(૪) કરવારૂપે (૫) કરાવવારૂપે તથા (૬) અનુમોદવારૂપે (૭) મનથી (૮) વચનથી (૯) કાયાથી કરવા - કરાવવા - અનુમોદવારૂપે (૧૦) પડિક્કમામિ | જ્ઞાન વડે તેને પ્રતિક્રમું છું.

(૧૧) નિંદામિ | દર્શન વડે તેને નિંદું છું.

(૧૨) ગરિહામિ | ચારિત્ર વડે તેને ગર્હું છું.

(૧૩) વોસિરામિ | તપ વડે તેને વોસિરાવું છું.

સાવદ્ય વ્યાપારવાળા આત્માને તેમાંથી પાછો ફેરવીને, અપાપ વ્યાપારવાળા આત્માની નિંદા, ગર્હા અને ફરી ન કરવાની પ્રતિજ્ઞારૂપ ત્યાગ કરવાથી જ જીવ સંપૂર્ણ ભાવારોગ્ય પ્રાપ્ત કરી શકે છે.

દ્રવ્યારોગ્ય માટે જેમ વિરેચન, અપથ્યનો ત્યાગ, પથ્યના સેવનપૂર્વક રસાયણનું સેવન ગુણકારી થાય, તેમ જ આપણો જીવ સહેલાઈથી ભાવારોગ્ય મેળવી શકે છે.

## એક વિધાનનો તાત્ત્વિક અર્થ

'અરૂપમાંથી પૃથ્વી અને પૃથ્વીમાંથી માનવની ઉત્પત્તિ થઈ છે, તેથી માનવ પાછો સ્વકેન્દ્રભૂત અરૂપમાં લીન થશે, ત્યારે જ તે જન્મ - મરણાદિના ચક્રમાંથી મુક્ત થશે.'

આ વિધાનનો તાત્ત્વિક અર્થ એ છે કે:

અરૂપ એટલે પોતાનો જ શુદ્ધ આત્મા.

અનાદિકાળથી તે પોતાના નાભિસ્થ આઠ રૂચક પ્રદેશની શક્તિ વડે શેષ આત્મપ્રદેશોની ગતિ કરે છે અને તે ગતિથી પૃથ્વી સમાન શરીરનું સર્જન - વિસર્જન કર્યા કરે છે. તેના પરિણામે અથડાતાં - કૂટાતાં માનવયોનિ મેળવે છે, તે પૃથ્વીમાંથી માનવનું બનવું એ સંગત થઈ શકે છે. આધુનિક વિજ્ઞાનનું કથન આ અપેક્ષાએ સંગત થઈ શકે.

## આધ્યાત્મિક જ્યોતિષમાં સૂર્ય - ચંદ્રનો અર્થ

સૂર્યનો અર્થ આત્મા અને ચંદ્રનો અર્થ મન થાય છે.
ઉપસૂત્રમાં સૂર્યની નિરુક્તિ નીચે પ્રમાણે કરેલ છે:

'સૂયતે, ઋધ્યતે યસ્માત્ ।'

જેમાંથી જન્મે અને વધે (સૂ = જન્મવું, ઋધ્ = વધવું).

જેમ સૂર્ય - ચંદ્રાદિ ગ્રહોની અસર આપણા ઉપર છે, તેમ આપણા આત્માની જ્યોતિની પણ અસરો સમગ્ર જ્યોતિર્મંડળ ઉપર થાય છે, કેમકે જ્યોતિ સર્વત્ર સમાન છે અને સંબદ્ધ છે. અસર કે પ્રભાવ કદી એકતરફી ન હોય, *reciprocal* હોય.

જેમ જીવોમાં પરસ્પરોપગ્રહ માનેલો છે, તેમ ચૈતન્યવંત જ્યોતિમાં પણ તે માનવો જોઈએ.

તીર્થંકરોના આત્માએ સમગ્ર જીવસૃષ્ટિ સાથે એકતા-સમતાનો સંબંધ સાધ્યો, તેથી ત્યાર બાદ તેમના જન્મથી માંડીને નિર્વાણ પર્યંત સમગ્ર ચેતનસૃષ્ટિ તેમને અનુકૂળ રહી, ગર્ભમાં આવ્યા ત્યારે પણ બધા ગ્રહો પરમોચ્ચ સ્થાને રહ્યા, બધી ઋતુ ય અનુકૂળ બની આદિ જે અતિશયો પ્રાપ્ત થયા, તે આ વાતની સાક્ષી પૂરે છે. એ રીતે વિચારતાં આખું જગત એક જીવંત શરીર છે,

તેમાં કોઈ કે કાંઈપણ પૃથક્ કે અલગ અસ્તિત્વ ધરાવતું નથી, બધું પરસ્પર સંયુક્ત અને સંબદ્ધ છે.

આ દૃષ્ટિ સ્થિર થતી જાય, તેમ તેમ એકપણ જીવની તો શું, એકપણ વસ્તુ કે પ્રસંગની પણ ઉપેક્ષા નહિ થઈ શકે, કિન્તુ તે તે વ્યક્તિ, વસ્તુ કે પ્રસંગ પરત્વે યથાયોગ્ય વ્યવહારરૂપ ધર્મપાલન થયા વિના રહી જ નહિ શકે. આ દૃષ્ટિને આગળ કરીને પૂર્વ ઋષિઓએ 'જીવો જીવસ્ય જીવનમ્ ।' અને વર્તમાન વિજ્ઞાને 'life begets life' Ecologyના જે નિયમો નક્કી કર્યા છે, તેની સંગતિ થઈ શકે છે. ઉપાસનામાં આ પ્રકારનો અદ્વૈતભાવ - અભેદભાવ અનિવાર્ય બને છે. આગમોમાં નિગોદ અને તેના અસંખ્ય ગોળકોની જે પરિભાષા જોવા મળે છે, તેને જ ઘણા અંશે મળતી આધુનિક વિજ્ઞાનની વાત છે, જે સૂર્ય - ચંદ્ર - પૃથ્વીના અસંખ્ય મંડળો માને છે અને દરેક સૌરમંડળમાં જેમ પોતપોતાની ધરીની આસપાસ વર્તુળાકારે ભમે છે, તેમ પ્રત્યેક મંડળ બીજા મોટા મંડળની આસપાસ ફરે છે.

પ્રત્યેક ગોળાને એક એક સૌરમંડળ અથવા જ્યોતિમંડળ માનીએ, તો જરૂર સમન્વય થઈ શકે.

## લોકસ્થિતિ અને અર્હદાદિનો પ્રભાવ

## લવણસમુદ્ર જંબૂદ્વીપને જળબંબાકાર કરતો કેમ નથી?

જંબૂદ્વીપના ભરતૈરવતમાં અરિહંતો,
ચક્રવર્તી - બલદેવ - વાસુદેવો, ચારણ - વિદ્યાધર મુનિઓ,
શ્રમણ - શ્રમણી, શ્રાવક - શ્રાવિકાઓ,
એકવચની, પ્રકૃતિભદ્રક, પ્રકૃતિ વિનીત, પ્રકૃતિ ઉપશાંત,
પ્રકૃતિપ્રતનુ ક્રોધ - માન - માયા - લોભ,
ભદ્રક, વિનીત, મૃદુ - માર્દવસંપન્ન, આલ્લીન
એવા મનુષ્યો વસે છે, તેના પ્રભાવે
લવણસમુદ્ર જંબૂદ્વીપને ડૂબાવી શકતો નથી તથા
નદી અને પર્વતોને વિષે વસનાર મહર્દ્ધિક દેવો,
યુગલિકક્ષેત્રોમાં વસતાં પ્રકૃતિભદ્રક મનુષ્યો,
મહાવિદેહમાં રહેલા અરિહંત, ચક્રવર્તી, બલદેવ, વાસુદેવો,
વિદ્યાધરો ઉપરાંત સાધુ - સાધ્વી - શ્રાવક - શ્રાવિકાઓ,
ભદ્રકપ્રકૃતિ જીવો વસે છે, તેના પ્રભાવે તથા
લોકસ્થિતિ અને લોકાનુભાવના કારણે તેમ બને છે.

૦ લવણસમુદ્ર જંબૂદ્વીપને પાણીથી પ્લાવિત નથી કરતો,
તેમાં કારણ તરીકે ચક્રવર્તી વગેરેનો પ્રભાવ અને
લોકસ્થિતિ બતાવેલ છે.

श्री

પ્રભાવના જે પ્રકારમાં પહેલો પ્રભાવ પુણ્યોદયનો છે
અને બીજો પ્રભાવ દૃઢ પ્રણિધાનનો છે.
પુણ્યપ્રભાવથી ઇન્દ્ર થાય એ તો સિદ્ધ છે,
બીજું ગુરુ આત્માઓનું દૃઢ પ્રણિધાન છે.
'પણિહાણ = પ્રકર્ષેણ નિધાન સ્થાપનં ચિત્તસ્ય તેન।'
ગુરુ આત્માઓના શુભ સંકલ્પથી કાર્યસિદ્ધિ થાય છે,
તેમ 'વિનીત - ભદ્રક પરિણતિ' સૂત્રના પદ મૂક્યા છે,
તે એમ સૂચવે છે કે ક્ષયોપશમ ભાવના ગુણો પણ
કારણ બને છે, તેમાં ભવિતવ્યતા અથવા
નિકાચિત કર્મનો ઉદય - એ જે અપવાદરૂપ છે.
હવે 'લોકસ્થિતિ'નો અર્થ 'લોકસ્વભાવ' લેવો અર્થાત્
લવણસમુદ્રનો સ્વભાવ છે કે
તેના પાણી જંબૂદ્વીપમાં ન પ્રવેશે.
'સ્વભાવ' એ પાંચમાંનું એક કારણ છે.
ભગવંતના ચ્યવનાદિ પાંચ કલ્યાણકોમાં ભગવાનના
પુણ્યપ્રભાવથી શક્રનું સિંહાસન કંપાયમાન થાય.
પાંચમું નિર્વાણ કલ્યાણક છે, તેમાં ભગવાન તો
કર્મરહિત થઈ મોક્ષે પધાર્યા, તો સિંહાસન કોણ કંપાવે?
તેના ઉત્તરમાં તત્ત્વાર્થકાર લોકાનુભાવને કહે છે.

શ્રી

વળી ક્ષાન્ત્યાદિ પ્રકૃષ્ટ ધર્મનો બહુ પ્રભાવ કહી શકાય.
પ્રતિભદ્રક વગેરે જીવોના શુભ સંકલ્પ લેવાય.

જિનપ્રવચન શ્રુતજ્ઞાનરૂપ છે, જ્ઞાન આત્માનો ગુણ છે.
તે પૌદ્ગલિક નથી, માટે તેને 'અનાહત' કહેવાય.
શ્રુતજ્ઞાનમાં દ્રવ્યશ્રુત (આગમ - ઉપાંગ) એ આહત છે,
ભાવશ્રુત (માનસ) એ અનાહત છે. આમ રીતે
હત = નાશ, આહત = ચારેબાજુથી સંપૂર્ણ નાશ તથા
'અનાહત' એટલે કદીય નાશ ન પામે,
તેવું શાશ્વત જિનપ્રવચન છે.

અરિહંતાદિનો પ્રભાવ વ્યવહારનયથી લોકસ્થિતિ અને
લોકાનુભાવ એ નિશ્ચયનયથી સમજવો.

- આ. જયઘોષસૂરિજી

## આપણો પ્રધાન ક્રિયાધર્મ શું છે?

'ક્ષમાદિપરિપાલનમભ્યાસઃ |'
ક્રિયાયોગથી ચિત્તસ્થિરતા - ક્લેશોની અલ્પતા થાય છે.
સમાધિભાવનાર્થઃ ક્લેશતનૂકરણાર્થઃ ચ |
પ્રભુપૂજા, સામાયિક, પ્રતિક્રમણ, વ્યાખ્યાન શ્રવણાદિ
ચિત્તસ્થિરતા અને કષાયોને પાતળા કરવાના માર્ગો છે,
તેથી તે પ્રધાન ધર્મ બને છે.

॥ શ્રી ॥

## સૂરિમંત્રની પાંચ પીઠોના નામ

(૧) પ્રથમ પીઠનું નામ વિદ્યાપીઠ છે.

(૨) દ્વિતીય પીઠનું નામ સૌભાગ્યપીઠ છે.

કોઈ એને 'મહાવિદ્યા' પણ કહે છે;

(સૂરિમંત્રકલ્પ સમુચ્ચય, ભા - ૧, પૃ - ૧૧૭, પં - ૨૨).

'વગ્ગવાદિ સોભાગ્ય મહુ મહુરે સ્વાહા |

ઇતિ યાવત્ સૌભાગ્ય વિદ્યા |' એજન, પૃ-૧૫૦, પં-૯

'વગ્ગુ વગ્ગુ' ઇત્યાદિ

મહુ મહુરે યાવત્ વર્ણ - ૨૨ સૌભાગ્ય વિદ્યા |

(3) તૃતીય પીઠનું નામ લક્ષ્મીપીઠ છે.

(૪) ચતુર્થ પીઠનું નામ મંત્રપીઠ છે.

(૫) પંચમ પીઠનું નામ મેરૂ (સુમેરૂ) પીઠ છે.

અહીં 'મેરૂ' શબ્દથી 'अर्हत्' સમજવાના છે.

('मेरुशब्दादर्हन् |' પૃ - 23, એજન પૃ - ૧3)

શાંતિકર સૂત્રમાં જે નામ દર્શાવ્યાં છે, તે અધિષ્ઠાતાના નામ ઉપરથી દર્શાવ્યાં છે, કારણકે ત્યાં તે તે પીઠોના અધિષ્ઠાયકોનું શાંતિ માટે સ્મરણ છે.

જો ત્યાં પાંચ પીઠોનાં નામ લેવાનાં હોત, તો ઉપર દર્શાવ્યાં છે, તે જ નામો મૂક્યાં હોત.

શાંતાક્રુઝ, ભાદરવા વદી ૬, મંગળવાર

સ્તવનમાં 'વિદ્યા સૌભાગ્ય લક્ષ્મીપીઠ' છે,
તે પૈકીનો 'પીઠ' શબ્દ સર્વત્ર લગાડવો જરૂરી છે.
એટલે પાછળ લખ્યા મુજબનાં પીઠોનાં નામ ક્રમ છે.

(૧) 'સ્નાનાંગરાગ' શ્લોક - ૧૫૨ અનુસારે
પ્રભુનાં ૧૨ અંગો ઉપર ૧૨ પદો ઠવી ધ્યાન ધરી છો,
તે બરાબર છે. બાહુબલિ મંત્રાદિ દીક્ષા શ્લોક - 300માં
લખી નથી પણ ત્યાં દીક્ષાનું ચિંતન જ બોલવા લાગે છે.

(૨) 'વગ્ગુ વગ્ગુ' કે 'મહુ મહુરે' દ્વારા
દુંદુભિનાદ, સિંહાસન, પર્ષદા, અશોકવૃક્ષ,
રત્નપ્રાકાર અને સુવર્ણપ્રાકાર જોવા લાગે છે.

(3) 'કિરિ કિરિ કાલી |' વગેરે પદો દ્વારા
દેવકૃત અતિશયો જોવા લાગે છે.

(૪) 'કિરિમાળે |' વગેરે પદો દ્વારા
ત્રીજો રૂપાનો ગઢ જોવા લાગે છે.

(૫) 'કિરિ મેરુ |' વગેરે પદો દ્વારા
ચતુર્મુખ પ્રભુ, યોજનપ્રમાણ ભૂમિમાં સંભળાતી દેશના
વગેરે જોવા લાગે છે.

જો કે શ્લોક-300માં (૧૬) પદવાળા સૂરિમંત્રના આમ્નાયની

વિગત છે અને તે મુજબ પ્રસ્થાનોનાં પદો પણ બદલાય છે,
છતાં ૬૨ પદવાળા સૂરિમંત્રમાં
ઉપર મુજબ યોજના કરવી યોગ્ય લાગે છે.
મુનિરાજ ગણિપિટકને ત્રીજા પીઠના અને
શ્રુતદેવીને ચોથા પીઠના અધિષ્ઠાયક તરીકે
ગણવા ઉચિત વિધાન ક્યાંય જોયું નથી.
આપણા માટે 'સંતિકરં'નો ક્રમ જ માન્ય છે.
'રાજશેખરી' આમ્નાયમાં ગણિપિટકને ત્રીજા પીઠના
અને શ્રુતદેવીને ચોથા પીઠના અધિષ્ઠાયક તરીકે ગણ્યા છે,
તેથી જે આમ્નાયની આરાધના કરતાં હોય,
તેને તે આમ્નાય મુજબ કરવામાં બાધ નથી.

- માલેગામ, ભાદરવા વદી ૬, મંગળવાર

## પ્રભુની ત્રણ અવસ્થાઓ

પ્રભુની જન્માવસ્થા, રાજ્યાવસ્થા, શ્રમણાવસ્થા -
એ ત્રણ પિંડસ્થ, તીર્થંકરપદ એ પદસ્થ અને
અંતે મોક્ષ તે રૂપાતીત અવસ્થા છે.

## ધન્ય ધન્ય માનવજન્મ

જન્મ સમયે (૫૬) દિક્કુમારિકાઓ, (૬૪) ઇંદ્રો,
દીક્ષા સમયે ક્રોડોનું દાન, મોક્ષ માટે શુક્લધ્યાન,

પરીષહ - ઉપસર્ગ સહન, કેવળજ્ઞાન પામ્યા બાદ
(૩૪) અતિશયો, (૩૫) વાણી ગુણો, ભવ્યાદિજીવોને બોધ,
મોક્ષમાર્ગસ્થાપન, નામાદિ વડે આલંબન, મેરૂ સમ ધીર,
સાગર સમ ગંભીર, તેજથી સૂર્ય, કાંતિથી નિર્મળ ચંદ્ર,
અતિશયો વડે મહાન, મોક્ષમાં અવ્યાબાધ સુખ,
દ્વન્દ્વાતીત સચ્ચિદાનંદમય, શુદ્ધ - બુદ્ધ - સનાતન
સદા નાથ - માર્ગદર્શક - મોક્ષપદના દાતા - પરમાત્માની
આપણને પ્રાપ્તિ થવી, તે બોધિલાભનો હેતુ છે.
ધન્ય બોધિ - ધન્ય સમાધિ - ધન્ય માનવજન્મ.

## વિનાયક અને વાનરની સરખામણી

વિનાયક અને વાનર વચ્ચે તફાવત સૂંઢ તથા પુચ્છનો છે.
સૂંઢવિશિષ્ટ એક નાયક બને છે અને
પુચ્છવિશિષ્ટ એક ચંચળ, અસ્થિર, નિરૂપયોગી બને છે.
સ્થિરતા એ નાયકત્વને આપે છે,
ચંચળતા તે ઉચ્છૃંખલતાને જન્માવે છે.
નાયકના કાન, આંખ, નાક સ્થિર રહે છે, જેને માથે
કોઈ જવાબદારી નહિ, તેનું બધું અસ્થિર રહે છે.
જેને ઘણાનું હિત કરવું છે, તેને બધામાં બધા
જીવને પણ પોતાનું વર્તન બનાવવું પડે છે.

જેને બીજાના હિતનો વિચાર નથી,
તેને સર્વત્ર ભટકવા છતાં કોઈ સન્માન કરતું નથી,
પોતાના સ્થાનમાં તેને કોઈ પ્રવેશવા દેતાં નથી.
વિનાયકને સ્થાન છે - માન છે - મંદિર છે,
વાનરને સ્થાન - માન - મંદિર કાંઈ નથી.
એ બે વચ્ચે રહેલું અંતર સૂચવે છે.
એકના હૃદયમાં બધાનું હિત વસ્યું છે, બીજાના અંતરમાં
પોતાના સિવાય બીજા કોઈનું સ્થાન નથી.
પોતાના તરફથી બીજાને થતાં કષ્ટની અનુભૂતિ કે
બીજા તરફથી પોતાને થતાં ઉપકારની અનુભૂતિ ન થવી,
તે વાનરતા અને અનુભૂતિ થવી, તે વિનાયકતા છે.
સ્વસુખે સુખિત્વં, સ્વદુઃખે દુઃખિત્વં ।
એ વાનર સ્વભાવ છે અને
તત્સુખે સુખિત્વં, તદ્દુઃખે દુઃખિત્વમ્ ।
એ વિનાયક સ્વભાવ છે.
વિનાયકને મોટું પેટ, લાંબા કાન, ઝીણી આંખ,
લાંબુ નાક અને નાનું વાહન હોય છે, તેના કારણો:
(૧) મોટું પેટ = ગંભીરતા સૂચવે છે, છીછરાપણું નહિ.
વિનાયક બધાની વાત પચાવનાર હોય છે.

શ્રી

(૨) લાંબા કાન = સૌની વાત સાંભળે છે.
કાન બંધ નહિ પણ ખુલ્લા રાખી વિશાળ.
(૩) ઝીણી આંખ = સૂક્ષ્મ દૃષ્ટિ પણ સ્થૂળ દૃષ્ટિ નહિ.
સૂક્ષ્મ દૃષ્ટિ આત્મા - પરમાત્માને જોઈ શકે છે,
સ્થૂળ દૃષ્ટિ કેવળ શરીર અને બાહ્ય સંપત્તિને જુએ છે.
(૪) લાંબુ નાક = સુગંધને ગ્રહણ કરે પણ દુર્ગંધને નહિ.
ફૂલને લે પણ પત્થરને ફેંકી દે.
(૫) નાનું વાહન = નાનાની વાત પણ સાંભળે અને
નાનામાં રહેલી મોટાઈને પણ ગ્રહણ કરે.

વિનાયક જોઈ શકે છે કે:
એક 'નવકાર'માં ભગવાન મહાવીર વસે છે અને
એક ભિક્ષુકમાં સમ્રાટ સંપ્રતિ વસે છે.

વાનરનું પેટ છીછરું, કાન ટૂંકા, ડોળા મોટા, નાક બુચું
અને વાહન વૃક્ષ, જે નેતૃત્વ માટે ના-લાયક છે.
'વિનાયક'ને સર્જવા જતાં વાનરનું સર્જન ન થઈ જાય,
તેની કાળજી રાખવી જોઈએ!
આ કહેવતનું તાત્પર્ય એ છે કે જેણે મોટા થવું હોય,
તેણે નાનાની કાળજી રાખતાં શીખવું જોઈએ,
નાનાની મોટાઈને જાતે જોતાં શીખવું જોઈએ.

પરમાત્માના દર્શન, વંદન તથા પૂજન - એ
તત્ત્વથી તો આત્માના જ દર્શન - વંદન - પૂજન છે.
પૂજ્યની પૂજા પૂજકને પૂજ્ય બનાવે છે.
પૂજકને પૂજ્યની આવશ્યકતા નથી, પરંતુ
પૂજકને પૂજ્ય બનવા માટે પૂજકની પૂજાની જરૂર છે,
પ્રભુની પૂજાથી જીવનમાં પ્રભુતા પ્રકટે છે,
સ્તોત્ર દ્વારા ચિત્તની વિક્ષિપ્ત દશા રોકાય છે,
જપ દ્વારા યાતાયાતનો નિરોધ થાય છે,
ધ્યાન દ્વારા શ્લિષ્ટ અવસ્થા પ્રાપ્ત થાય છે અને
લય દ્વારા સુલીન અવસ્થા પ્રાપ્ત થાય છે.

## ઉન્મનદશા કોને કહેવાય ?

વાઙ્મયી, કાયમયી અને મનોમયી અવસ્થા વટાવ્યા પછી
જ્યારે તુરીય અવસ્થા પ્રાપ્ત થાય છે,
ત્યારે તે 'ઉન્મનદશા' કહેવાય છે. મનને વશ કરવા
અવંચક નિશ્રાએ થતી પ્રભુભક્તિ પરમ ઉપકારક છે.
મન વશ કરવા માટે ગુરુવત્ પારતંત્ર્ય મુખ્ય સાધન છે.
એગે જિએ જિઆ પંચ | પંચ જિએ જિઆ દશ |
એક મનને જીતવાથી ૪ કષાય જીતાય અને તે પાંચ
જીતાય તો ૫ ઈંદ્રિયો મળી કુલ દશે દશ જીતાય છે.

મનોગુપ્તિ એટલે... મનની સ્થિરતા,
ધ્યાન, તત્ત્વરમણતા, વિષય - કષાયનો વિજય.
અનુષ્ઠાન માત્રનું મુખ્ય લક્ષ્ય મનોગુપ્તિ છે.
મન કે વચનનો વ્યાપાર એ આત્માનો અનુભવ નથી,
પરન્તુ આત્માને ઓળખવાના સાધન છે.
અનુભવ તો મન - વચનથી અતીત અવસ્થામાં જ થાય છે.
અધ્યાત્મને જણાવનારાં શબ્દો તે 'દ્રવ્યઅધ્યાત્મ' છે,
તેને 'શબ્દબ્રહ્મ' પણ કહે છે, જેમ કે 'સોઽહં' ઇત્યાદિ.
આ શબ્દો આત્માદિનાં બોધક છે,
તેમાં અધ્યાત્મની ભાવના છે.
મંત્રો એ 'શબ્દઅધ્યાત્મ' છે, તેમાં
સત્ત્વ સંકલ્પવાળા મુનિઓની શક્તિ છે, તેના સાથે
સાધકાત્માનું ચૈતન્ય ભળે છે, ત્યારે જ તે મંત્રો ફળે છે.
શબ્દઅધ્યાત્મ સવિકલ્પ છે, ભાવઅધ્યાત્મ નિર્વિકલ્પ છે.
અશુભ પ્રવૃત્તિમાં જતાં મન - વચન - કાયાના
વીર્યનો જેટલો સંયમ, તેટલો શુભપ્રવૃત્તિમાં
વધુ ઉલ્લાસ, વધુ સ્વસ્થતા અને વધુ એકાગ્રતા.
આત્મગુણની સંપત્તિ મેળવવા માટે જે વૃત્તિ,
તે સંવર અને નિર્જરારૂપ છે.

## શ્રુતાવલંબન શા માટે જરૂરી?

ભાવસ્તવના હેતુરૂપે દ્રવ્યસ્તવ જેમ ઉપાદેય છે, તેમ
નિર્વિકલ્પ ચિન્માત્ર સ્વરૂપના ધ્યાન માટે ધ્યાન પૂર્વે
શુભભાવનાદિ શુભ વિકલ્પો ઉપાદેય છે, અનિવાર્ય છે,
એમ માનીને શુભ વિકલ્પોનું ચિન્તન કરવું.
શુદ્ધ ધ્યાન માટે પહેલા શ્રુતાવલંબન જરૂરી ગણ્યું છે.
વ્યવહારનય નિશ્ચયાનુયાયી હોવાથી ઉપકારક છે,
પરન્તુ નિશ્ચયનય તો આત્મસાર છે.
આત્માને માટે સારભૂત હોય, તો તે નિશ્ચયનય છે.
ધ્યાતા આત્મા, ધ્યેય આત્મતત્ત્વ, ધ્યાન આત્મતત્ત્વનું -
ત્રણેની કથંચિત્ અભેદતા છે. અસ્થિરતા એ દુઃખનું
મૂળ તથા મન-વચન-કાયાની સ્થિરતા સુખનું મૂળ છે.
મૈત્ર્યાદિ ભાવનાઓના બળે સંવેગ - નિર્વેદમાં પ્રકૃષ્ટતા
પ્રાપ્ત કરીને પછી શમમાં સ્થિરતા મેળવી શકાય છે.

દવ્વં ગુણસમુદાઓ ખિત્તં ઓગાહ વટ્ટણા કાલો ।
ગુણપજ્જાયપવત્તી ભાવો નિઅવત્થુધમ્મો સો ॥

અર્થાત્: ગુણનો સમુદાય તે દ્રવ્ય, અવગાહના તે ક્ષેત્ર,
વર્તના તે કાળ અને ગુણપર્યાયની પ્રવૃત્તિ તે ભાવ.
તે જ વસ્તુનો પોતાનો ધર્મ છે.

યથાર્થપણે વસ્તુસ્વરૂપ કઈ રીતે જાણી શકાય?

૭ ભંગ, ૭ નય, ૪ નિક્ષેપ, ૫ સમવાય, ૮ પક્ષ - તે
અનુક્રમે સામાન્ય - વિશેષ, નિત્ય - અનિત્ય,
એક - અનેક, ભેદ - અભેદ, નિશ્ચય - વ્યવહાર,
દ્રવ્ય - ભાવ ઈત્યાદિ અનેકાંતવાદથી
વસ્તુનું સ્વરૂપ યથાર્થપણે જાણી શકાય છે.

અભિલાષા ઉત્સર્ગની જ રહે, તે માટે અપવાદને સેવે.

શિવ = નિરૂપદ્રવ મોક્ષસ્થાન, તેના જ રસિક મુનિગણ રહે. આત્મા અનંત ધર્માત્મક છે, વચન સંખ્યાતા છે, તેથી આત્મા વચનને અગોચર છે.

આત્માનુભવ, જે મહારસ, તેમાં જ મહામુનિ મગ્ન થાય.

ઉત્સર્ગ તપના બે ભેદ

દ્રવ્યથી આહાર, શરીર, ઉપધિ અને ગણનો ત્યાગ,
ભાવથી ભવ, કર્મ અને કષાયનો ત્યાગ.

સિદ્ધમાં કરણકાર્ય નથી પણ આત્મકાર્ય અવશ્ય છે.

દ્રવ્યશૌચ = ૪૨ દોષરહિત આહાર.

ભાવશૌચ = આત્માની પરિણતિના નિર્મળ પરિણામ.

દ્રવ્યફળ તે ઔદારિક - વૈક્રિય ભોગનો ત્યાગ અને
ભાવફળ તે પરપરિણતિનો ત્યાગ.

શ્રી

## ૨૨ પરિષહો કયા કયા?

૧૧ પરિષહો વેદનીય કર્મના ઉદયથી,
૮ મોહનીય કર્મના ઉદયથી, ૨ જ્ઞાનાવરણીય કર્મના ઉદયથી,
૧ અંતરાય કર્મના ઉદયથી, એમ મળી કુલ ૨૨ પરિષહો.

સમૃદ્ધ = સામર્થ્યવાન, સુગુણ = ગુણગ્રાહક.

સુદેવ - સુગુરુ - ધર્મ ઉપર શ્રદ્ધા, તે દ્રવ્ય શ્રદ્ધા.
આત્મા જ દેવ - ગુરુ - ધર્મ, તે ભાવ શ્રદ્ધા.

## ચાર પ્રકારના કારણ એટલે...

નિમિત્ત - ઉપાદાન - અસાધારણ અને અપેક્ષાકારણ.
યોગની સમાધિરૂપ અવસ્થા કે જેના વડે આત્મકાર્ય સિદ્ધ થાય, તે અસાધારણ કારણ અને મનુષ્યભવ - પ્રથમ સંઘયણાદિ તે અપેક્ષાકારણ.

ધર્માસ્તિકાયનો ગુણ ચલનસહાયભાવ, પર્યાય અગુરુલઘુ.

મુનિવેષ પણ ગુણના કારણભૂત માનેલ છે.
તે અમુક અનુચિત કાર્ય કરતાં અટકાવે છે.
મુનિલિંગ કાયમ રહે અને સાધુની ક્રિયા દ્રવ્યથી કરાતી રહે તો ભવિષ્યમાં ભાવચારિત્ર પણ ઉદયમાં આવે.

અનાદિકાળની આત્માની અશુદ્ધ પરિણતિ છે, તેમાં અશુભ વ્યવહાર છોડી શુભ વ્યવહારમાં રહેવાથી ક્રમે ક્રમે લાભ થાય છે.

એ રીતે ભાવિકમાં ભાવ જગાવે વ્યવહાર ક્રિયા પણ આદરણીય છે. ભાવ સર્વ આરાધક છે, ક્રિયા દેશારાધક છે.

## સાધુને પ્રતિવર્ષ બે વાર લોચનું વિધાન કેમ?

લોચની પ્રક્રિયા દ્વારા અરૂપી એવા આત્માની પણ અનુભૂતિ થઈ શકે છે.

તીર્થંકરો પણ દીક્ષા લેતી વખતે કેશનું લુંચન કરે છે. દ્રવ્યથી કેશલુંચન અને ભાવથી કષાયલુંચન - દ્રવ્ય એ ભાવનું કારણ છે. સર્વવિરતિ સામાયિકની પ્રાપ્તિમાં કેશલુંચન પણ એક કારણ છે.

પ્રત્યેક સાધુને પ્રતિવર્ષ બે વાર લોચનું વિધાન તે પ્રબળ ધ્યાન દ્વારા નવા નવા અનુભવદ્વાર ઉઘાડનાર બને છે.

સમતાપૂર્વકની કેશલુંચનની ક્રિયા વિપુલ કર્મનિર્જરાનું કારણ બની વિશિષ્ટ વિશુદ્ધિ પ્રગટાવે છે. પદારોહણ વખતે પણ લોચનું વિધાન આવશ્યક છે. તે આત્મશક્તિઓના ઉદ્ઘાટન - ઉર્ધ્વીકરણ માટે બને છે. એક જ વાળના મૂળમાં અસંખ્ય આત્મપ્રદેશો રહેલાં છે. વાળને ખેંચતી વખતે તે સ્થાને રહેલાં આત્મપ્રદેશોમાં કંપન બને છે. તેમાં જ ઉપયોગને સ્થિર બનાવવાથી શરીરમાં સંપૂર્ણ શાંતિ - સમતા - સંવેદન અનુભવાય છે.

V.V. Imp. <u>જિનમુદ્રાથી છૂટે દેહાધ્યાસ</u>

ઊભા ઊભા કાયોત્સર્ગ કરાય, ત્યારે
એક પગ ઉપર અગર બન્ને પગ ઉપર ભાર હશે,
પરન્તુ બંને પગ ઉપર એક સરખો ભાર નહિ હોય.
<u>જો પગ ઉપર એકસરખો ભાર ત્યારે જ રાખી શકાય,</u>
<u>કે જ્યારે ધ્યાતા દેહની મધ્યમાં જ ધ્યાન રાખે.</u>
<u>દેહના વચલા ભાગ ઉપર જ ધ્યાતાની દૃષ્ટિ હોય,</u>
<u>ત્યારે બંને પગ ઉપર સરખો ભાર રહે છે.</u>
<u>એક વખત ટેવ પડી જાય તો પછી</u>
<u>દૃષ્ટિ જમણા - ડાબા થશે નહિ અને જે કાંઈ અનુપ્રેક્ષા</u>
<u>અથવા ભાવના કરવા માંગો, તે સહેલાઈથી થઈ શકશે.</u>
જિનમુદ્રાએ કાયોત્સર્ગ કરતી વખતે બંને પગ ઉપર
સરખો ભાર હોય તો દેહ હળવોફૂલ જણાશે અને
દેહાધ્યાસ છૂટી જશે તથા શરીરમાં કોઈ ભાર નહિ રહે,
શરીર જાણે નિર્ભાર - bodiless બની જશે.

<u>આગમવાચન - શાસ્ત્રસ્વાધ્યાય દ્વારા શા લાભ ?</u>

શાસ્ત્રસ્વાધ્યાય દ્વારા તત્ત્વજ્ઞાન થાય છે,
માર્ગબોધ થાય છે, જિનવચનની આરાધના થાય છે
અને એ દ્વારા જિનેન્દ્રદેવની પણ આરાધના થાય છે.

આચારપાલન દ્વારા પોતાની ભૂમિકાનુસાર ઉચિત
કર્તવ્યનું પાલન થાય છે, તેથી ધ્યાન સ્થિર રહે છે.
આચારોનું પાલન અને શાસ્ત્રસ્વાધ્યાયપૂર્વક થતો
મંત્રજાપ પણ સહાયક થાય છે.

## ચિત્તની એકાગ્રતા અને શોધન

ધ્યાન કરવું હોય તો સૂતાં પહેલાં કરવું જોઈએ.
આંખનો સ્વભાવ છે જોવું, કાનનો સ્વભાવ છે સાંભળવું,
તેમ મનનો સ્વભાવ છે ભટકવું.
ધ્યાન વખતે ચિત્ત જ્યાં - ત્યાં ભટકે છે,
એ પ્રશ્ન અનાદિકાળનો છે. સવાલ મૂળમાં એ છે કે
ચિત્તને શુદ્ધ કર્યા વિના તેને એકાગ્ર ન કરવું જોઈએ.
મુખ્ય વાત એ છે કે...
ચિત્તને નિર્મળ, પ્રસન્ન, દોષમુક્ત કરવું જોઈએ અને
એ માટે ચિત્તનું શોધન કરવું જોઈએ,
જેના ઉપર ક્રોધ આવે છે, તેની ક્ષમા માંગવા તથા
ચિત્તના દોષો માટે પ્રતિપક્ષ ભાવના કરવી જોઈએ.
ચિત્તમાં વાસના ભરી છે માટે અહીં તહીં ભટકે છે,
તેથી પહેલાં તો ચિત્તને શુદ્ધ - વાસનામુક્ત કરવું,
જે પ્રતિપક્ષ ભાવનાથી જ શક્ય છે.

ચિત્તને વાસનાવિમુક્ત કર્યા વિના
જો એકાગ્રતા સાધવા ગયા તો રાવણ જેવું થશે.
તેનું ચિત્ત એકાગ્ર થઈ ગયેલું, પરન્તુ શુદ્ધ નહોતું,
માટે ચિત્ત શુદ્ધ થયા વિના એકાગ્રતા સધાતી નથી,
એકાગ્રતા સધાય, તેને ભગવાનની કૃપા જ માનો.

## સૌ સાથે મળીને કામ કઈ રીતે કરશું?

સમાજમાં બીજાની સાથે કામ કરવાનું રહેય છે, તેમના
ગુણો જ ધ્યાનમાં લેવા, દોષ તો બધામાં જ રહેય છે.
આપણામાં ય છે એ તો - common factor છે,
તેથી સાથીઓના ગુણ ગાવા, ગુણ વધારવા. એમની પીઠ
પાછળ એમના દોષોની ચર્ચા બીજાઓ સાથે ન કરવી.
નિંદા કરવી એ બહુ જ ખોટું છે.
તેનાથી આપણે કદી યે પ્રસન્નતા નહિ પમાશે.
એમ માનો કે:
'ભગવાન દુનિયામાં સદ્ગુરુરૂપે પ્રગટ થયા છે,
દરેક આત્મામાં તે ગુણરૂપે વસી રહ્યા છે.'
આમ માનવાથી દરેકમાં કોઈ ને કોઈ ગુણ જણાશે.
એ ગુણોનું જ ઉચ્ચારણ કરતાં રહેવાથી પોતાનું ચિત્ત
પણ શુદ્ધ થશે અને સામેવાળાના દોષ પણ નિર્મૂળ થશે.

આપણી વિચારશક્તિને શુદ્ધ અને સતેજ બનાવવાથી આત્માનો મોક્ષ સતેજ અને સરળ બને છે.

દૈવી સંપત્તિ એટલે સદ્‌ગુણ - આત્મભાવ અને આસુરી સંપત્તિ એટલે દુર્ગુણ - પુદ્‌ગલભાવ.

આત્મભાવ એ હૃદયશક્તિનો વિકાસ છે, જ્યારે પુદ્‌ગલભાવ એ હૃદયશૂન્ય બુદ્ધિશક્તિનો વિકાસ છે.

ધર્મનો પ્રાણ સમતા છે, તે હૃદયનો વિકાસ છે.

બુદ્ધિ જ્યારે હૃદયબળને અનુસરે છે, ત્યારે તે intellect મટી wisdom 'શાણપણ' બની જાય છે.

આત્મભાવનો જ્યારે પૂર્ણ વિકાસ થાય છે, ત્યારે તે વિશ્વરૂપતામાં પરિણમી જાય છે. તે વખતે સમતા, અહિંસા અને કરુણા તેની પરાકાષ્ઠા અનુભવે છે.

મૈત્રીભાવનાં દિવ્ય રસાયણથી બુદ્ધિ જ્યારે એકરૂપ - સમરૂપ બની જાય છે, ત્યારે 'નિર્વાણ' મળે છે.

બીજાના હિતના ભોગે જે સત્તા, સંપત્તિ, સુખ અને કીર્તિ વગેરે મળે છે, તે નરી પશુવૃત્તિની જ સૂચક છે.

હૃદયનો વિકાસ એટલે પોતાના નિમિત્તે બીજાને લેશ પણ દુઃખ ન પહોંચે, તેની ખબરદારી અને વિશ્વના ભલા કાજે પોતાનું સર્વસ્વ સમર્પણ કરવાની તૈયારી.

તે સમર્પણ દ્વારા જ જેનું દૈવત્વપણું - અલૌકિકત્વપણું છે,
આનું જ નામ સાચી યોગસાધના, અધ્યાત્મસાધના,
ધર્મસાધના છે. એ જ માનવજીવનની સાર્થકતા છે.

## સમતા - એ જ ઉત્કૃષ્ટ ધર્મ

મૈત્રી, જેનું મૂળ અહિંસા અને જેનું મૂળ સમતા છે.
સમતા - સામ્યસર્વસ્વ એ જ ઉત્કૃષ્ટ ધર્મ છે અને
એ જ આર્હન્ત્ય છે. સકલ અરિહંતોમાં તે રહેલું છે,
સિદ્ધોનું તે અધિષ્ઠાન છે અને ત્રણે ત્રણ લોકનું તે
આધિપત્ય ધરાવે છે. તેની સત્તા નીચે સમગ્ર વિશ્વ છે.
જે કોઈ જેનું ઉલ્લંઘન કરે છે, તે શિક્ષા પામે છે.

જે કોઈ જેનું અનુસરણ કરે - કરાવે છે,
તેઓ સ્વર્ગાપવર્ગના ભોક્તા બને છે.

શ્રમણ સંસ્કૃતિએ પ્રબોધેલા સાધના પદ્ધતિના ધ્યેયરૂપ
કોઈપણ વસ્તુ હોય, તો તે સમતા - સહનશીલતા છે.
'ઉવસમસારં ખુ સામણ્ણં |' શ્રામણ્યપણાનો સાર એ
ઉપશમ છે, ક્ષમા છે, સમતા છે, રાગ-દ્વેષની નિવૃત્તિ છે.
હવેના શ્લોકનો ભાવાર્થ એવો છે કે: વિવિધ પ્રકારના કર્મ-
બંધથી અસ્તવ્યસ્ત થએલાં કર્માધીન લોકોમાં ઉદાસીન
ચિત્તવૃત્તિવાળા-પીડારહિત મુનિભગવંતો સુખપૂર્વક રહે છે.

अदृष्टवैचित्र्यवशाज्जगज्जने
विचित्र - कर्माशय - वाग् - विसंस्थुले ।
उदासवृत्तिस्थितचित्तवृत्तयः
सुखं श्रयन्ते यतयः कृतार्थयः ॥१॥

મહાભારતમાં કહ્યું છે કે:

'मम' बन्धाय 'न मम' मोक्षाय च । અર્થાત્:

બે અક્ષરમાં બંધન છે, ત્રણ અક્ષરોમાં મુક્તિ છે.

'ઉપવાસ' અને 'પર્યુષણ' શબ્દના અર્થ

ઉપવાસ = સમીપ વસવું, પરમાત્માની સમીપ બેસવું.
'પર્યુષણ'નો આધ્યાત્મિક અર્થ = આત્માની સમીપ રહેવું.
અનંતકાળથી આત્મા મિથ્યાત્વમાં,
મોહ - અજ્ઞાનમાં તથા પુદ્ગલની સમીપે રહેતો આવ્યો છે,
તેમાંથી છૂટી પોતાના આત્માની સમીપ,
વિભાવદશામાંથી સ્વભાવદશામાં,
મમતામાંથી સમતામાં, ઉપરાંત
ભૌતિકતામાંથી આધ્યાત્મિકતામાં આવી વસવું,
તેનું નામ પર્યુષણા. તે સૂતેલા આત્માને જગાડે છે.
સાધનામાર્ગનું મૂળ, સ્રોત, મર્મ, રહસ્ય કે
કેન્દ્ર કોઈપણ હોય, તો તે મૌન અને ધ્યાન છે.

# કેવું - કેવું ધ્યાન કરવાનું છે?

ધ્યાન એ સર્વ શક્તિઓનો સ્રોત છે,
સર્વ સંભાવનાઓનો ધોધ છે, સર્વ પ્રતિબોધોનો બોધ છે.
સ્વયંનું ધ્યાન, શુદ્ધ આત્મસ્વરૂપનું ધ્યાન,
પરમાત્મસ્વરૂપનું ધ્યાન, સ્વરૂપનું - નિજરૂપનું,
નિજરૂપનું ધ્યાન - એ ચંદ્રવત્ નિર્મળ,
સૂર્યવત્ તેજસ્વી, સાગરવત્ ગંભીર પરમ પરમેષ્ઠિઓ
અને નિજના શુદ્ધ સ્વરૂપનું ધ્યાન કરવાનું છે,
જેમાં જ્ઞાન - દર્શન - ચારિત્રનો અતલ ભંડાર છે,
એ ધ્યાનના પ્રદાતા પંચપરમેષ્ઠિ પરમ ગુરૂઓ છે. ધ્યાન
એ રત્નત્રયીનો મર્મ પણ છે, માર્ગ પણ છે, મુકામ પણ છે.
જ્ઞાન પણ તે છે, ધ્યાન પણ તે છે, ધ્યેય પણ તે છે.
ધ્યાન વડે અતિ દૂર એવું પણ સ્વરૂપ અને સ્વદેશ
નજીક ભાસે છે. પર્યુષણા એ આત્મસ્થિરતાનું પર્વ છે.
મનનો આત્મામાં વિલય થવાથી સાચી સ્થિરતા મળે છે.
આત્મધ્યાન દ્વારા મનઃશાંતિ - આત્મસ્થિરતા સધાય છે.
સ્થાપના વડે મનની નિર્મળતા, ચૈત્ય જુહારવા વડે
પ્રભુમય તથા મનોમય અને અભેદ ભાવના વડે
સર્વજ્ઞ જ્ઞાનમય આત્મસ્વરૂપનો સાક્ષાત્કાર થાય છે.

શ્રી

## વારસામાં મળેલી અનેકાંત પદ્ધતિ

ધર્મ અને સંઘની વ્યવસ્થા માટેના નિયમો, નિયંત્રણો, મૈત્રી અને અહિંસાના સમગ્ર સિદ્ધાંતો તથા મતભેદોનું મૂળ કાપી શકે, વેર-વિરોધનું શમન કરી શકે અને સત્યના એક એક અંશને શોધી શકે, એવી આ અનેકાંત પદ્ધતિ આપણને વારસામાં મળી છે. વારસામાં મળેલી આ ધાર્મિક સંપત્તિને વધારવી જોઈએ. તે ન બને તો તેને સાચવી રાખવી જોઈએ, પરન્તુ તે ધાર્મિક સંપત્તિને ઘટાડવાનું અથવા તો ઉડાઉની જેમ ઉડાવી દેવાનું કાર્ય ન જ કરવું જોઈએ. બીજાનાં દુઃખને પોતાનું દુઃખ લેખી વ્યવહાર ઘડવો, પોતાની સુખસગવડનો બીજાના હિતાર્થે સદુપયોગ કરવો તથા સતત જાગૃતિ અને આંતરનિરીક્ષણ વડે અહર્નિશ દુષ્કૃતગર્હા, સુકૃતાનુમોદન અને શરણાગમન દ્વારા આત્મભાવ વિકસાવવો, એ જ ધર્મનો સાચો મર્મ છે.

o

'જે ગાયનમાં હરિગુણ ન મળે, તે ગાયનમાં ગાવું શું?
જે નદીઓમાં નિર્મળ જળ નહિ, તે નદીઓમાં નાવું શું?'

o

'જે જન જગમાં નિરાધાર, તેનો ઈશ્વર છે આધાર'.

ॐ श्री

## How to recharge the battery of life?

(१) Relax completely with eyes closed.
Think of God's Divine qualities.
Chant & mentally repeat 3 times:

અર્હંત: શરણં સન્તુ, સિદ્ધાશ્ચ શરણં મમ ।
શરણં જિનધર્મો મે સાધવ: શરણં સદા ॥૧॥ અર્હંત:

અરિહંત ભગવંતો મારું શરણ હો,
સિદ્ધ ભગવંતો મારું શરણ હો,
સાધુ ભગવંતો મારું શરણ હો, જિનધર્મ મારું શરણ હો.

(૨) શરીર અને મનને બિલકુલ શાંત અને relax રાખવાનો અભ્યાસ કરો.

(3) સતત સમતાયુક્ત પૂર્ણ શાંતિ અને વિશ્રાંતિવાળી સ્થિતિમાં પ્રવેશ કરો.

(૪) કલ્પના કરો કે 'હું પૂર્ણ શાંતિની સ્થિતિમાં છું.' આત્મોન્નતિની સાધનાવાળાને માટે આ સ્થિતિ સુવર્ણ તથા રત્નોના ભંડાર કરતાં પણ અધિક મૂલ્યવાન બનશે.

(૫) For mental relaxation, think of the (a) blessings, comforts & facilities that have been bestowed on you (upon us).

(b) Thank for the moments of life that peacefully passed & passing.
(c) for having saved from crores of difficulties and tribulations.
(d) Thank that you are better than crores of other human beings.
(e) Think of His grace & kindness and it will give you mental peace, calmness of mind, refresh you up & restore your vitality - energy to give you confidence to face the ordeals of life with courage.

(૭) भूतकाल को भूल जाओ,
भविष्य का विचार मत करो, वर्तमान काल में जिस स्थिति में हो, उसी में आनन्द मानना सीखो।

(૮) આજના દિવસને નૂતન વર્ષનો પ્રથમ દિન તથા રાતને ક્રિસમસની રાત સમજો. આજને આનંદિત થઈ શરૂ કરો.
આનંદદાયક વિચારોને મનમાં રાખો અને
રોજ સવારે મનમાં પ્રસન્નતા ભરીને જાગો.

(૯) તમારા અંતઃકરણમાં સમતારૂપી અમૃતનો કુંડ ભરેલો છે,
તમારા અંતરમાં જે આનંદનો સ્રોત ઉભરાઈ રહ્યો છે,
ભીતરમાં જે આનંદનો માનસરોવર ભરેલું છે
અને શાંતિની ગંગા વહી રહી છે, તેના તરફ જુઓ.

(૧૦) Count your blessings and
not the difficulties every morning.

(૧૧) જીહ્વા અને ટોક બંધ કરી સાચા દિલથી તેને પોકારો
અને અંતઃકરણની ગુફામાં તેની તપાસ કરો.

(૧૨) Think joyful and loving thoughts.

(૧૩) ચાલતાં, ફરતાં, સૂતાં, ઉઠતાં, બેસતાં - એમ દર વખત
પોતાના વિચારોને જોતાં રહો કે:
એ આ વખત આત્મભાવમાં છે કે અનાત્મમાં છે,
વિચારોને દબાવવાની જરૂર નથી, માત્ર જોવા એ પૂરતું છે.
વિચારોને જોવાનો એ અભ્યાસ અમૂલ્ય છે,
અદ્વિતીય છે, અપરંપાર શક્તિ આપવાવાળો છે.

(૧૪) Pray, O lord!
make me a channel of thy grace
through which help may flow
to all those who need it.

હે સર્વાત્મન્!

હું દુર્ગતિ ભોગો છતાં, અધિક ઘણું પાપ મેં કર્યાં છે,
તારી સાક્ષીએ આ પુનિત પર્વ દિને ક્ષમા કરી લઉં છું.

(૨૫) Why should we close the eyes?
આંખ દ્વારા આપણી ૬૦% જીવનશક્તિ ચાલી જાય છે.
જો આંખોના સ્નાયુઓને આરામ આપવામાં આવે,
તો જીવનની કોઈ ફરિયાદ નહિ રહે.

(૨૬) નેત્રરૂપી battery ભગવાને સૌને આપી છે,
પરંતુ તેના બટનને દબાવી એને ચલાવવાનું જાણતાં નથી,
તેથી એ બેટરીને ચલાવવાનો આનંદ કેવી રીતે મળે?
નેત્રોને બંધ કરીને પ્રભુના સ્વરૂપનું દર્શન કરવું,
એ જ બેટરીને ચલાવવાની કળા છે.

(૨૭) Be humble and your prayers will
pierce through all clouds and
reach the throne of God.

(૨૮) Bless all men and women and
also all other jivas that you meet,
all things - all events & incidents
that you see during the whole day.

(૧૯) Bless all men, good or bad, friends and foes, rich and poor.

(૨૦) Bless all situations, pleasant or unpleasant.

(૨૧) Bless all strangers on the roadside.

(૨૨) Bless the sick in all hospitals.

(૨૩) Bless birds and animals and pray that they may live in peace.

(૨૪) Bless the very trees on the roadside.

(૨૫) May all creations - ત્રસ & સ્થાવર be healthy and blissful.

(૨૬) Be always kind.
Come out of all bitter criticisms.

(૨૭) તમારું દરેક કાર્ય સ્વાભાવિકપણે થવા દો.
તેને સંભાળીને કૃત્રિમ થવા ન દો,
જે રીતે સૂરજ, ચન્દ્ર, તારા, દીપક, નદી, પુષ્પ વગેરે.
પુષ્પો ખીલે છે, દરેક દિશામાં મધુર સુવાસ ફેલાવે છે,
છતાં 'પોતે મધુર છે, ઉત્તમ છે, આનંદપ્રદ છે'
એવી કલ્પના કદી કરતાં નથી.

શ્રી

## પ્રભુના ગુણોને ગાઈએ

(૧) નિષ્કારણ જગતબંધુ (૨) અનંત કરુણાના સાગર
(૩) અચિન્ત્ય ચિન્તામણિ (૪) પરમ કલ્યાણ સ્વરૂપ
(૫) વીતરાગ (૬) સર્વજ્ઞ
(૭) પ્રાણીમાત્રના લોકોત્તર કલ્યાણના કારણ
(૮) અચિન્ત્ય શક્તિયુક્ત અનંતાનંત ઉપકારી.

## સમાધિનો સાચો ઉપાય

અવસ્થેલોક્ય અશાતાના કાળમાં
અનન્ત જ્ઞાનીઓએ બતાવેલા ઉપાયનું આસેવન
એ જ એક સમાધિનો સાચો ઉપાય છે. જીવનને
અનન્ત જ્ઞાનીઓએ કરેલી આજ્ઞાને સમર્પિત કરી દેવું,
એ જ કર્મરોગના વિનાશનો એકનો એક ઉપાય છે.
એ ઉપાયને આત્મસાત્ કરવા અવિરત પ્રયત્નશીલ રહેવું,
એ જ એકનું એક કર્તવ્ય છે.
આટલું સમજાઈ જાય તો સંપૂર્ણ કલ્યાણ સુનિશ્ચિત છે.

સરિતા સમા દાની બનો, ઉદાર સૂરજના સમા;
ધરતી સમી ધીરજ ધરો, સાગર સમી રાખો ક્ષમા. (૧)
કોઈને ય ખોટા ના કહો, કોઈના ય અવગુણ ના જુઓ;
સદ્ભાવના રાખો સદા, અવગુણ પોતાના જુઓ. (૨)

શ્રી

વીતરાગતા એટલે શું? તે કઈ રીતે પ્રાપ્ત થાય?
ઇચ્છારહિત - મોહરહિત આત્માની શુદ્ધ અવસ્થા જ
વીતરાગતા છે અને પ્રકૃતિની દૃષ્ટિએ જ તે પ્રાપ્ય છે.
वस्तुतः किन्तु नित्यस्य मोक्षेच्छा, न क्षणिकस्य।
અર્થાત્: મને નિત્ય વસ્તુની ઇચ્છા છે, નાશવંતની નહીં.
નિત્યનાં સુખ અને અનિત્યનાં દુઃખ સમજાય,
તો જ સાધકનું મન નિત્યમાં સ્થિર થઈ શકે છે.
ક્ષણિક સુખના રાગને દૂર કરવા માટે નિત્યનું,
વીતરાગનું, નિર્વિકલ્પનું ધ્યાન રામબાણ ઇલાજ છે.
દ્રવ્યદૃષ્ટિને મુખ્ય કરવાથી જ તે સાધ્ય બને છે.
'રાગરહિત ઇચ્છારહિતપણામાં જ પરમ સુખ છે'
તેવી અવિરત શ્રદ્ધા જેઓને છે, તેઓનું મન એક
વીતરાગના સ્વરૂપના ધ્યાનમાં જ તલ્લીન રહે છે.
વીતરાગતા એ જ આત્મતત્ત્વ છે, તેથી જ્યાં જ્યાં
વીતરાગતા જુએ છે, ત્યાં ત્યાં સાધકનું મન નાચી ઉઠે છે.
તે નાચમાં જ રાગને દૂર કરી આપવાની કળા છે.
स्थाने माने - जनेऽरण्ये, सुखे दुःखे तथा मनः।
अन्यस्य वीतरागत्वे, लयलीनं यथा भवेत् ॥
- પા. ૬/૭૨૦

વીતરાગતા કે રાગરહિતતાના સુખને ઝંખી રહેલ સાધકનું
મન સુખપૂર્વક અભ્યાસથી વીતરાગતાને પ્રાપ્ત કરે છે.

કલ્પાંતકાળના પવન જેવા
કર્મોના તુફાનમાં વીતરાગ જ એક આલંબન છે.
વીતરાગ વિરુદ્ધ વીતરાગતાને પામવા અશક્ય છે.
આ વીતરાગ પરમાત્માના આલંબનથી વીતરાગતા જેટલી
સહેલાઈથી મેળવી શકાય, તેટલી બીજી રીતે શક્ય નથી.
વીતરાગતા પામવાના હેતુથી વીતરાગની સેવા થાય,
એ ધર્મ છે, તે વિરુદ્ધ આશાતના છે.

'સાંસારિક સુખ માંગીને, રડવડ્યો બહુ સંસાર...'

जिनेन निग्रहिता ये रागद्वेषादयो हठात् ।
तान् ये पुष्णन्त्यसौ तेषां कथं नाथ प्रसीदति ॥१॥
अ - ६/३४३ (પરિશિષ્ટ-૫)

'કોઈકનો રાગ જ દુઃખનું મૂળ છે'
તેવો વિવેક હૃદયમાં જાગે, તો જ આત્માનું શુભ થાય.

નિત્યાનિત્ય અને સ્વપરનો વિવેક જ
મોક્ષના પુરુષાર્થનું બળ છે. વિવેકથી સાધક પોતાની
શક્તિ રાગજનિત દુઃખ કરવામાં રોકે છે અને
એક વીતરાગ અવસ્થા મેળવવાની ઝંખના કરે છે.

श्री

આત્માની મુક્તિનું કારણ ભાવધર્મ જ છે.
દાન - શીલ - તપ તો માત્ર તેના ઉત્તેજક છે, પરન્તુ
ભાવથી જ મુક્તિ મળે છે.

અભવ્યના જીવ એક ભાવધર્મના અભાવથી જ
સદાકાળ સંસારમાં રખડે છે, તેનું આદિ કારણ દાન છે.

જેના ઉપર ભાવ છે, તેને માટે
જીવ કષ્ટ પણ સહન કરે છે, ત્યાગ પણ કરે છે,
સર્વસ્વનું દાન પણ સહેલાઈથી કરી શકે છે.

ભાવ એટલે સ્નેહ, તે જ્યારે વીતરાગના ઉપર પ્રકટે છે,
આત્મહિતના તરફ જાગે છે, ત્યારે તે સ્નેહના પ્રભાવે
દાનાદિ બધા ધર્મ સુલભ બની જાય છે.

भावस्यैकांगवीरस्य सान्निध्यात् बहवः शिवं ।
ययुर्नैकोऽपि दानाद्यैर्भावहीनैर्धनैरपि ॥ - પા૦ ૬/૧૨૩૫

અર્થ: ધન વિના જ દાનાદિના ભાવવાળા એકમાત્ર વીર
પ્રભુના ભાવસાંનિધ્યથી ઘણા જીવો મોક્ષે ગયા છે.

જે ભાવનો આટલો બધો મહિમા છે, જેના વિના સકળ
પણ ચાલે તેમ નથી, તેને સૌ પહેલાં સમજવા જેવો છે,
તે કેવી રીતે આવે, તેનો ઉપાય શું છે, તે જાણવું જોઈએ.
સ્વની જાણ = ભાવ તથા પરની તાણ તેનો ઉપાય છે.

'પ્રીતિ અનંતી પર થકી, જે તોડે હો તે જોડે એહ રે...'

પરપ્રીતિ એ જ દુઃખ છે અને

તે અનાદિકાળથી આત્મઘરમાં વાસ કરી રહી છે,

તેને મનમાંથી દૂર કર્યા વિના દુઃખ દૂર થવાનું નથી.

આપણું મન ચપળ છે,

કર્મના ઉદયથી તેને નિરંતર પર પ્રત્યે ખેંચી રહ્યા છે,

તેથી સાધકે સતત સાવધાનતાથી

મનને વીતરાગતામાં ગોપવી રાખવા જેવું છે.

મનને વિષયોથી વારી, વીતરાગતામાં સ્થિર કરવા

અહર્નિશ પ્રયત્ન ચાલુ રાખવાથી મન વળે છે,

બંધનમાંથી છૂટે છે અને વીતરાગતાને પામે છે.

વિષયોમાં ડૂબેલું મન બંધન કરે છે,

વિષયોથી છૂટેલું મન આત્માને મુક્ત કરે છે.

'બન્ધને વિષયાસંગિ મુક્તૌ નિર્વિષયં મનઃ ।'

વીતરાગતા એ જ આત્માનું સ્વરૂપ છે,

એ જ પરમાત્માનું સ્વરૂપ છે. વીતરાગતામાં આત્મા-પરમાત્માનો અભેદ છે, તેથી વીતરાગના દર્શનમાં જ આત્મદર્શન રહેલું છે. વીતરાગ પરમાત્માને હૃદયમાં ધારણ કરવાથી આત્મા વીતરાગ થાય છે. કહ્યું છે કે:

યાદૃક્ સંસેવ્યતે સ્વામી, લેશ્યા ભવતિ તાદૃશી ।
વીતરાગો હ્યતો નાદ્યે નીરાગં જાયતે મનઃ ॥
પાર્શ્વ ચરિત્ર૦ અ - ૬, શ્લો - ૫૫૭

વીતરાગં હૃદિ ધ્યાયન્ વીતરાગોઽદ્ધા ભવેત્ ।
મુક્ત્વાઽખિલમપધ્યાનં ભ્રામરં ધ્યાનમાશ્રય ॥ ૬/૭૨૯

વીતરાગનું ધ્યાન એ સ્વધ્યાન અને તે જ ભ્રામરધ્યાન છે.

Imp.

'રાગ ઘટાવવો છે' એવી ગુંજ
જ્યારે સાધકના હૃદયમાં ઉઠે છે, ત્યારે સાધકની
સમગ્ર પ્રવૃત્તિ રાગ ઘટાવવાના ધ્યેયવાળી હોય છે.
તે રોજ પોતાના મનમાં થર્મોમીટર મૂકે છે કે:
'રાગનો તાવ કેટલો ઓછો થયો ?'
આ અભ્યાસ ચાલુ રાખવાથી વીતરાગ પરમાત્માની કૃપા
ઉતરે છે અને રાગ ઓછો થતાં થતાં સમૂળ નાશ પામે છે.
સાધક આ વીતરાગ પ્રભુને રોજ વિનંતિ કરે છે કે:
'હે ભગવન્ ! આપની કૃપાથી મને વીતરાગતા ગમો !'
સુખી થવાનો સહેલામાં સહેલો આ રસ્તો છે.
મનને પરમાંથી પાછું વાળવાના અનેક રસ્તાઓ છે,
વીતરાગમાં મન સ્થિર કરવાનો માર્ગ લોકોત્તર છે. મૂળ
મંત્રજાપ વિના મંત્રનો આખો પાઠ પણ સિદ્ધિ ન આપે,

તેમ વીતરાગતા પ્રાપ્ત કરવાના હેતુ સિવાય
સારી પણ વચન - ક્રિયા સિદ્ધિનું કારણ બનતી નથી.

રાગ જ દુઃખનું મૂળ છે અને
દુઃખને દૂર કરવાનું સાધન એક વીતરાગતા જ છે,
વીતરાગતા જ એનું પરમ ઔષધ છે.

શાશ્વત સુખ શ્રી વીતરાગ પરમાત્માની કૃપાથી જ મળે છે.
રાગ કરવાથી દુઃખ કરનારું સુખ મળે છે,
નિરાગતાથી શાશ્વત સુખ મળે છે અને
તે શ્રી વીતરાગ ભગવંતની કૃપાથી જ મળે છે.

અનાદિકાળથી જીવે વીતરાગતા મેળવવા માટે વીતરાગને ભજ્યા નથી. કદાચ ભજ્યા હોય તો ભાવથી તો નહિ જ, માટે હવે ભાવથી ભજવાનો ઉદ્યમ કરવો જોઈએ.

રાગ મનમાં હોય છે.

રાગીમનની વચન - ક્રિયા પણ રાગી જ હોય છે, તેથી પ્રથમ મનને નિરાગી કરવું જોઈએ. મન બધાનું મૂળ છે. મનમાં જે હોય, તે બધે પ્રસરે છે. મન નિરાગી થવાથી તમામ પ્રવૃત્તિ રાગનો નાશ કરનારી થાય છે. કહ્યું છે:

'मनोमूलं वचः स्कन्धः क्रिया शाखादि विस्तरः ।
धर्मवृक्षस्य तन्मूले दृढे सर्वं प्रजायते ॥' - ३/२८३

(પરિશિષ્ટ-૬)

'ગૃહેઽપિ વસતાં નિત્યમશ્નતામપિ શુદ્ધ્યા |
મનઃ શુદ્ધ્યા ભવેદ્ ધર્મસ્તપસાઽપિ ન તાં વિના ||'

- ૩/૨૫૬ (પરિશિષ્ટ-૭)

મનને લક્ષ્યબિન્દુ બનાવી શુદ્ધ કરવું જરૂરી છે.

મનની શુદ્ધિ જ મોક્ષમાર્ગ છે.

બધાં અનુષ્ઠાન ચિત્તશુદ્ધિના લક્ષ્યથી કરવાના હોય છે.

અલ્પકાળમાં મોક્ષે જનાર જીવનાં લક્ષણો

શિવપદસુખાભિલાષી | (સંવેગ)

'સંવેગ' એટલે મોક્ષપદનો અભિલાષ.

નિર્વેદી ભવસુખેષુ ધીમાંશ્ચ | (નિર્વેદ)
જગદુપકારે ચિત્તં, લક્ષણમાસન્નમોક્ષસ્ય || (કરુણા)

'નિર્વેદ' એટલે સંસારના સુખોમાં વૈરાગ્ય.

ધર્મભાવનામાં બુદ્ધિ અને પરોપકારમાં ચિત્ત હોય,
તે કરુણાવંત આત્મા છે.

નાહો રાત્રૌ યથા સૂર્યે, પ્રભારૂપાવિશેષતઃ |

જેમ પ્રભારૂપ સૂર્યમાં દિવસ અને રાત્રિ નથી,
તેમ આત્મામાં પણ ક્ષણિક પ્રકૃતિરૂપ દિવસ અને
ક્ષણિક અપ્રકૃતિરૂપી રાત્રિ નથી.

આત્મામાં સદા શાશ્વત પ્રકૃતિરૂપ દિવસ જ છે.

## સુગુરુનાં લક્ષણો

Guru is he, who is a friend, philosopher and guide.

(૧) જિનોક્ત જીવાદિ તત્ત્વોના જ્ઞાતા.

(૨) પરનિંદા - સ્વપ્રશંસાદિ મુક્ત.

(૩) ચિદાનંદમય આત્મસ્વભાવમાં નિમગ્ન.

(૪) શ્રુતજ્ઞાનના પ્રકાશ વડે મોહાન્ધકારને ધર્મદેશના દ્વારા હરનારા. (૫) આત્મધર્મને પ્રગટ કરનારા.

(૬) દ્રવ્ય - ભાવચારિત્રના ધારક:
દ્રવ્યચારિત્ર - બાહ્યાદિરૂપ, ભાવચારિત્ર - નિર્વિકલ્પ દશારૂપ.

(૭) સર્વ સાવદ્યમય અશુભયોગોને ત્યાગ કરનારા.

(૮) નિશ્ચયદૃષ્ટિને સાધ્યમાં રાખી વ્યવહારનું પાલન કરનાર.

o 'પ્રવચન અંજન જો સદ્ગુરુ કરે,
દેખે પરમનિધાન જિનેસર;
હૃદયનયન નિહાળે જગધણી,
મહિમા મેરુ સમાન જિનેસર' ...(૧)

o અવિદ્યા તિમિરધ્વંસે, દૃશા વિદ્યાંજનસ્પૃશા ।
પશ્યન્તિ પરમાત્માનમાત્મન્યેવ હિ યોગિનઃ ॥૧॥

- જ્ઞાનસાર, ૧૪-૮ (પરિશિષ્ટ-૮)

શ્રી

## ધર્મનું સ્વરૂપ

(1) 'ધર્મ'નો અર્થ છે વસ્તુનો સ્વભાવ.
આત્મવસ્તુનો સ્વભાવ જ્ઞાન - દર્શન - ચારિત્ર.
પરપદાર્થમાં ધર્મ નથી, પરન્તુ
પોતાના આત્મઘરમાં જ ધર્મરૂપી પરમનિધાન રહેલું છે.
(2) 'ધર્મની સત્તા પોતાના આત્મામાં જ રહેલી છે'
એવી શ્રદ્ધા, સમજણ અને તદનુસાર વર્તન.
(3) હૃદયરૂપી નયનમાં પ્રવચન રૂપી અંજન આંજવાથી
આત્માની અંદર પરમનિધાન દેખાય છે.
(4) આત્મા સ્ફટિક રત્નની જેમ નિર્મળ છે,
તે નિર્મળતા ઉત્કટ કષાયોની મલિનતાથી આવરાયેલી છે.
(5) વ્યવહાર ધર્મ = માર્ગાનુસારિતા,
સમ્યક્ત્વ = દેવ - ગુરુની ભક્તિ,
દેશવિરતિ - સર્વવિરતિના સદનુષ્ઠાનોની
આરાધનાથી આદર - બહુમાનપૂર્વક તેનું સેવન અને
પાલન કરવાથી રાગ - દ્વેષની મલિન વૃત્તિઓ
જેમજેમ ઓછી થતી જાય છે,
તેમ તેમ સમ્યગ્દર્શનાદિ રત્નત્રય ધર્મ
વિશદ વિશદ પ્રગટ થતો રહે છે.

(6) પ્રત્યેક આત્માની અંદર જ અનાદિ
પરમ સુખનો ભંડાર રહેલો છે, તેને મેળવવા જીવ
બાહ્ય પદાર્થોમાંથી સુખ મેળવવા ભટકે છે.
સદ્ગુરુના સમાગમે જ્યારે
તેના હૃદય રૂપી આંખમાં પ્રવચન રૂપી અંજન દ્વારા
વિવેકનું તેજ પ્રગટે છે, ત્યારે
તેને આત્મામાં જ પરમાત્માના સાક્ષાત દર્શન થાય છે.

(7) પ્રવચન અંજન એટલે શું ?

'સર્વ જીવોમાં ચૈતન્યગુણ એક છે,
ઉપયોગ લક્ષણથી બધા જીવ સરખા છે,
શરીર, સ્વજનાદિ બધા સંયોગજન્ય છે, પરાપેક્ષ છે.
આત્માના પ્રત્યેક પ્રદેશો જે અનંત જ્ઞાનાદિ ગુણો
રહેલા છે, એ જ આપણું છે, બાકી બધું પરાયું છે.'
એવી જ્ઞાનદૃષ્ટિ એ જ પ્રવચન અંજન છે.

(8) 'બધા જીવો ચૈતન્યસ્વરૂપે એક છે અને
ચૈતન્ય એ અનંત સુખનું ધામ છે.'
એવી શ્રદ્ધા - સમજણ અને તદનુરૂપ પ્રવર્તન
એ જ વાસ્તવિક ધર્મ છે, ધર્મપદાર્થ છે.
કર્મમલરહિત = રાગ - દ્વેષશૂન્ય વૃત્તિ.

ગુરુ તથા દેવની પ્રતિમા, તત્ત્વોના વગેરેનું વાસ્તવિક
સ્વરૂપ એ લૌકિક પ્રમાણથી અગમ્ય છે, કેમકે તે
સ્થૂલ નહિ પણ સૂક્ષ્મ છે. લૌકિક પ્રમાણ તો માત્ર
સ્થૂલને વિષય કરે છે, સૂક્ષ્મને નહિ.

તે કૈવલ્યનાં સાધક છે, માટે વૈરાગ્યના વિષય નહિ,
કિન્તુ પરમ પ્રીતિના વિષય છે.

ઇંદ્રિયો વિષયો પ્રતિ પ્રવર્તે છે, તેમાં કારણ
ચિત્તમાં રહેલા રાગાદિ દોષો છે. ચિત્તના તે મલોનો દાહ
કરવા માટે મૈત્ર્યાદિ ભાવનાઓનો આરંભ છે અને
ગુરુ અને શાસ્ત્રની સહાયથી સારાસારનો વિચાર કરવો,
તે યતમાન સંજ્ઞા વૈરાગ્ય છે.

'કેટલાં મલો ઓછા થયા, કેટલાં રહ્યા?'
તેનો વ્યતિરેક વડે નિશ્ચય કરવો, તે વ્યતિરેક સંજ્ઞા.

દોષોનું ઔત્સુક્ય માત્ર વડે મનમાં રહેવું,
તે એકેન્દ્રિય સંજ્ઞા છે.

ઔત્સુક્ય માત્રની નિવૃત્તિ, તે વશીકાર સંજ્ઞા છે.

વિષયોના સાન્નિધ્યમાં પણ તેમાં રહેલા વિનાશ,
પરિતાપ, સાતિશયતા અને અશુચ્યાદિ દોષોનું વારંવાર
ચિન્તન કરવાથી વિષયોમાં માત્ર ઉપેક્ષાબુદ્ધિ રહે છે,

તે વશીકાર સંજ્ઞા એ વૈરાગ્યનું ફળ છે,
તેને 'વિષયવૈતૃષ્ણ્ય' અથવા 'અપરવૈરાગ્ય' કહેવાય છે.
'વિષયો મને આધીન છે, હું વિષયોને આધીન નથી'
એવી વૃત્તિ ઉપજે છે. દોષોના ચિન્તનથી જે વૈરાગ્ય
ઉપજે છે, તે પ્રથમ ત્રણ ગુણસ્થાનકમાં છે અને
વૈરાગ્યથી દોષદર્શન એ ચતુર્થ ગુણસ્થાનકમાં છે.
દોષદર્શન પછી દોષોનો સાક્ષાત્કાર, તે વશીકાર સંજ્ઞા છે.

અપર વૈરાગ્ય વડે સંપ્રજ્ઞાત યોગ અને
પરવૈરાગ્ય વડે અસંપ્રજ્ઞાત યોગ સિદ્ધ થાય છે,
ત્યાં ધર્મમેઘસમાધિની પ્રાપ્તિ થાય છે.

ધ્યાન વડે વિષયી મન શુદ્ધ મનમાં ફેરવી શકાય છે.

સમાધિ = સમાધાન - સમતાનું આધાન,
કુશલચિત્તની તલ્લીનતા, ગુણગ્રાહ્યતાનો પરિણામ -
તે ભક્તિની કસોટી છે, તે ન્યાયબુદ્ધિ છે.

આત્મા પર ધ્યાન કેન્દ્રિત કરી મનથી સંસારને મિટાવી દો.
ધર્મમાં સામર્થ્ય લાવવાનું કામ શ્રદ્ધાનું છે, ગતિ આપવાનું
કામ ભક્તિનું છે અને તેજ લાવવાનું સામર્થ્ય નિષ્ઠામાં છે.

'શિવપદસુખાભિલાષો નિર્વેદો ભવસુખેષુ દૌર્મનસ્યં ।'
'કુશલચિત્તૈકાગ્રતા સમાધિઃ ।' (પરિશિષ્ટ-૯)

શ્રી

## આત્મજ્ઞાન એટલે મોક્ષમાર્ગ

નાભિજન્ય બ્રહ્મ, બ્રહ્મજન્ય પાદ અને પાદજન્ય નાદ છે.
નાદ તે સૂક્ષ્મ શબ્દબ્રહ્મ છે, જે પરબ્રહ્મપ્રાપ્તિનું સાધન છે.
આત્મશુદ્ધિ અર્થે એટલે શુદ્ધ આત્માની પ્રાપ્તિ માટે છે.

### મોક્ષમાર્ગ એટલે...

To approach near and near, to enter & then to assume itself.

તત્ત્વરૂચિ, તત્ત્વબોધ અને તત્ત્વપરિણતિ,
શ્રવણ, મનન, નિદિધ્યાસન, ધારણા, ધ્યાન, સમાધિ,
દર્શન, જ્ઞાન, ચારિત્ર - એ બધા પર્યાયવાચી શબ્દો છે.

To know, to do and to be.

આત્મજ્ઞાન એટલે સ્વરૂપની ઓળખાણ.

The human body is mortal but the inner self is eternal.

### સંત સેવાનંદે ગાયું છે કે:

'હૈયા ફૂટ્યા, તું ઉઘાડરામ... નહીં લેતો નારાયણ નામ!'
'ઈન્ગ્રેટીટ્યુડ'નો અવળો અર્થ કરવાથી - આચરવાથી
ધર્મનો એકડો જ બાદ થઈ ગયો છે. હૈયું હાથ રાખી
માતા - પિતા, ગુરૂ - આચાર્ય પ્રત્યે ઉઘાડરામા ન થવું,
સદા ધર્મનો એકડો અપનાવો.

श्री

योऽन्तःसुखोऽन्तरारामस्तथान्तर्ज्योतिरेव यः ।
स योगी ब्रह्मनिर्वाणं ब्रह्मभूतोऽधिगच्छति ॥२॥
- अ.५, श्लो - २४

સમજણ: બ્રહ્મભૂત = બ્રહ્મમય, ભવભૂત = ભવરૂપ ન હોવું.
કેવળ પોતાના પંડનો જ વિચાર કરે, તે ભવભૂત છે.
સમષ્ટિથી પોતાને જુદો માનનારો, તે ભવરૂપ છે.
ભવરૂપ મટીને બ્રહ્મભૂત થવાનાં ત્રણ ઉપાયો છે:
અંતઃસુખ, અંતઃઆરામ અને અંતઃજ્યોતિ બનવું.
સુખ શોધો પોતામાં - આત્મામાં જ શોધવું,
આનંદ અને પ્રકાશ પણ પોતાનામાંથી જ મેળવવો.
મનુષ્યનું સુખ, આનંદ કે પ્રકાશ બહારની દુનિયામાં નહિ,
પરન્તુ તેના પોતાના અંતરાત્મામાં જ છે.
રોગ છે મનનો અને ઉપચારો થાય છે તનના.
બળતરા અંદર છે, તેને ઠારવા ઠંડા પીણા અપાય છે.
શરીરને ઇલાજ કરવો છે આંખની કીકીનો અને
તેના માટે દીવાઓની સંખ્યા વધારવામાં આવે છે.
યંત્રવિજ્ઞાનની આ મારક, મોહક અને માદક દેન છે.
મનુષ્યને આખરે આ 3 વસ્તુની ભૂખ છે: શરીર માટે
સુખ, મન માટે આનંદ અને આત્મા માટે પ્રકાશ.

૨૯ બ્રહ્મના સાથ દ્વારા પ્રાપ્ત થતી શાંતિ -
બ્રહ્મનિર્વાણ - શાંતિ દ્વૈતભાવનાં સંઘર્ષમાં નહિ,
બ્રહ્મભાવ - પ્રેમભાવ અને સત્કારમાં છે.
બ્રહ્મભાવ કે સમષ્ટિભાવમાં સર્વ રોગોનો ઇલાજ છે.
યેનાહં નામૃતાસ્યામ્ કિમહં તેન કુર્યાં । - ઉપનિષદ
ઇદં મે નાભિઃ । આ શરીર એ નાભિ, વિશ્વનું કેન્દ્ર છે.
ઇદં મે સધસ્થમ્ ।
સધસ્થાન = અહંકારશૂન્યતા - સમૂહભાવ.
ઇમે મે દેવાઃ । આજુબાજુ જે કાંઈ દેખાય છે,
તે દેવ છે, જગતજગતના પરમાત્મા છે.
વૃક્ષો અને પત્થર પણ પરમાત્મા છે.
અહમસ્મિ સર્વઃ । હું સર્વરૂપ છું.
સઘળી સૃષ્ટિ મારામાં સમાયેલી છે,
સૃષ્ટિમાં આપણે સર્વત્ર વ્યાપ્ત છીએ.
બ્રહ્મભૂતઃ પ્રસન્નાત્મા । જે બ્રહ્મભૂત - વિશ્વરૂપ બને છે,
તેને જ પ્રસન્નતા લાધે છે. પ્રસન્નતાને પામવાનો ઉપાય
એક જ છે અને તે બ્રહ્મભૂત બનવું તે, ભવભૂત મટવું તે
તથા વિશ્વાત્મભાવ કેળવવો તે.
તેને અન્ય શબ્દોમાં 'સમત્વભાવ' પણ કહી શકાય.

જેમનો આદર્શ આત્મલાભ હોય, એવા સાધકની સર્વ
પ્રવૃત્તિ સ્વહિતાર્થ નહિ, પરન્તુ સર્વહિતાર્થ હોય છે,
લોકાનુગ્રહાર્થ હોય છે, કેમકે સર્વ જગતને અને
જગતના પ્રાણીઓને તે આત્માના આવિર્ભાવરૂપે જુએ છે.
સુખ-દુઃખનો આધાર પોતાનું મન છે અને મનની
સ્થિતિનો આધાર મનુષ્યની સમજની ભૂમિકા ઉપર છે.
'મન અને શરીરથી પોતે ન્યારો છે' એવો અનુભવ
તેને સતત હોવાથી તે સંસારથી લેપાતો નથી.
વ્યવહાર કરતી વખતે ઉદાસીનપણે વર્તે છે પણ
અંતઃકરણમાં અંદરથી તેની સમદૃષ્ટિ હોય છે,
સાક્ષી થઈને દેહથી ભિન્ન આત્માનું અનુસંધાન કરે છે.
આત્મામાં જ રમણ કરવાની ટેવ પાડે છે,
આત્માની અનુભૂતિ કરી સર્વ જગતનો
આત્માની લીલા તરીકે અનુભવ કરે છે.
સર્વ યોગોમાં, સર્વ ઘટનાઓમાં, સર્વ અવસ્થાઓમાં
મનને એકસરખા આનંદમાં રમણ કરવા દે છે.

o

*From personal to Universal and*
*from universal transcendental*
*is the eternal Order.*

તત્ત્વં ગૃણાતિ ગૃહ્ણાતિ વા ગુરુઃ ।

અર્થાત્: તત્ત્વને કહે, ગ્રહણ કરે, તે ગુરુ.

સ્વસંવેદન જ્ઞાન અને ભેદવિજ્ઞાન -

એક સિક્કાની બે બાજુઓ જેવું છે.

સ્વસ્વરૂપનું યથાર્થ જ્ઞાન તે ખરો ધર્મ છે.

ઉપાદાન એ નિશ્ચય, નિમિત્ત એ વ્યવહાર.

સામાન્ય (નિર્વિકલ્પ માટે) નિશ્ચય,

વિશેષ (સવિકલ્પ માટે) વ્યવહાર.

અભિલાષ છે, ત્યાં સુધી રાગ તથા દ્વેષ છે,

અનભિલાષ આવે છે, એટલે રાગ-દ્વેષ ચાલ્યા જાય છે.

પરમોપેક્ષાભાવમાં કેવળ વીતરાગતા અને સર્વજ્ઞતા રહે છે.

બન્દે તૂ કર બંદગી, તો પાવૈ દીદાર:

ઔસર માનુષ જન્મ કા, બહુરિ ન બારંબાર. ...(૧)

ગુણાઃ પૃચ્છસ્વ મા રૂપં શીલં પૃચ્છસ્વ મા કુલમ્ ।

સિદ્ધિં પૃચ્છસ્વ મા વિદ્યાં ત્યાગં પૃચ્છસ્વ મા ધનં ॥૧॥

ગુણને પૂછ - રૂપને નહીં, આચારને પૂછ - કુળને નહીં,

સિદ્ધિને પૂછ - વિદ્યાને નહીં, દાનને પૂછ - ધનને નહીં.

°

બુંદ સમાની સમુંદ મેં, સો જાને સબ કોય;

સમુંદ સમાના બુંદ મેં, જાને બિરલા કોય. ...(૧)

## ભારતવર્ષની જડીબુટ્ટી

જેના સેવનથી આયુષ્ય અને બળ વગેરે વધે છે, તે કઈ?
બીજાને સુખી અને આબાદ બનાવવાના
સઘળા ઉપાયો યોજવાથી જગતમાં
જે પ્રેમ - શુભેચ્છા મળે, તે જ ખરી જડીબુટ્ટી છે.

## કાચનો મહેલ

આ દુનિયા એક કાચના મહેલ જેવી છે.
પોતાના સ્વભાવની છાયા જ પોતાની ઉપર પડે છે.
'આપ ભલા તો જગ ભલા' એ કહેતી યથાર્થ છે.
પોતે પ્રસન્નચિત્ત રહે,
બીજાના દોષો ન જુએ અને
બીજાના ગુણો જોઈને રાજી થાય, તો
દુનિયા પણ નમ્રતા અને પ્રેમભર્યો વર્તાવ કરતી થશે.

°

*There are two things only,*
*fear or faith.*
*If you rely on your strength,*
*it will be fear;*
*If you rely on Providence,*
*then all strength will be yours.*

# સમકીત અને વિરતિ

ગુરુ તરફ પગલું ભરવું તે સમકીત અને
પાપથી પાછા ફરવું તે વિરતિ.

V.V. Imp.

સમકીતમાં સ્નેહ છે, વિરતિમાં વૈરાગ્ય છે.
સ્નેહને પાત્ર સદ્ગુરુ અને સદ્ગુરુઓ તરફ સ્નેહ.
વૈરાગ્ય = સ્નેહમાં બાધક એવી ક્રિયાથી વિરામ પામવું.
સ્નેહહીન વૈરાગ્ય કે વૈરાગ્યહીન સ્નેહ -
એ માત્ર અસલની નકલ છે.
સ્નેહની નિશાની સહાય છે - સેવા છે,
વૈરાગ્યની નિશાની ત્યાગ છે - ત્યાગીનું શરણ છે.
સમકીત વિરતિને ખેંચી લાવે છે. સુખમાં અન્યની સેવા
અને દુઃખમાં સ્વાત્મનું સ્મરણ - એ સમાધિનો
ધોરીમાર્ગ છે અને તેની સામગ્રી જગતમાંથી મળે છે,
માટે તે સર્વ સામગ્રીઓ જગતને સોંપી દેવી જોઈએ.
દુઃખ અને દુઃખની સામગ્રી પાપથી મળે છે અને
પાપ પોતે એકલાએ કર્યું છે, માટે
તેને એકલાએ જ ભોગવવું જોઈએ,
એ શક્તિ આત્મદ્રવ્યના શરણે જવાથી અને
પરમતત્ત્વના શરણથી મળે છે.

## થોડા શાસ્ત્રીય શબ્દાર્થો

શ્રદ્ધા = સ્વેચ્છાએ, કોઈના બળાત્કારે નહિ, સ્વચ્છ સ્વેચ્છા.
મેધા = ઉત્કટ - ઉપાદેય બુદ્ધિ, કુશળ બુદ્ધિ - જડતા નહીં.
ધૃતિ = સ્થિરતા - સ્વસ્થતા - અર્પિતતાથી, રાગાદિ વ્યાકુળતા નહી.
ધારણા = વસ્તુનું અવિસ્મરણ અહિ
શૂન્યચિત્તે નહિ, કિન્તુ ચિત્તની ધારણાએ સ્મરણ કરવું.
અનુપ્રેક્ષા = તત્ત્વભૂત અર્થનું ચિન્તન તથા
હેયોપાદેય - વિભાગપૂર્વક માત્ર પ્રવૃત્તિ નહિ, પરંતુ
ચિન્તનપૂર્વકની પ્રવૃત્તિ કરવી તે. સંવેગ = વૈરાગ્યયુક્ત
ધર્મપ્રીતિ, ધર્મરંગ. નિર્વેદ = વિષયો પ્રત્યે વૈરાગ્ય.
ઉત્તરોત્તર વધતી સંપ્રતીતિ, કુવિકલ્પ સન્મુખ ચિત્તધર્મ
વિશિષ્ટ ધર્મોની પ્રતીતિ, તૃષ્ણા - આસક્તિ આદિનો હ્રાસ.
તત્ત્વ = સ્વરૂપ, રહસ્ય, લક્ષણ, વિધિ વગેરે.
ભેદ = પ્રકારો, વિશેષો, ભેદો.
પર્યાય = સમાનાર્થક શબ્દો, પર્યાયો.
નવકારસેવા = સત્સંગ, સેવા, ભક્તિ અને ઉપાસના.
(૧) શ્રવણ, (૨) પાઠ, (૩) પ્રતિપત્તિ, (૪) ઇચ્છા, (૫) પ્રવૃત્તિ, (૬) વિઘ્નજય, (૭) સિદ્ધિ,
વિનિયોગ, (૯) સ્થૈર્યની (૧૦) સિદ્ધિ - પ્રધાન (૧૧) સત્કાર્ય રૂપ,
(૧૨) અપૂર્વસિદ્ધગુણની પ્રાપ્તિ ઇત્યાદિ.

સંસાર = કર્મજન્ય અવસ્થા.

મોક્ષ = કર્મમુક્ત અવસ્થા, કર્મરહિત અવસ્થા.

સ્વચ્છંદતાવાદી = સ્વેચ્છાવાદી, યથેચ્છાવાદી, સ્વચ્છંદવાદી.

ગુણસ્થાનક = 'ગુણ' એટલે મિથ્યાત્વમંદતા, કષાયનિગ્રહ, સમ્યક્ત્વ, ચારિત્ર, વગેરે આત્મગુણો અને 'સ્થાન' એટલે ક્રમ, તરતમભાવવાળી અવસ્થા.

સમ્યક્ત્વ = તત્ત્વરૂચિ, સત્યદર્શન. વિરતતા = ઔદાસ્ય.

ચારિત્ર = સ્વરૂપલાભની સન્મુખ થવાય તેવી પ્રવૃત્તિ.

વિકૃતિ = તરતમતા, બાદર = સ્થૂલ.

સદ્યોગ = સમાધિ, નિર્મળ ચિત્તપ્રસાદ,

શુભાશયની તીવ્રતાથી પ્રણિધાન તીવ્ર બને છે.

Conflicts = સંઘર્ષ - ઘર્ષણ. Tension = તાણ, ખેંચ.

ભાવઅનુષ્ઠાનના ૬ લક્ષણો - લિંગ

ભાવઅનુષ્ઠાન તે સદનુષ્ઠાન છે, ચિત્તના ઉપયોગ વિનાનું શ્રદ્ધાળુનું અનુષ્ઠાન ભાવઅનુષ્ઠાનને યોગ્ય ગણાય છે, સાથે ઉપયોગ રાખે તો ભાવાનુષ્ઠાન બની જાય.

આદર, કરણમાં પ્રીતિ, અવિઘ્ન,

સંપદાગમ, જિજ્ઞાસા અને તજ્જ્ઞસેવા -

એ ભાવઅનુષ્ઠાનના છ લક્ષણો અથવા લિંગ છે.

## અઢી દ્વીપના નામના અર્થ

પુક્ખરવરદીવડ્ઢે = પદ્મોથી પ્રધાન એવો દ્વીપાર્ધ.
ધાતકી ખંડ = ધાવડીનાવનથી ઓળખાતો દ્વીપ.
જંબૂદ્વીપ = જાંબૂના વૃક્ષોથી ઓળખાતો દ્વીપ,
જંબૂવૃક્ષ જેમાં પ્રધાન છે, એવો દ્વીપ.

## ક્યા લોકમાં કેટલાં જિનચૈત્યો તથા જિનબિંબો?

અધોલોકમાં જિનચૈત્યો : ચમરેન્દ્ર વગેરે ભવનપતિ ઈંદ્રોની માલિકીનાં દેવતાઈ ભવનોમાં ૭ ક્રોડ, ૭૨ લાખ તથા ૧૩ અબજ, ૮૯ ક્રોડ, ૬૦ લાખ જિનબિંબો.

તીર્છાલોકમાં જિનચૈત્યો : દ્વીપ - પર્વતોમાં ૩૨૫૯ ચૈત્યો તથા ૩ લાખ, ૯૧ હજાર, ૩૨૦ જિનબિંબો.

ઉર્ધ્વલોકમાં જિનચૈત્યો : ૧૨ દેવલોક, ૯ ગ્રૈવેયક તથા ૫ અનુત્તરમાં કુલ - ૮૪ લાખ, ૯૭ હજાર, ૦૨૩ ચૈત્યો તથા ૧૫૨ ક્રોડ, ૯૪ લાખ, ૪૪૭૬૦ જિનબિંબો.

નીચે વ્યંતરના નગરોમાં અને ઉપર જ્યોતિષ દેવલોકનાં વિમાનોમાં અસંખ્ય જિનચૈત્યો - જિનબિંબો રહેલાં છે.

## જૈન ગાયત્રી મંત્ર

ॐ भूर्भुवः स्वः अर्हं अ सि आ उ सा
सम्यग् दर्शन - ज्ञान - चारित्रधारकेभ्यो नमः ।

## ઉચિત કર્તવ્યપાલનનું માહાત્મ્ય

પ્રણિધાનપૂર્વકની ક્રિયા ફળવતી છે,
એટલું પ્રણિધાન કે એટલી ક્રિયા ફળવતી નહિ.
પ્રણિધાન ન હોય તો ક્રિયામાં સતત ઉપયોગ ન રહે.
આવશ્યક ક્રિયા, પ્રતિલેખનાદિ ક્રિયા તથા સ્વાધ્યાયાદિ
સતત મનથી કરાય, તો એ ધ્યાનયોગની જ સાધના છે.
ઉચિત કર્તવ્યનું ઉલ્લંઘન કરી ધ્યાનની સાધના એ
સપત્ન યોગ બની મોક્ષસાધક ન બને.
'स्वर्गकेवलार्थिना तपोध्यानादि कर्त्तव्यं ।' - विधि.
'सर्वे जीवा न हन्तव्या ।' - निषेध.
'समितिगुप्तिशुद्धाक्रिया ।' 'असपत्नो योगः ।'

o

'उत्पाद - व्यय - ध्रौव्ययुक्तं सत् ।'
'एकं द्रव्यं अनन्त पर्यायं अर्थः ।'
પરસ્પર વિરુદ્ધ દેખાતા ધર્મોની
અપેક્ષાએ એકમાં સમાવેશ, તે અનેકાન્ત છે.
પદાર્થને 'સત્' કહેવાય, તેમ 'અર્થ' પણ કહેવાય,
જે દ્રવ્ય રૂપે એક હોય અને
અવસ્થા - ગુણ - ધર્મના પર્યાય રૂપે અનંત હોય.

## જિનાગમ કેવું છે?

સમગ્ર ઐશ્વર્ય આદિથી યુક્ત છે જિનાગમ.
'શ્રુત એ સિદ્ધ છે - પ્રતિષ્ઠિત છે' એનો અર્થ છે:
(૧) ફલાવ્યભિચાર : શ્રુત જે કોઈ ફળ અનુષ્ઠાનોનાં બતાવે છે, તેમાં પ્રવર્તનારને તે ફળ અવશ્ય મળે છે.
(૨) પ્રતિષ્ઠિતતા : સર્વ નયોથી વ્યાપ્ત છે.
(3) ત્રિકોટિ પરિશુદ્ધ : આદિ - મધ્ય - અંત ત્રણેયમાં અવિસંવાદ છે, ઉપરાંત કષ, છેદ, તાપ ત્રણેથી શુદ્ધ છે.

## 'શિક્ષણ'નો ખરો અર્થ

માનવમાં જે શક્તિ પડી છે, તેને બહાર લાવીને વિકસાવવી, એ શિક્ષણનો ખરો અર્થ છે.
સમાજને સંપત્તિની નહિ, સ્વચ્છ મનોવૃત્તિની જરૂર છે.
પોતાના શરીરને સારું રાખવા માટે મનના વ્યાપારો ઉપર પણ ઘણી સાવધાનતા રાખવાની અગત્યતા છે.
સ્વાર્થવૃત્તિની મગજના પુટો ઉપર પણ વિપરીત અસર થાય છે. સ્વાર્થવાળું મન હંમેશાં સંકોચવાળું રહે છે.
આવું મન મહત્તાને પ્રાપ્ત કરી શકતું નથી.
વિશાળ મન થયા વિના મહત્તા કદી આવતી નથી.
સ્વાર્થી મનુષ્ય કદી મહાન થઈ શકતો નથી.

શ્રી

## ભારત અને વિદેશોની સંસ્કૃતિમાં શો ફેર ?

અહીં મનાય છે કે બ્રહ્મચર્યના પાલનથી વીર્યરક્ષા થાય,
વીર્યનું રક્ષણ થતાં બળ વધે અને બુદ્ધિ તેજસ્વી થાય.
ભારતની સંસ્કૃતિ મહેલોમાં નહિ પણ
વનોમાં અને ઋષિ - મુનિઓના આશ્રમોમાં રહેલી છે.
વિદેશોમાં કોઈ પહાડ ઉપરના રમણીય સ્થાન ઉપર
'બાર' અથવા દારૂની દુકાન હશે, જ્યારે
ભારતના પ્રાકૃતિક સ્થળોએ જઈશું,
તો ત્યાં કોઈ કલાપૂર્ણ મંદિર અથવા તીર્થના દર્શન કરીશું.
આ દેશમાં પર્વતારોહણ સાથે ધર્મભાવનાનો ભાસ થશે,
જ્યારે વિદેશોમાં કેવળ મનોરંજન હશે.
પરદેશનો મજૂર કામ કરીને થાકે, ત્યારે
થાક ઉતારવા માટે દારૂ પીએ - માદક નશો કરે છે, જ્યારે
ભારતનો ખેડૂત થાક ઉતારવા માટે ભજન - કીર્તન કરે છે
અને પ્રભુ - ભક્તિમાં લીન થઈ જાય છે.
વિદેશોમાં ખ્યાતિ મેળવવી હોય તો કરોડપતિ અથવા
અબજોપતિ અથવા રાજકીય નેતા બનવું આવશ્યક છે,
જ્યારે ભારતમાં એક સંત અને મહાત્માની પાછળ જ
જનતા ચાલે છે અને એનો જ જયજયકાર થાય છે.

## કોના શરણે જવું? શક્તિ કે બુદ્ધિના?

'બુદ્ધૌ શરણમન્વિચ્છ ।'

મનુષ્યે શક્તિના નહિ, બુદ્ધિના શરણે જવું જોઈએ. વિચારનિષ્ઠા કેળવવા અને કૃતજ્ઞતાનો ધર્મ મનાવી; એ જ એક વિધાયક શક્તિ છે.

વિચારભેદ એ જીવનનું લક્ષણ છે અને તેથી તે જરૂરી પણ છે. તે ઉપરાંત વિચારભેદ જ્યારે મતભેદમાં પરિણમે છે, ત્યારે તે અનિષ્ટ બને છે. Humanitarium એટલે માનવસેવાપરાયણતા. ધનશક્તિ - ધ્યાનશક્તિ આદિ નીતિ - અનીતિથી પર છે, કારણ કે તેનો સદુપયોગ - દુરુપયોગ બંને થઈ શકે છે.

એક આધ્યાત્મિકશક્તિ જ એવી છે કે જેનો દુરુપયોગ કદી પણ થઈ શકતો જ નથી.

નામશક્તિનો પ્રભાવ એક શ્રદ્ધાના કારણે છે. શ્રદ્ધા - ભક્તિપૂર્વક પરમેશ્વરનું ગદ્‌ગદિત નામ જ્યારે મનુષ્ય ઉચ્ચારે છે, ત્યારે તે અવશ્ય તારક બને છે. ચિત્તશુદ્ધિના ઘણાં સાધન છે, તેમાં નામસ્મરણ એ બહુ મોટું સાધન છે. જે ગુણની વિશેષ ખામી હોય, તેની પૂર્તિ કરવા માટે તે સાધનનું સેવન કરવું જોઈએ.

## સ્વનામનું અભિમાન છોડવા પ્રભુનામગ્રહણ

મનુષ્યજાતમાં માનવવાદ પ્રબળ હોય છે અને તે કળયુગે પોતાના નામનું અભિમાન ભારોભાર હોય છે. તે દોષના પ્રતિકાર માટે પરમેશ્વરનું નામગ્રહણ અને નમસ્કાર એ મંત્રરૂપ બની જાય છે, એથી માન-મદરૂપી વિષનો પ્રતિકાર થાય છે અને મનુષ્ય અધોગતિમાં પડતાં બચી જાય છે.

નામગ્રહણપૂર્વક બીજા બધા ઉપાયો સફળ નીવડે છે: જેવાં કે દરેક કાર્ય સમજી-વિચારીને કરવું, જાણી-બુઝીને બૂરું કામ ન કરવું, પરોપકારના કામો કરવા, ફળની આશા ન રાખવી, સફળતા બાબતે ગર્વ ન કરવો, ઉપરાંત નિષ્ફળતામાં નિરાશ ન થવું ઇત્યાદિ.

## તપ એટલે શું? તે શું કરે?

જે તપ ન કરે, તેનું નક્કી પતન થાય છે.
દાનથી ધનનો મેલ અને તપથી તનનો મેલ જાય છે.
બ્રહ્મચર્ય એ તપ છે, સત્યભાષણ એ તપ છે અને કોઈને ન દુભવવું તે પણ તપ છે.
જે અપમાન કરે - નિંદા કરે,
તેના ઉપર પણ સદ્ભાવ રાખવો, એ પણ તપ છે.

શ્રી

કામ એ મિત્ર જેવી લાગે છે પણ તે મિત્ર નથી, શત્રુ છે.
જેનામાં સંયમ નથી, તેનું જીવન પશુથી પણ બદતર છે.
ઘરને સુધારવા પહેલાં મનને સુધારો.
સર્વ માનવના આકાર જુદા છે પણ
તેમાં વસતો ઈશ્વર એક જ છે. આ સૃષ્ટિ ભાવમય છે.
જેના મનમાં જેવો ભાવ, તેવી સૃષ્ટિની રચના તે કરે.
દૃષ્ટિ બદલાય તેમ સૃષ્ટિ બદલાય છે.
જેવી ધ્વનિ - તેવી પ્રતિધ્વનિ. સર્વમાં ભગવદ્‌ભાવ
રાખવાથી આપણું મરણ પણ મંગલમય બને છે.
'પરમાત્મા સર્વવ્યાપક છે'
એવું સમજવાથી પ્રભુમાં પ્રેમ થાય છે.
ક્રિયામાં વિષમતા ભલે રહે પણ ભાવ એક જ રહે.
ક્રિયામાં અધિકાર પ્રમાણે વિષમતા કરવી પડે છે,
કારણકે સૃષ્ટિના મૂળમાં જ વિષમતા છે.
વિષમતાથી જ સૃષ્ટિ ટકે છે અને
સદ્‌ભાવથી સત્કર્મ સફળ થાય છે.
સુખ ભોગવે અને બીજાને સુખ આપે, તે સજ્જન છે.
દુઃખ ભોગવીને બીજાને સુખ આપે, તે સંત છે.
કંઠની શોભા દાગીનાથી નહિ પણ પ્રભુના નામથી છે.

માનવનું જીવન મોટા ભાગે તો
સંસારનું અનિત્ય સુખ ભોગવવામાં જ પૂરું થાય છે.
આત્મા મરતો નથી અને શરીર કાયમ ટકતું નથી.
જે ઉત્પન્ન થાય તે શરીર, જે સતત રહે તે આત્મા-
શુદ્ધ ચેતન. આત્માને બંધન નથી, જડશરીરને બંધન નથી,
પરન્તુ દેહાભિમાની જીવને હુંપણાને કારણે જ બંધન છે.
શરીર સુંદર નથી પણ શુદ્ધ ચેતનમય આત્મા સુંદર છે.
શરીરમાં પ્રાણ ન રહે તો શરીરને ઘરમાં રાખવા કોઈ
તૈયાર નથી. દુઃખનું કારણ દેહાભિમાન છે, દેહાભિમાનનો
નાશ થતાં શુદ્ધ ચેતનમય આત્માનો સાક્ષાત્કાર થાય છે.

માનવ ભૂલ કરે છે પણ કબૂલ કરતો નથી.
ભૂલ કબૂલ કરી તો ક્ષમા મળે છે, પરન્તુ
કેટલાકને એવી આદત હોય છે કે
પોતાના દોષોને ઢાંકવાનો પ્રયાસ કર્યા જ કરે છે.
જીવને જાહેર થવું ગમે, ઈશ્વરને ગુપ્ત રહેવું ગમે છે.
નિરાકાર બ્રહ્મ તે જ નરાકાર રામ છે.
જ્ઞાની બ્રહ્મદૃષ્ટિ રાખીને સર્વને બ્રહ્મદૃષ્ટિથી જુએ છે,
જ્યારે ભગવાનનો પરમ ભક્ત સર્વમાં
ભગવદ્‌ભાવ રાખીને જગતને જુએ છે.

ચંદ્ર સરલ નિર્મળ મન અને

સ્વરૂપ = પ્રકાશપુંજ આત્મા, તે આધ્યાત્મિક અર્થ છે.

સ્વરૂપ એ બુદ્ધિના દેવ છે.

બુદ્ધિ દુર્બળ હોય, ત્યારે જ કામ પ્રવેશી શકે છે.

સ્વરૂપની ઉપાસનાથી બુદ્ધિ શુદ્ધ થાય છે.

અપેક્ષા છે, ત્યાં દુઃખ અશાંતિ છે.

જે પૂર્ણ નિરપેક્ષ છે, તેને શાંતિ મળે છે. જેને કામનો સ્પર્શ થશે, તેના સૌંદર્યનો નાશ થશે સમજવું.)

કેટલાકને સ્વશરીરમાં સૌંદર્ય દેખાય છે, તેના નખ અને વાળમાં પણ સૌંદર્ય દેખાય છે. ભાણામાં વાળ આવે તો પણ ભોજન અપવિત્ર બને, તો મનમાં જેના વાળ આવે, તેના આત્માની અપવિત્રતા સમજવી.

આત્મપ્રશંસા એ પુણ્યનો નાશ કરનાર છે.

કુતરું પણ ઉપકાર ભૂલતું નથી.

એક માનવી જ એવો અધમ છે કે... જે પ્રભુએ તેને માનવનો દેહ આપ્યો, તેને જ ભૂલી જાય છે.

પિતા - પુત્ર કરતાં ગુરુ - શિષ્યનો સંબંધ અલૌકિક છે.

પિતા પુત્રને આપવા ઇચ્છે છે પણ લેવા નહિ જ, તેમ ગુરુ પણ શિષ્યની પાસેથી કાંઈપણ લેવા ઇચ્છતા નથી.

श्री

હલકા મનનો હોય, એવાને સેવા લેવાની ઇચ્છા થાય.
માનવને મળવાની ઇચ્છા તે કામ અને
પ્રભુને મળવાની ઇચ્છા તે ભક્તિ.
વાસના કાંટો છે, વાસનાનો કાંટો ભાવનાથી નીકળે છે.
શુભ વાસના એ પ્રભુ મનોવિજ્ઞાન છે,
અશુભ વાસનાને કાઢવા શુભવાસનાનો ઉપયોગ કરો.
બાળકને સુખી કરવાની વાસના એ શુભ વાસના છે,
ભોગેચ્છા એ અશુભ વાસના છે. અશુભ વાસના ગયા
પછી જેમ કાંટાથી કાંટો કાઢીને બંનેને ફેંકી દે છે, તેમ
શુભ વાસનાને પણ ફગાવી દો. એ પછી માત્ર અને
માત્ર પ્રભુમાં જ મન જોડો, તો પરમ શાંતિ મળશે.
Man is made in the image of God.
અર્થાત્ મનુષ્યપ્રાણી એ ઈશ્વરનો પડછાયો છે.
'હું બધાથી ભિન્ન છું, મારાથી બધા ભિન્ન છે' એમ
જે જુએ છે, તે ફરી ફરીને જન્મ-મરણને પામે છે.
उपकर्तुं प्रियंवक्तुं कर्तुं स्नेहमकृत्रिमं ।
सज्जनानां स्वभावोऽयं केनेन्दुः शिशिरीकृतः ॥ અર્થાત્:
અકૃત્રિમ સ્નેહ + ઉપકાર કરવો, પ્રિય બોલવું, આ સર્વ
સજ્જનોનો સ્વભાવ છે. ચંદ્રમાને ઠંડો કોણે કર્યો?

# ધ્યાનયોગમાં ગુરત - સુરતનું ઘણું મહત્ત્વ

ગુરત અથવા નિરતિ એ વૈરાગ્યનું સૂચક છે.
આ વૈરાગ્ય એટલે નિર્વિકલ્પ ધ્યાનની અવસ્થા.
આ સુરત એટલે સુરતિ - યાદ, પ્રેમભરી યાદ.
સુરત એટલે પ્રભુ તરફની અતૂટ - અખૂટ પ્રીતિ.
આ ધ્યાન અને પ્રેમના સંયોગથી
નાભિમંડળમાં રહેલી પ્રાણ નાડી દ્વારા
ત્રિકુટિ તરફ - મસ્તક તરફ પ્રવાહ કરે છે.
ઈડા - પિંગલાને રોકી સુષુમ્ણા નાડીના માર્ગથી
પ્રાણવાયુનો ઉર્ધ્વગતિએ સંચાર થાય છે.
આ પ્રાણાયામથી નાડીઓની શુદ્ધિ થાય છે.

ચિત્ત પર નાડીઓનો પ્રભાવ છે. નાડી પણ ચંચળ છે. નાડીને વશ કરવાથી ચિત્ત વશમાં આવે છે. ચિત્તમાં જે વૃત્તિઓ ઉઠે છે, એનો આધાર પ્રાણ છે. પ્રાણના સતત અભ્યાસથી એ ઉર્ધ્વગતિને પામે છે. આ રીતે પ્રાણ અને ધ્યાનની સતત જાગૃતિથી નાડીઓની શુદ્ધિ થાય છે, ચંચળ વૃત્તિઓને કાબુમાં રાખી શકાય છે. પ્રાણ સ્થિર થાય છે, ત્યારે જે નાદ સંભળાય છે,

તે નાદને 'અનાહત નાદ' કહે છે.

અનાહતનાદને કારણે પ્રાણને શરીરનો આધાર કહ્યો છે.
આ પ્રાણને પરમાત્માના પ્રત્યક્ષ અને પ્રતિનિધિ કહેલ છે.
શક્તિને 'કુલ' કહે છે, શિવને 'અકુલ' કહે છે.
શિવની સૃષ્ટિ રચવાની ઈચ્છાને જ 'શક્તિ' કહે છે.
એ રીતે શિવ અને શક્તિમાં ભેદ નથી.

સાધનાનું મુખ્ય લક્ષ્ય એ છે કે
શિવ અને શક્તિને અર્થાત્ કુલ અને અકુલને
એક કરે અર્થાત્ સમરસ બનાવે અને આમ બને,
ત્યારે કુબુદ્ધિ અને ભોગાસક્તિઓ નાશ પામે છે.

स्नानं मनोमलत्यागो, दानमिन्द्रियनिग्रहः ।
अभेददर्शनं ज्ञानं, ध्यानं निर्विषयं मनः ॥१॥ અર્થાત્:
મનરૂપી મેલનો ત્યાગ કરવો, તે સ્નાન છે, ઈંદ્રિયોને
અટકાવવા તે દાન છે, અભેદનું દર્શન તે જ્ઞાન છે
અને વિષય વિનાનું મન તે ધ્યાન છે.

'અહં'નો નાશ કરવા સકલ પ્રાણીજગત સાથે અભેદ,
'તેઓનાં સુખ - દુઃખ તે આપણાં સુખ - દુઃખ છે'
તે ભાવના અને તે ભાવનાથી ભાવિત થઈને
જેઓ સિદ્ધ બન્યા છે, તેમનો આદર્શ ઉપકારક બનશે.
ઔચિત્યભર્યું વર્તન તે મહાયોગ છે.

## પ્રાર્થનામય જીવન એટલે...

ઈશ્વરના સાંનિધ્યમાં જાગરૂકપણે જીવવાનો પ્રયત્ન.
પ્રભુનું સતત સાંનિધ્ય ઈચ્છનારને પ્રાર્થના સહાયક છે.
શ્વાસોચ્છ્વાસ, નાડી અને હૃદયના ધબકારાની જેમ
પ્રાર્થના પણ અખંડ રીતે ચાલવી જોઈએ,
કેમકે ઉન્નત જીવનની તે ચાવી છે.
અંતરાત્મા સાથે સંબંધ વધે, તેમ પ્રાર્થના વધે છે.
આસનજયથી પ્રાણજય થાય,
પ્રાણજયથી મનોજય ઉપરાંત ઇંદ્રિયજય પણ થાય છે.

## અભ્યાસ અને વૈરાગ્ય

વિષયદોષદર્શનજનિત વૈરાગ્ય એ
વિષયવિમુખતા ઉત્પન્ન કરે છે અને વિવેકદર્શનના
અભ્યાસ વડે ચિત્તમાં સુખજનક દૃઢ સ્થૈર્ય ઉપજે છે.
અનેક જન્મોના સંસ્કારોથી વિષયો તરફ જનારી
વૃત્તિઓના પ્રવાહને વૈરાગ્ય વડે રોકી અને
અભ્યાસરૂપ ઉપાય વડે
પુરુષતત્ત્વ પ્રતિ લઈ જવા, એ યોગસાધના છે.
તત્રસ્થિતૌ યત્નોઽભ્યાસઃ । અર્થાત્:
તે સ્થિતિમાં પ્રયત્ન કરવો, તેને 'અભ્યાસ' કહેવાય.

श्री

વૈરાગ્ય વડે ભક્તિ અને ભક્તિ વડે વૈરાગ્ય થાય છે,
એનું તાત્પર્ય એ છે કે:

અભ્યાસ = ચિત્તવૃત્તિને આત્મતત્ત્વ તરફ લઈ જવી.
એકાગ્ર વૃત્તિની ધારારૂપ સ્થિતિ માટે તેનાં
બહિરંગ અને અંતરંગ સાધનોરૂપ યમ - નિયમાદિની
જે પુનઃ પુનઃ આવૃત્તિ, તે 'અભ્યાસ' જાણવો.

વૈરાગ્ય = અનાત્મભાવ તરફ જતી વૃત્તિઓને રોકવી.

પોતપોતાની ભૂમિકાને યોગ્ય કર્તવ્યનું પાલન કરવું,
તે શાસ્ત્રોમાં ઉચિત વર્તન ગણાય છે.

આનંદને આમંત્રણ આપનાર કોણ?

ઉપયોગાનુસાર યોગપ્રવૃત્તિ થાય છે, માટે
અર્હદાકાર ઉપયોગ કથંચિત્ અર્હત્સ્વરૂપ કહેલો છે. ભક્તિના
અભાવે કૃતજ્ઞતાગુણ નાશ પામે. કૃતજ્ઞતાગુણ પાત્રતાને
વિકસાવે છે, કેવળ સ્વનો વિચાર ક્લેશને નોતરનાર છે
અને સર્વનો વિચાર ક્લેશને નાબૂદ કરનાર છે તથા
આનંદને આમંત્રણ આપનાર છે, તેથી તે આત્મધર્મ છે.
આપણા અંદર જ આપણો મહાન ઈશ્વર અહર્નિશ નાદ
કરે છે, તેને સાંભળવો તે શ્રુતધર્મ. તેથી જ્યોતિ પ્રગટે છે.
બુદ્ધિ કેવળ તર્કી છે, અનુભવ એ જ મહાન સિદ્ધ છે.

જે થોડા ઉપકારને પણ ઘણો માને છે,
તે ઘણો આનંદ અનુભવી શકે છે અને
તેનું મન વિશાળ અને ઉદાર બને છે.

## પ્રયત્ન એટલે શું?

'સ્વભાવના ચાંચલ્યથી બહાર જવાના સ્વભાવવાળા ચિત્તનો પણ હું અવશ્ય નિગ્રહ કરીશ' એવો જે અત્યંત માનસ ઉત્સાહ છે, તે 'પ્રયત્ન' છે.

रजस्तमोवृत्तिशून्यचित्तस्य एकाग्रता परिणामः
स्वरूपनिष्ठः परिणामो वा स्थितिः ।
तस्यां यत्नः आत्मोत्साहः, पुनः पुनस्तथात्वेन
चेतसि निवेशनं वा अभ्यास इति शब्द्यते ।

(પરિશિષ્ટ-૧૦)

## ॐકાર એ જ પ્રણવમંત્ર

सर्वेषां मंगलानां च बीजं प्रणव एव हि । અર્થાત્:
બધા મંગલોનું બીજ પ્રણવમંત્ર જ છે.

ॐकारः प्रणवो वेति सर्व मन्त्रेषु नायकः । અર્થાત્:
ॐકાર અથવા પ્રણવ એ સર્વ મંત્રોમાં નાયક છે.

તે ॐકાર અથવા તો પ્રણવમંત્ર જગતકારણરૂપ પરમેશ્વર અથવા પરમાત્માના રહસ્યનામરૂપ છે.

# મંત્રજાપના કુલ ચાર પ્રકાર

મંત્રજાપના વાચિક અને માનસ - એમ બે ભેદ છે.
વળી વાચિક અને માનસજાપના બે બે પ્રકાર છે:
વાચિકના વાચિક તથા ઉપાંશુ, માનસના માનસ તથા ધ્યાન.
બીજા સાંભળી શકે તે વૈખરી, તે સ્પષ્ટ ઉચ્ચારણરૂપ છે.
જીભ તથા હોઠ કિંચિત્ કિંચિત્ હાલે, પરન્તુ સમીપમાં
રહેલ પણ કોઈ સાંભળી ન શકે, તે ઉપાંશુ જાપ છે.
હોઠ અને કંઠની નાડીઓ પણ કંપાયમાન ન હોય,
માત્ર હૃત્પદ્મનો ભાગ જ મનોમય સૂક્ષ્મ ઉચ્ચારણ વડે
કિંચિત્ ચલાયમાન હોય, તે માનસ જાપ છે અને
બ્રહ્મરન્ધ્રમાં મંત્રના સૂક્ષ્મતમ રૂપમાત્રનું ચિન્તન કરવું
તથા હૃદયમાં પણ કિંચિત્માત્ર ઉચ્ચારણ ન થવા દેવું,
તે ધ્યાન જાપ છે. દરેક જાપમાં આપણી ચિત્તવૃત્તિ
મંત્રપ્રતિપાદિત દેવમાં રાખવાની છે.

ઉપરના પ્રત્યેક - ચારે ચાર જાપ સ્વસ્થાને
બે બે કલાક પર્યંત થઈ શકે, તેવું બળ મેળવી
પછી તેમાં નિરંતર વૃત્તિ રહે, તેમ કરવું જોઈએ.

'સંતિકરં' સૂત્રની પ્રથમ ગાથામાં
'ॐ श्रीं ह्रीं अर्हं नमः ।' એ મંત્ર ગુંફિત છે.

શ્રદ્ધા અને વિશ્વાસ ઇચ્છાશક્તિ જન્માવે છે. ઇચ્છા વડે પ્રયત્ન થાય છે. શ્રદ્ધા, વિશ્વાસ, ઇચ્છા અને પ્રયત્ન - એ ચારે ભેગાં મળે, ત્યારે 'ધ્યાન' ગણાય છે.

## ભક્તિના ચાર પ્રકાર

(१) वन्दनम् = अभिवादनम्, प्रशस्तकायवाङ्मनःप्रवृत्तिरित्यर्थः । અર્થાત્: વંદન = અભિવાદન કરવું. મન - વચન - કાયાની પ્રશસ્ત પ્રવૃત્તિ કરવી.

(२) पूजनम् = गन्धमाल्यादिभिः समभ्यर्चनम् । અર્થાત્: પૂજન = સુગંધી દ્રવ્ય - માળા વગેરે વડે પૂજા કરવી.

(३) सत्कारः = प्रवरवस्त्राभरणादिभिः । અર્થાત્: સત્કાર = શ્રેષ્ઠ વસ્ત્ર, અલંકાર આદિ વડે સત્કાર કરવો.

(४) सन्मानं = मणापीईइ विणयपडिवत्ती । અર્થાત્: માનસિક પ્રીતિપૂર્વકનો વિનય સત્કાર અથવા સ્તુતિ વગેરેથી ગુણોત્કીર્તન કરવું.

(૧) બધું ભગવાનનું છે - હું પ્રભુનો છું.
(૨) બધામાં ભગવાનનો વાસ છે - પ્રભુ મારા છે.
(3) બધું ભગવાન છે - હું અને પ્રભુ એક છીએ.

ભક્તિના આ 3 પગથિયાં છે. ભક્તિ કરતાં ભગવાન આધીન થાશે, ત્યારે ભક્ત પ્રભુમાં વિલીન થઈ જાય છે.

श्री

ષડ્ આવશ્યકમાં સામાયિક એ ધર્મરૂપ છે.

બીજું તથા ત્રીજું આવશ્યક દેવ-ગુરૂની ભક્તિરૂપ છે.

ચોથું - પાંચમું તથા છઠ્ઠું આવશ્યક એ
ભૂતકાળ, વર્તમાનકાળ અને આગામી ભવિષ્યકાળ -
એમ ત્રણે કાળના પાપોથી પાછા ફરી
સામાયિક ધર્મમાં ફરીથી પ્રવેશ કરવા - આવવારૂપ છે.

સામાયિકના ત્રણ અર્થમાં અનુક્રમે
મૈત્રી, માધ્યસ્થ્ય, પ્રમોદ અને કારુણ્ય રહેલાં છે.

नमस्कारः सामायिकाङ्गमेव । - आवश्यक० पृ. ५५५

અર્થાત્: નમસ્કાર એ સામાયિકનું જ એક અંગ છે.

પરમાત્મા ત્રણ વસ્તુ આપે છે:

પરમાત્મા તીર્થ દ્વારા ઉપદેશ, જીવન દ્વારા આદર્શ
અને નામાદિ દ્વારા આલંબન - શરણું આપે છે.

निर्बीजं अक्षरं नाऽस्ति नास्ति मूलमनौषधं ।
निर्धना पृथ्वी नाऽस्ति, आम्नायाः खलु दुर्लभाः ॥१॥

અર્થાત્: કોઈ અક્ષર બીજમંત્ર વિનાનો નથી,
કોઈ મૂળ ઔષધ વિનાનું નથી,
કોઈ પૃથ્વી ધન વિનાની નથી,
માત્ર આ બધું મેળવવાનો આમ્નાય દુર્લભ છે.

સિદ્ધાર્થ ગૌતમે વિચાર્યું કે:

એમ ભોગવિલાસનો માર્ગ ખોટો છે,
તેમ અતિ દેહદમનનો માર્ગ પણ.
બન્નેની વચ્ચે રહેલો મધ્યમ માર્ગ ઉત્તમ છે.
દુઃખ શું છે? તે શેમાંથી પેદા થાય છે? તેનો ઉપાય શો?
જન્મ, જરા, વ્યાધિ અને મૃત્યુ -
એ ચારે ય દુઃખોનું મૂળ અવિદ્યા છે, તૃષ્ણા છે.
તેનો ઉપાય પંચશીલ સહિત સમ્યગ્દર્શન, સમ્યગ્વચન,
સમ્યક્સંકલ્પ, સમ્યક્વ્યાયામ અને સમ્યગ્સમાધિ છે.
પંચશીલવાન બની અષ્ટાંગ યોગનું સાધન કરે,
તે દુઃખથી મુક્ત થઈ નિર્વાણને પામે છે.
નિર્વાણ પામવા પહેલાં બ્રહ્મવિહાર પર ભાર મૂક્યો છે,
તે મૈત્રી - કરુણા - મુદિતાસ્વરૂપ છે.
વિશુદ્ધબુદ્ધિથી જે માર્ગ ખરો લાગે, તે જ આદરણીય છે.

ગુસ્સો કરવો એટલે
બીજાની ભૂલોની શિક્ષા પોતાની જાતને કરવી તે!
ભૂલ તો માનવમાત્રને થાય છે પણ
જે ભૂલનો પસ્તાવો કરે અને ફરી તેવી ભૂલ ન થાય,
એની કાળજી રાખે છે, એ સર્વશ્રેષ્ઠ છે.

'कस्त्वम् आत्मेति ? उपशांतोऽयमात्मा ।'

અર્થ: આત્મા કેવો છે ? આ આત્મા ઉપશાંત છે.

'द्वैताद्वैत विवर्जित्ते समरसे ।'

જડ જડ વચ્ચે સંબંધ દ્વૈત કે અદ્વૈતનો નહિ પણ
સમરસતાનો સંબંધ છે, તેમાં દ્વૈતાદ્વૈત નથી.

निर्वातस्थ प्रदीप इव ।

વાયુ વિનાનું સ્થાન = પ્રમાદરહિત અવસ્થા.

પ્રમાદનો ત્યાગ તે પવન વિનાનું સ્થાન છે અને
વિકથાનો ત્યાગ તે એકાંત સ્થાન છે.

'પોતે વિશ્વની વિરાટ શક્તિનો એક અંશ છે'
એમ મન-વચન-કાયાથી માનનાર માનવી જ
પોતાની શક્તિનો સદુપયોગ કરી શકે છે.

અનુચિત મન, સુખ-દુઃખાદિનો ભોગ-વગેરે
આત્માના વિકલ્પ છે, મનના નહિ.

પ્રભુ વીરને થયેલ ઉપસર્ગોનું વિભાજન

જઘન્યમાં ઉત્કૃષ્ટ ઉપસર્ગ = કટપુતનાનો શીત-ઉપસર્ગ,
મધ્યમમાં ઉત્કૃષ્ટ ઉપસર્ગ = સંગમદેવે છોડેલું કાળચક્ર,
ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ ઉપસર્ગ = ગોવાળીયાએ
પ્રભુ વીરના બન્ને કાનમાં ખીલા ઠોક્યા, તે ઉપસર્ગ.

ઉણાવા, સં. ૨૦૨૮, શ્રાવણ સુદી-૫, તા. ૧૪-૮-૭૨, સોમવાર

## સ્થાપનાચાર્યની પડિલેહણના ૧૩ બોલ

(૧) ગુરુ શુદ્ધ સ્વરૂપના ધારક છે.

(૩) ગુરુ પંચાચાર પાળે, પળાવે, અનુમોદે.

(૩) શુદ્ધ શ્રદ્ધાનક, શુદ્ધ પ્રરૂપણાનક, શુદ્ધ સ્પર્શનાનક છે.

(૩) ગુરુ જ્ઞાનસહિત, દર્શનસહિત, ચારિત્રસહિત છે.

(૩) ગુરુ મનોગુપ્તિ, વચનગુપ્તિ, કાયગુપ્તિએ ગુપ્ત છે.

૧૩

## આશ્રવના પાંચ પાંચ પ્રકારો

(૧) હિંસાદિ પાંચ આશ્રવો.

(૨) ઈંદ્રિય, કષાય, અવ્રત, યોગ અને પચીસ ક્રિયા.

(૩) મિથ્યાત્વ, વિરતિ, પ્રમાદ, કષાય અને ત્રણ યોગ.

હિંસાદિ ૫ અવ્રત, ૫ ઈંદ્રિયો, ૪ કષાયો અને ૩ યોગ મળીને કુલ - ૧૭ ઉપરાંત...

મિથ્યાત્વ ૨૧ પ્રકારે, અવિરતિ ૧૨ પ્રકારે, પ્રમાદ ૫ અથવા ૮ પ્રકારે, કષાય ૪ પ્રકારે અને યોગ ૩ પ્રકારે = કુલ પ્રકાર ૪૫ અથવા ૪૮ થાય.

## કર્મઉદયના બે પ્રકાર

૧ રસોદય, ૨ પ્રદેશોદય.

## ધર્મશાસ્ત્રો શેનો પ્રયાસ કરે છે ?

શ્રી સંઘના હૃદયમાં સાધુ - સાધ્વી છે.
સાધુ - સાધ્વીના હૃદયમાં આચાર્ય - ઉપાધ્યાય છે.
આચાર્ય - ઉપાધ્યાયના હૃદયમાં અરિહંત - સિદ્ધ છે,
અરિહંત - સિદ્ધના નિર્મળ જ્ઞાનપ્રકાશમાં
સમગ્ર જગલોક છે, કિન્તુ
જગલોકના હૃદયમાં અરિહંત - સિદ્ધ નહિ,
તે લાવવા માટે જ ધર્મશાસ્ત્રોનો પ્રયાસ છે.
જો પ્રત્યેક ભવ્ય સંસારી જીવના અંતઃકરણમાં
અરિહંત - સિદ્ધ વસી જાય, તો
આચાર્ય - ઉપાધ્યાય, સાધુ - સાધ્વી, શ્રાવક - શ્રાવિકાદિ
સર્વ સમ્યગ્દૃષ્ટિ જીવસમૂહનો પ્રવેશ થાય અને
તે સર્વનો સકલ જીવસમૂહનો પ્રવેશ થવાથી
અજ્ઞાન - અવિરતિ - પ્રમાદ - કષાય વગેરે
આઠે આઠ કર્મના બંધના કારણરૂપ
સર્વ દોષોનો વિલોપ થઈ જાય અને
મુક્તિ, મુક્તિમાર્ગ અને મુક્તિમાર્ગ સાધક -
એમ ત્રણેની સાથે ભાવસંબંધ બંધાય,
કે જે સંબંધ અંતે જીવોની મુક્તિમાં પરિણમે.

ધર્મ એવ હતો હન્તિ, ધર્મો રક્ષતિ રક્ષિતઃ ।
તસ્માદ્ધર્મો ન હન્તવ્યો, મા નો ધર્મો હતોઽવધીત્ ॥
હણાયેલો ધર્મ હણે છે અને રક્ષણ કરાયેલો રક્ષણ કરે છે,
તેથી ધર્મ હણાવો ન જોઇએ. હણાયેલો ધર્મ આપણને ન હણે.

વ્યક્તિને ધર્મમાં વ્યક્તિરૂપે નહિ, પરન્તુ
સમષ્ટિરૂપે જોવાની છે.

વ્યક્તિવાદમાંથી છૂટી સમષ્ટિવાદમાં લઈ જનારી શુભ પ્રવૃત્તિ એ ધર્મ છે અને સમષ્ટિવાદમાંથી પરમેષ્ઠિપદમાં લઈ જનાર શુભાશુભથી નિવૃત્તિ એ નિવૃત્તિધર્મ છે.
દાનધર્મમાં મમતા અને લોભના અંશનો ત્યાગ, તે નિવૃત્તિ છે અને પ્રેમપૂર્વક અર્પણ તે પ્રવૃત્તિરૂપ છે.
દાનના સંકલ્પમાં ઓગળાતું લોભ - મમતાની નિવૃત્તિ છે અને જાગતું વહેતી પ્રેમ - કરુણાધારા, તે પ્રવૃત્તિ છે.

'સર્વ પદાર્થ સમધર્મા છે'
એ વિચાર માધ્યસ્થ્ય - વૈરાગ્યભાવ વિકસાવે છે.

'સર્વ જીવો સમધર્મા છે'
એ વિચાર મૈત્રી, પ્રમોદ, કારુણ્યને વિકસાવે છે.

શ્રુતધર્મનું જ્ઞાન ત્રિપદીનું જ્ઞાન છે,
ચારિત્રધર્મનું જ્ઞાન જીવતત્ત્વની ઉપાદેયતાનો નિશ્ચય છે.

'વસ્તુ માત્ર ત્રિપદાત્મક છે' એમ જાણ્યા પછી કોઈપણ વસ્તુ પ્રત્યે રાગ કે કોઈપણ વસ્તુ પ્રત્યે દ્વેષ રહેતો નથી. દ્વિધાભાવ ટળીને રાગ-દ્વેષ વિનિર્મુક્ત જે મધ્યસ્થભાવ પ્રકટે છે, તે વીતરાગતા અને કેવળજ્ઞાનનું બીજ છે.

ત્રિપદીના જ્ઞાનથી મિથ્યાત્વમોહ ટળે છે.

જીવનની સજાતીયતાનું જ્ઞાન ચારિત્રમોહનું નિવારણ કરે છે, સજાતીય જીવતત્ત્વ પ્રત્યે આત્મભાવયુક્ત વર્તન કરાવે છે અને તે મૈત્ર્યાદિ ભાવ સંયુક્ત હોય છે.

કષાયોને જીત્યા તે જિન અને જીતે તે જૈન.

ત્રિપદીનું જ્ઞાન તથા આત્મૌપમ્યભાવ કષાયોને જીતાવે છે.

જ્ઞાન સત્‌નું અને ક્રિયા ધર્મની.

સત્ સર્વવ્યાપી છે, તેને અનુસરતી ક્રિયા એ ઋત છે.

ઋત આત્મૌપમ્યભાવ છે, સત્ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક છે.

આત્મારાધન = સર્વહિતથી ચાલવું.

મોહારાધન = સ્વહિતથી ચાલવું.

નિત્યતાધર્મને આગળ કરવાથી મોહ નાશ પામે છે તથા ઉત્પાદ-વ્યયને આગળ કરવાથી રાગ-દ્વેષ ટળે છે.

પદાર્થવિજ્ઞાન જ્ઞાનમાં યથાર્થતા લાવે છે,
આત્મવિજ્ઞાન વર્તનમાં યથાર્થતા લાવે છે.

ક્રિયાના ૪ વિઘ્નો : અવિધિ, અતિપ્રવૃત્તિ, દગ્ધ તથા શૂન્ય.

દગ્ધ = આશંસાદોષ. શૂન્ય = અનુપયોગ.

આશંસાથી અનુષ્ઠાન વિષ - ગરલ બને છે,

અનુપયોગથી અનુષ્ઠાન સંમૂર્છિમ બને છે.

આત્મપ્રકાશની બુદ્ધિવાળું, અવિધિ - અતિપ્રવૃત્તિવાળું તદ્ધેતુ છે અને અવિધિ આદિ રહિત થતી ક્રિયાઓથી થતો આત્માનો પૂર્ણ આત્મપ્રકાશ તે અમૃતાનુષ્ઠાન છે.

ઉપયોગે ધર્મ, પરિણામે બંધ, ક્રિયાએ કર્મ.

અહીં 'ઉપયોગ'નો અર્થ

આત્માનુસંધાનનો પરિણામ લેવાનો છે.

o

ક્રિયાના પાંચ અંગ

(1) End (2) means (3) obstacles

(4) Realisation (5) Dedication.

End or goal & the means to the end, obstacles to be overcome, Realisation of the truth and dedication to the service of all.

All the five mentioned above together make the action complete.

નમસ્કાર એ પ્રભુની આજ્ઞાના આરાધન સ્વરૂપ છે,
તેથી પાપથી નિવૃત્તિ, પુણ્યમાં પ્રવૃત્તિ થાય છે.
આજ્ઞારાધનને ઉત્કૃષ્ટે અજ્ઞાનથી નિવૃત્તિ,
જ્ઞાનમાં પ્રવૃત્તિ, સંસારથી નિવૃત્તિ, મોક્ષમાં પ્રવૃત્તિ થાય છે.
સાધ્ય તરફ પ્રીતિ - ભક્તિ અર્થાત્
મોક્ષ તરફ પ્રીતિ અને તેનો માર્ગ બતાવનાર તરફ ભક્તિ.
વિષયોની આસક્તિ દૂર કરવી હોય, તો તે માટે
કોઈ ઊંચી વસ્તુમાં આસક્તિ કરો, ઉપાસના કરો.
પ્રભુની આજ્ઞા એ જ આ વિશ્વમાં સર્વશ્રેષ્ઠ છે અને
સર્વને ઉપકારક છે, તેથી તેના ઉપર પ્રેમ - આસક્તિ કરો.
અહીં 'આસક્તિ'નો અર્થ સર્વાધિક સુદૃઢ સ્નેહ કરવો.
સર્વથી અધિક અને અત્યંત દૃઢ સદા સ્નેહ પ્રભુની
આજ્ઞા ઉપર જાગે, તો તેનું ભવભ્રમણ ટૂંકાઈ જાય.
'આજ્ઞા'નો ટૂંકામાં ટૂંકો અર્થ કરવો હોય,
તો તે ન્યાયયુક્ત વર્તન છે.
સર્વ જીવો પ્રત્યે, જીવની સર્વ અવસ્થાઓ પ્રત્યે,
સર્વ નયો પ્રત્યે ન્યાયયુક્ત પ્રવર્તન એટલે
અહિંસા, સંયમ અને તપ કે સામ, સમ અને સમ્મ.
સર્વ જીવોને આત્મતુલ્ય માનવા, તે ન્યાય છે,
તે સામપરિણામ છે.

સર્વ અવસ્થાઓ કર્મકૃત હોવાથી તેના પ્રત્યે
તટસ્થભાવ રાખવો તે ન્યાય છે, તે સમ પરિણામ છે.
સર્વ નયો, અપેક્ષાઓ, દૃષ્ટિબિન્દુઓ પ્રત્યે ઉચ્ચ આદર
રાખવો તે ન્યાય છે, દરેક અપેક્ષાઓમાં રહેલ આંશિક
સત્યનો સ્વીકાર, તે અનેકાન્તન્યાય - સમ્મપરિણામ છે.
માર્ગાનુસારિથી માંડીને ચૌદમા ગુણસ્થાન પર્યન્ત સર્વત્ર
ન્યાયબુદ્ધિ પ્રવર્તન તે મોક્ષમાર્ગ - પ્રભુની આજ્ઞા છે.
મોક્ષમાર્ગ એ દર્શન - જ્ઞાન - ચારિત્રસ્વરૂપ છે,
દર્શન, જ્ઞાન, ચારિત્ર એ સામ - સમ - સમ્મસ્વરૂપ છે.
સામ, સમ અને સમ્મ એ ન્યાયબુદ્ધિ રૂપ છે,
તેથી ધર્મરૂપ છે, પ્રભુની આજ્ઞારૂપ છે,
તેના ફલરૂપે અહિંસા - સંયમ - તપનું આચરણ થાય,
ત્યારે જ જીવને મુક્તિ મળે છે.

<u>સૂત્ર + અર્થ = ભાવપ્રકાશનું પ્રાગટ્ય</u>

સૂત્રનો ઉચ્ચાર શબ્દ છે, અર્થનો વિચાર છે,
તે બે મળે, ત્યારે શુદ્ધ ભાવ જાગે છે.
શબ્દનો શુદ્ધ ઉચ્ચાર અને અર્થનો પુખ્ત વિચાર કર્યા
વિના ભાવરૂપી પ્રકાશ પ્રગટતો નથી. કારણ આચરણ
વડે વિચાર થાય છે અને વિચાર વડે વિવેક જાગે છે.

પાંચે ઇંદ્રિયોના વિષયથી જો રમણીય છે,
તો આત્મા તેનાથી ઘણો વધારે રમણીય છે.
સ્થિતપ્રજ્ઞને વિષયોમાં રસ નથી, કેમકે
તેને રસરાજ એવો આત્મા મળ્યો છે.
વિદ્વાન છે માટે વીતરાગ છે, એમ ન મનાય.
આત્માનો રસ ચાખે, તેનો જ વિષયરસ જાય.
સર્વોદય માટે self control restraint = સંયમ.
સર્વનાશ માટે self indulgence = સ્વૈરવિહાર.
'અરિહંત' એટલે જેનામાં આર્હન્ત્ય છે તે.
'આર્હન્ત્ય' એટલે પરમસામ્ય - મહાન્યાય જેનામાં છે તે.
અરિહંતની ઉપાસનામાં મહાન્યાયની ઉપાસના છે.
લૌકિક ન્યાયનું સૌંદર્ય લોકોત્તર ન્યાય સમજને
તેને આચરવાની શક્તિને પ્રદાન કરે છે.
ન્યાય એજ વિશ્વમાં માનનીય - વંદનીય - પૂજનીય છે,
સત્કાર અને સન્માનને પાત્ર છે.
ન્યાયની શક્તિ રાજ્યની શક્તિથી ઘણી ઉપર છે.
પ્રજા ઉપર શાસન રાજ્યનું - રાજ્ય પર શાસન ન્યાયનું છે.
અહિંસાદિ અને ક્ષાન્ત્યાદિ ધર્મોમાં ન્યાયનું અનુસરણ છે.
ન્યાય એ જ માર્ગ છે અને માર્ગ રત્નત્રયસ્વરૂપ છે.

સમ્યગ્દર્શન એ ન્યાયની રુચિ છે,
સમ્યગ્જ્ઞાન એ ન્યાયનો અવબોધ છે,
સમ્યક્ચારિત્ર એ ન્યાયનો અમલ છે.
ન્યાયનો ભંગ એ માર્ગનો ભંગ છે અને
માર્ગનો ભંગ એ શિક્ષાને પાત્ર છે.
અહિંસાથી બધા જીવોને ન્યાય મળે છે. સંયમ અને
તપથી પોતાના આત્મા પ્રત્યે ન્યાયભર્યું વર્તન થાય છે.
ન્યાયને અનુસરનારી સમતાના સુખને પામે છે.
ન્યાયબુદ્ધિ વિષયસુખ પ્રત્યે વૈરાગ્ય પ્રગટાવે છે.
અને મોક્ષસુખ પ્રત્યે અનુરાગ જગાડે છે.
'આર્હન્ત્યની સત્તા વિશ્વવ્યાપી છે' એમ જ્યારે કહેવામાં
આવે છે, ત્યારે તેમાં મહાન્યાયની જ પ્રશંસા છે.
સમ્યક્ પણ ન્યાય કે પદ્ધતિ શબ્દ ઋતને અનુસરે છે.
ઋત કે ન્યાય એ સત્યને પામવાનો માર્ગ - ધર્મતીર્થ છે,
એમ પણ કહેવાય. અરિહંતો પણ ન્યાયને અનુસરીને
જ પરમાર્હન્ત્યની સંપદાને પામે છે.
મહાત્માઓની ઉન્નતિનો માર્ગ નમ્રતા જ હતી.
ધનોપાર્જનનો માર્ગ દાન જ હતો.
સ્વાર્થનો માર્ગ પરાર્થતાનો - વીરતાનો માર્ગ ક્ષમાનો હતો.

## ગુરુપારતંત્ર્યનો મહિમા

જીવના મોહનીય કર્મ ખપાવવા માટે
ગુરુ પારતંત્ર્યને છોડીને બીજો કોઈ ઉપાય નથી.
જેનામાં ગુરુ પારતંત્ર્ય નથી અથવા
જેણે ગુરુ આજ્ઞાની આધીનતા કેળવી નથી,
તે જ્ઞાન કે ચારિત્ર ગમે તેટલું મેળવે કે કેળવે, તો પણ
તેનું મિથ્યાત્વ મોહનીય કર્મ તદવસ્થ રહે છે.
ગુરુપારતંત્ર્ય, આજ્ઞાપારતંત્ર્ય, શાસ્ત્રપારતંત્ર્યાદિ
એક જ અર્થને કહે છે અને તેને જ
માર્ગાનુસારિતા અને તેને જ પ્રજ્ઞાપનાપ્રિયતા કહે છે.
અતીન્દ્રિય એવા મોક્ષમાર્ગમાં પ્રભુઆજ્ઞાના પારતંત્ર્ય
વિના પ્રગતિ થઈ શકતી નથી, એ કારણે ધર્મને
વિનયનું મૂળ કહ્યો છે તથા વિનય વિના વિદ્યા નથી,
અર્થ નથી, કામ નથી, ધર્મ નથી અને મોક્ષ પણ નથી.
અયોગ્ય વ્યક્તિ અને વસ્તુના વિનયથી જ સંસાર છે.
તે સંસારનો છેદ યોગ્યના વિનયથી જ થઈ શકે છે.
આજ્ઞાનો આહાર તે જેમ આવતીકાળનું શરીર છે,
તેમ આજ્ઞાનો વિચાર અને આજ્ઞાની ભાવના -
તે આપણું આવતીકાળનું જીવન છે.

## શ્રદ્ધા = વિચાર × ભાવના.

શ્રદ્ધા એ વિચાર અને ભાવનાનો ગુણાકાર છે.
સ્વચ્છંદી આહાર જેમ આરોગ્યવર્ધક નથી, તેમ સ્વચ્છંદી
વિચારો અથવા લાગણીઓ જીવનવિકાસક ન બને.
જેના વિષે શ્રદ્ધાભાવ હોય, તેના જેવો તે બને છે.

### મોહનો ક્ષય એટલે 'મોક્ષ' તો 'મોહ' એટલે શું ?

અજ્ઞાન, સંશય, વિપર્યય, રાગ, દ્વેષ, ધર્મનો અનાદર,
પ્રમાદશીલતા, યોગદુષ્પ્રણિધાન, મન - વચન - કાયાના
યોગોનો દુષ્ટ - વ્યાપાર ઇત્યાદિ 'મોહ' છે.
તેનો વિજય આજ્ઞાપારતંત્ર્ય વડે થાય છે.
ઇચ્છા એ સંસાર છે, આજ્ઞા એ મોક્ષ છે. ઇચ્છા
કર્મોદયજનિત છે, આજ્ઞા એ કર્મ ક્ષયોપશમજનિત છે.
સ્વમતિએ ચાલવાની ઇચ્છા તે મોહ છે અને
શાસ્ત્રમતિએ ચાલવાની વૃત્તિ એ વિવેક છે.
વિવેક એવો ઉત્તમ ગુણ છે, જેના વડે મોહ જીતાય છે.

### જીવના ત્રણ પ્રકારના ભાવ

સ્વભાવકૃત, કર્મકૃત અને આત્મકૃત [illegible]
અનુક્રમે પારિણામિક, ઔદયિક અને આત્મકૃત અથવા
ક્ષાયોપશમિક, ઔપશમિક, ક્ષાયિકાદિ ભાવો છે.

આત્માની ઓળખ નિશ્ચય ધર્મ છે.
આત્માને મુક્ત કરનાર પરાર્થતા એ વ્યવહારધર્મ છે,
તેથી જ શ્રી અરિહંત પરમાત્માઓએ
વ્યવહાર ધર્મને જ પ્રધાન ધર્મ કહ્યો છે.
નિશ્ચય ભલે મુખ્ય છે, તેની જ મહત્તા છે.
નિશ્ચય વિના વ્યવહાર આવતો જ નથી, છતાં
નિશ્ચય ધર્મ પ્રાપ્ત થયા પછી તે નિશ્ચયધર્મનું રક્ષણ,
તેની સાર્થકતા વ્યવહારધર્મથી જ થાય છે, માટે જ
પરાર્થતારૂપી વ્યવહારધર્મ જ તીર્થ છે - મુખ્ય માર્ગ છે.
પરાર્થતાથી જ આત્માર્થ પ્રાપ્ત થાય છે.
તેનું મૂળ મૈત્રીભાવ છે. મૈત્રીનો ભાવ તો હંમેશાં
પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ્યવાળો જ હોય છે.
ધર્મચક્ર એ ઋત અગર Universal law છે,
જેના આધારે અરિહંતો 'ત્રિલોકનાથ' પણ કહેવાય છે.

निश्चयस्तत्त्वसारोऽपि, व्यवहारेण निर्वहेत् ।
सकलस्यापि देवस्य, रक्षा प्राहरिकैर्भवेत् ॥

અર્થ: તત્ત્વનો સારભૂત નિશ્ચય પણ
વ્યવહાર વડે નિર્વાહ કરાય.
બધા દેવોની રક્ષા ચોકીદારો વડે થાય છે. - પાર્શ્વ ૬/૩૪૦

## Law or principle of kindness

Be always kind.

Come out of a all bitter criticism. see no more evil in everything. Force yourself to see nothing but the kind presence of Divine grace & you will see not only within you but arround you, an atmosphere of quiet joy, peaceful trust, luminous spreading more & more hope. Not only you will feel happy & quiet, but the major part of your bodily disorders disappear.

o

By prayer and meditation, one can talk to & listen to God.

o

સાધનાનો અર્થ = Becomingમાંથી Beingમાં જવું તે.
પરાત્પર એ વિશ્વના સોપાનની અંત્ય સીડી જ છે.

શ્રી

પરમ મંગલ એવા એક અન્ય અષ્ટમંગલ

કરેમિ ભંતે સામાઇયં । સાવજ્જંજોગં પચ્ચક્ખામિ ।

સામાયિકમાં કઈ કઈ પ્રભુઆજ્ઞા પાળવાની છે?

શેમાં સ્થિર થવાનું છે? શેમાં રમણ કરવાનું છે?

શું મેળવવાનું છે? શું છોડી દેવાનું છે?

(૧) આત્મભાવમાં સ્થિર થવું, અનાત્મભાવમાંથી છૂટવું.

(૨) જીવો પ્રત્યે આત્મતુલ્યભાવ મેળવવો,
ઈર્ષા, અસૂયા, રાગ - દ્વેષાદિથી છૂટવું.

(૩) સ્વભાવમાં સ્થિર થવું, વિભાવને છોડી દેવો.

(૪) નિજસ્વરૂપના જ્ઞાતા - દૃષ્ટા થવું,
પરવસ્તુમાંથી જ્ઞાતૃત્વ - દૃષ્ટૃત્વ ભાવ છોડવો.

(૫) સ્વરૂપમાં રમણતા કરવી,
પરવસ્તુઓમાંથી વૃત્તિઓ ખેંચી લેવી.

(૬) શુદ્ધ સ્વરૂપમાં ઉપયોગ રાખવો,
પરવસ્તુઓમાંથી ઉપયોગ ખેંચી લેવો.

(૭) સામાયિકભાવમાં રહેવાની
પ્રભુઆજ્ઞાને પરિપૂર્ણ રીતે પાળવી.

(૮) પ્રભુઆજ્ઞા સાવદ્યયોગને છોડવાની છે,
તેથી સર્વ સાવદ્ય વ્યાપાર છોડી દેવા.

પરમાત્મા એ તત્ત્વ છે અને
અરિહંતમાં પરિપૂર્ણ સ્વરૂપે પ્રગટ થયેલ છે.
સિદ્ધપદ સ્વભાવમાં રમમાણ છે,
આચાર્ય, ઉપાધ્યાય, સાધુમાં તેની તરતમતા રહેલી છે.
આપણે શૂન્ય બનીએ, એ જ આપણો મોક્ષ છે.
આ તત્ત્વ હંમેશાં આપણું યોગક્ષેમ કરી જ રહ્યું છે.
આપણે આ જ તત્ત્વના અંશ છીએ.
સિદ્ધશિલા એ બ્રહ્મરંધ્ર છે, અરિહંત એ આજ્ઞાચક્ર છે.
શૂન્ય અને પૂર્ણ બંને અબાધિત-અખંડિત એક જ તત્ત્વ છે.

યથાપ્રવૃત્તિકરણથી જીવ જ્યારે આગળ વધી અપૂર્વકરણ, અંતરકરણ, અનિવૃત્તિકરણની અવસ્થામાં હોય છે, ત્યારે તેના કેવા અધ્યવસાય હોય, તેમજ પછી ગુણસ્થાનકમાં આગળ વધે છે, ત્યારે કેવા અધ્યવસાય હોય છે? કરણોમાંથી પસાર થતી વખતે સમાપત્તિ તો હોય છે જ અને દેહરૂપ હોવાનો એક પણ અધ્યવસાય હોતો નથી. પોતે આત્મસ્વરૂપ હોવાના અધ્યવસાયોની વિશિષ્ટ ચઢતી ચઢતી આત્મપરિણતિ, સાક્ષીત્વ, દ્રષ્ટત્વ, સ્વરૂપરમણતા હોય છે, ઉપયોગ આત્મસ્વરૂપ તરફ જ આગળ વધતો હોય છે. અશુભમાંથી શુભ અને શુદ્ધ વધે છે.

શ્રી

પુણ્યોદય અને પાપોદય ૐ તા. ૨૭-૩-૯૨

(૧) ધન મેળવવાની ઇચ્છા પાપોદયથી થાય છે.

(૨) ધન મેળવવા અનુકૂળ સંયોગ મળે, તેને 'પુણ્યોદય' કહેવાય છે.

(૩) અનુકૂળ સંયોગ મળતાં ધન મેળવવા માટે જે કાંઈ પ્રવૃત્તિ થાય, તેને 'પાપોદય' કહે છે.

(૪) પ્રવૃત્તિ કરતાં ધન મળે, તે પુણ્યોદય છે.

(૫) ધન મળે તેનો સ્વીકાર કરવાની ઇચ્છા કે પ્રવૃત્તિ, તે પાપોદય છે.

(૬) ધન મળ્યા પછી રાખવાનું મન થાય, તે પાપોદય છે.

(૭) ધન મળ્યે ભોગવવાનું મન થાય, તે પાપોદય છે.

(૮) ધન ભોગવવાની અનુકૂળતા મળે, તે પુણ્યોદય છે.

(૯) તે અનુકૂળતાઓને ભોગવે, તેને 'પાપોદય' કહે છે.

(૧૦) ભોગને છોડવાની ઇચ્છા કે પ્રવૃત્તિ, તે પુણ્યોદય છે.

(૧૧) ધર્મનું લક્ષણ પરિણામની વિશુદ્ધિ છે.

(૧૨) ઘણી ધર્મક્રિયા કરવા છતાં પરિણામની વિશુદ્ધિ જો ન હોય, તો દુર્ગતિના પણ અધિકારી બનાય છે.

(૧૩) ઓછી ધર્મક્રિયાવાળા પણ પરિણામની વિશુદ્ધિથી મોક્ષમાર્ગમાં આગળ વધી શકે છે.

(૯૪) પ્રત્યેક ક્રિયા પ્રભુઆજ્ઞાનું પાલન કરવા માટે જો કરવામાં આવે, તો તેને પરિણામવિશુદ્ધિ ટકે છે. આજ્ઞાપાલનનો પરિણામ એ જ પરિણામવિશુદ્ધિ છે.

(૯૫) ધન મેળવવા માટે ધર્મ કરે તેને ધન મળે, પરંતુ મળે, ત્યારે ધન પાછળ પાગલ બની દુર્ગતિમાં જાય.

(૯૬) મોક્ષ માટે ધર્મ કરે, તેને મોક્ષ મળે છે અને જ્યાં સુધી તે ન મળે, ત્યાં સુધી જગતના ઉત્તમ પદાર્થો પણ તેને મળે, એવી બાંહેધરી તેને આપે છે. મોક્ષની ઇચ્છાવાળાને જગતના પદાર્થો આનુષંગિકપણે મળે છે, તેથી આસક્તિ વિના ભોગવાય છે અને ક્ષણભરમાં જ તે પદાર્થોને છોડી પણ શકાય છે.

'જ્ઞાન-ક્રિયાભ્યાં મોક્ષઃ ।' એટલે...

મુક્તિ કેવળ કર્મથી નહિ પણ જ્ઞાનથી છે.

કર્મ ચિત્તશુદ્ધિનું કારણ છે. નિષ્કામ કર્મ વડે ચિત્ત શુદ્ધિ થાય છે, યોગ વડે ચિત્તસ્થૈર્ય થાય છે અને આખરે જ્ઞાન વડે મોક્ષનો લાભ થાય છે.

પ્રથમ કર્મયોગ, પછી રાજયોગ અને છેલ્લે જ્ઞાનયોગ.

કર્મોમાં મોહનીયકર્મ, ઇંદ્રિયોમાં રસનેન્દ્રિય, વ્રતોમાં બ્રહ્મચર્ય વ્રત અને ગુપ્તિઓમાં મનોગુપ્તિ બળવાન છે.

## નવકારથી કઈ રીતે સધાય મનોગુપ્તિ ?

નવકારથી મિથ્યાત્વમોહનીય નાશ પામે છે,

જ્ઞાનો સદુપયોગ થાય છે,

વિશુદ્ધ આત્મરૂપને ઓળખાણ કરનારું ધ્યાન થાય છે

અને મનનું સંકલ્પ-વિકલ્પોથી રહિત થવું છે,

તેથી મનોગુપ્તિ સધાય છે.

## પ્રણિધાનાદિ આશયપૂર્વક થતી સાધનામાં પાંચે પરમેષ્ઠિઓની આરાધના થાય છે.

પ્રણિધાન - સાધુપદ. પ્રણિધાનનો હેતુ મંગળ છે.

પ્રવૃત્તિ - ઉપાધ્યાયપદ. પ્રવૃત્તિનો હેતુ અભિધેય છે.

વિઘ્નજય - આચાર્યપદ. વિઘ્નજયનો હેતુ સંબંધ છે.

સિદ્ધિ - સિદ્ધપદ. સિદ્ધિનો હેતુ પ્રયોજન છે.

વિનિયોગ - અરિહંતપદ. વિનિયોગનો હેતુ અધિકારી છે.

## પંચ પરમેષ્ઠિ આપણા માટે શું કરે છે?

(1) અરિહંતો અર્થને કહે છે. ગણધરો સૂત્રને રચે છે.

(2) આચાર્યો અર્થને કહે છે.

(3) ઉપાધ્યાયો સૂત્રને ભણાવે છે.

(4) સિદ્ધ ભગવંતો સ્વયં અર્થરૂપ છે.

(5) સાધુ ભગવંતો સૂત્રાર્થ વડે અર્થને સાધે છે.

'નમો આયરિયાણં' આચાર્ય ભગવંતના ગુણો

(1) પંચાચારના પાલન કરવા દ્વારા અને કરાવવા દ્વારા
સ્વપર ભવી અને શિષ્યસમૂહનું હિત આચરનારા છે.
(2) ત્રસોનો પણ પૃથ્વીકાયાદિનો ત્રિકરણ યોગે વધ
ન આચરનારા, છ જીવનિકાયનો સ્વયં વધ ન કરવા,
ન કરાવવા, ન અનુમોદવા દ્વારા જીવરક્ષણ કરનારા.
(3) અપરાધી ઉપર પણ કદિ કોપને નહિ કરનારા.
(4) મોક્ષાર્થી ભવી જીવોના વિનયપૂર્વક તથા
મર્યાદાપૂર્વક સેવા કરીને પોતાનું કલ્યાણ સાધે,
તે પંચાચારના પાળનારા તથા પળાવનારા આચાર્ય છે.
આ = મર્યાદાએ, ચર્ = સેવાએ.

'નમો ઉવજ્ઝાયાણં' ઉપાધ્યાય સૂત્રને ભણાવે.

(1) સ્વર - વ્યંજન, માત્રા - બિંદુ, પદ - અક્ષર આદિથી
વિશુદ્ધ એવું દ્વાદશાંગ સૂત્ર ભણે-ભણાવે અને તે દ્વારા
સ્વપરના મોક્ષના ઉપાયોનું ધ્યાન કરનારા તે ઉપાધ્યાય.
(2) ઉપયોગપૂર્વક પાપવર્જન કરી
ધ્યાનારૂઢ થઈ કર્મોનો નાશ કરનારા તે ઉપાધ્યાય.
(3) જેઓના પાસે જઈને સૂત્રનું અધ્યયન,
વાચન અને સ્મરણ અધિકપણે થાય, તે ઉપાધ્યાય.

(4) જેમની પાસે રહેવાથી શ્રુતજ્ઞાનનો આય અધિક લાભ અધિક થાય, તે ઉપાધ્યાય.

(5) જેમના સાંનિધ્યથી ઉપાધિ - સુંદર વિશેષણો - પદવી - પદવીઓનો લાભ થાય, તે ઉપાધ્યાય.

(6) આધિ = માનસિક પીડા, આધી = કુબુદ્ધિ - એ બંનેને જેમણે ઉપહત કર્યાં છે, તે ઉપાધ્યાય.

(7) સુસંપ્રદાયથી પ્રાપ્ત જિનવચનનું અધ્યાપન કરાવવા દ્વારા શિષ્યોને સુવિનીત બનાવનારા છે, તે ઉપાધ્યાય.

(8) આચાર્યપદને યોગ્ય, તે ઉપાધ્યાય.

## પંચસૂત્રના મર્મની ત્રિવેણી

o नमो अरिहंताणं । = દુષ્કૃતગર્હા.
नमो अरहंताणं । = સુકૃતાનુમોદના.
नमो अरुहंताणं । = શરણાગમન.

o साधुसेवा सदा भक्त्या । = દુષ્કૃતગર્હા.
मैत्री सत्त्वेषु भावतः । = સુકૃતાનુમોદના.
आत्मीय ग्रहमोक्षश्च । = શરણાગમન.

o मा कार्षीत् कोऽपि पापानि । = દુષ્કૃતગર્હા.
मा च भूत्कोऽपि दुःखितः । = સુકૃતાનુમોદના.
मुच्यतां जगदप्येषा मतिः । = શરણાગમન.

'નમો લોએ સવ્વસાહૂણં' સર્વને સાધે તે સાધુ.

(1) સર્વક્ષેત્ર, સર્વ કાળ અને સર્વ કર્મ-અવસ્થાઓમાં
રહેલા રત્નત્રયને ધરનારા સર્વ સાધુઓને નમસ્કાર.
સર્વ અવસ્થાઓમાં સર્વ ક્ષેત્ર તથા કાળમાં રહેલા.

(2) સાર્વસાધવ: = સર્વેભ્યો હિતા: - સર્વ જીવોને હિતકારી.
સર્વને સહાયકારી - હિતકારી તે સાર્વ સાધુ.

(3) સાર્વસાધવ: = સર્વજ્ઞ ભગવંતોના સાધુઓ ઉપરાંત
સુસિદ્ધાંતનું સ્થાપન કરનારા અને સાધનારા.
સર્વજ્ઞ ભગવંતોની આજ્ઞાને આરાધનારા અને
સ્થાપનારા તથા દુર્નયને દૂર કરી સુનયને સ્થાપનારા.

(4) સર્વ પ્રકારની મોક્ષસાધક શક્તિઓને સાધનારા.

(5) સર્વ અનુકૂળ-પ્રતિકૂળ ઉપસર્ગ-પરિષહો સહનારા.
સર્વ અનુકૂળ - પ્રતિકૂળ બનાવો પ્રત્યે સમપરિણામી.

(6) સર્વ જીવો પ્રત્યે આત્મસમભાવને ધારણ કરનારા.
સર્વ પ્રાણીઓ પ્રત્યે આત્મતુલ્ય પરિણામવાળા.

(7) સર્વ મોક્ષોપયોગી શુભ યોગોને સાધવામાં નિપુણ.
સર્વ શુભ વ્યાપારો આચરવામાં નિપુણ. 'સવ્યા: |'

(8) સર્વ મોક્ષોપયોગી વાક્યોને સાંભળવામાં પણ નિપુણ.
સર્વ શુભ વચનો સાંભળવામાં નિપુણ. 'શ્રવ્યા: |'

'વ્યવહાર ભાષ્ય'માં એમ કહેલું છે કે:
દરેક તીર્થંકરોમાં પંચ પરમેષ્ઠિ રહેલાં છે.
અરિહંતપણાની ઋદ્ધિ ભોગવવાથી અરિહંત,
જ્ઞાનાદિ ગુણોની સિદ્ધિ કરવાથી સિદ્ધ,
દરેક તીર્થંકરો ઉપદેશ દેનાર હોવાથી આચાર્ય,
વિનયાદિ કરાવનાર - શીખવાડનાર માટે ઉપાધ્યાય અને
વ્યવહારચારિત્ર પાળવાથી સાધુ પણ છે.
આ રીતે અરિહંતમાં પાંચે ય પરમેષ્ઠિઓ રહેલાં છે.

'નમો' પદમાં શું શું સમાવિષ્ટ છે?

(૧) વિનય - વિવેક - વૈરાગ્ય.
(૨) શમ - દમ - ઉપરતિ (૩) તિતિક્ષા - શ્રદ્ધા - સમાધાન.
(૪) મુમુક્ષુ વૃત્તિ (૫) શ્રવણ - મનન - નિદિધ્યાસન.
(૬) સ્વનો સાક્ષાત્કાર.
(૭) આત્મરૂપી સૂર્યમાં મનરૂપી ચંદ્રનું મિલન છે.
(૮) દોષોની શાંતિ, ગુણોની પુષ્ટિ, સ્વપરને તુષ્ટિ.
(૯) જ્ઞાનાદિ ગુણોની ઋદ્ધિ, ક્ષમાદિ ગુણોની વૃદ્ધિ.
(૧૦) કીર્તિ - કાંતિ (ઐહલૌકિક).
(૧૧) સુખ - સૌભાગ્ય (પારલૌકિક).
(૧૨) મહોદય - મોક્ષ - આત્યંતિક સદ્ગુણોની વૃદ્ધિ.

I make obeisance - humble bow to Arhats, the perfect Souls embodied possessed of infinite cognition, knowledge, happiness and power.

o

I bow to Siddhas, the perfect Souls in nirvan, formless and bodiless, free from all karmic attachments.

o

To Acharyas, the masters of depths in spirituality.

o

Upadhyayas, the adepts guiding the scholar ascetics.

o

All Sadhus, the ascetics devoted to the contemplation of the self.

- As received from Madras on Dt. 15/10/73.

## ઉત્પત્તિ દ્વાર તથા પ્રરૂપણા દ્વાર

નમસ્કારનો લાભ ઉત્પન્ન થવો, તે ઉત્પત્તિ દ્વાર છે,
નમસ્કારાવરણીય કર્મના ક્ષયોપશમથી તે થાય છે.
વાચ્ય - વાચક, પ્રતિપાદ્ય - પ્રતિપાદક અને
વિષય - વિષયભાવની દૃષ્ટિએ વ્યાખ્યાન કરવું,
તે પ્રરૂપણા દ્વાર છે.
જેમાં ગુણો રહે, તે 'વસ્તુ' છે અને
તે અર્હદાદિ પાંચ છે, તેમાં ગુણો રહે છે.
ગુણ - ગુણીને કથંચિત્ અભેદ છે.

## નમસ્કારનું મુખ્ય પ્રયોજન મોક્ષ

ગૌણ પ્રયોજન ઉપયાવનો હ્રાસ - લબ્ધિશ્રયની વૃદ્ધિ,
અનંતર પ્રયોજન તે પાપનાશ - મંગલાગમન અને
મોક્ષ એ પરંપર પ્રયોજન છે.
ક્રિયા કર્યા પછી મળે, તે ફળ છે.
નમસ્કારનું પ્રયોજન મોક્ષ છે, ફળ સ્વર્ગાદિ છે.
પાપનાશ અને મંગલ નમસ્કારાનંતર થાય છે,
માટે પ્રયોજન છે. આ લોકમાં અર્થ - કામાદિ અને
પરલોકમાં સિદ્ધિ - સ્વર્ગાદિ પરંપર ફળ છે.
અભિરતિ એટલે અનુકૂળતા વડે આનંદનો અનુભવ.

સ્વર્ગાપવર્ગાદિ ભોગાભાદિ જેવી નદીઓમાં
સમુત્થાન, વાસના, લબ્ધિ - જેવી કલહની ઉત્પત્તિ છે.
ઉપરના નદીઓમાં માત્ર જે લબ્ધિ છે,
તે શ્રુતાવરણ કર્મનો ક્ષયોપશમ છે.
અનાહત નાદ આત્માના વિશુદ્ધ સ્વરૂપનો ધ્વનિ છે.
એ જાગ્રત થાય એટલે બસ!
અનાહત નાદ જાગૃત થવાથી
આત્મા દિવ્ય બની જાય છે, માટે જ
અનાહતને દિવ્ય સ્વરૂપે ઓળખવામાં આવે છે.
લબ્ધિ પછીમાં મૂકેલ આઠ અનાહતની પણ
એમ સૂચવે છે કે: લબ્ધિઓની પ્રાપ્તિ થયા છતાં
જાગૃત થયેલો અનાહત નાદ કાયમ રહે છે.

°

May God bless all.

ઉપરના આશીર્વાદ વાક્યમાં Godનો અર્થ છે:
G = gracious - કૃપાવંત.
O = omniscient એટલે સર્વજ્ઞ,
omnipresent એટલે સર્વવ્યાપી તથા
omnipotent એટલે સર્વશક્તિમાન and
D = Dearest - સર્વપ્રિય, પરમપ્રિયતમ.

## સહસ્ત્રકૂટમાં ૧૦૨૪ જિનબિંબ કઈ રીતે?

<u>૭૨૦ જિનબિંબ</u> = પાંચ ભરત તથા પાંચ ઐરવત એ દસ ક્ષેત્રની અતીત - અનાગત - વર્તમાન ચોવીસીના જિન.

<u>૧૬૦ જિનબિંબ</u> = ઉત્કૃષ્ટ કાળે અવસર્પિણીના ચોથા આરાના મધ્યમાં અને ઉત્સર્પિણીના આરાના મધ્યમાં શ્રી અજિતનાથ ભગવાનના વારામાં.

<u>૨૦ જિનબિંબ</u> = પાંચ મહાવિદેહમાં વર્તમાનકાળે વિચરે છે.

<u>૧૨૦ જિનબિંબ</u> = ભરતક્ષેત્રની વર્તમાન ચોવીસીના (૨૪) તીર્થંકરોના પાંચ પાંચ કલ્યાણકોની (૧૨૦) મૂર્તિઓ. (૭૨૦)માં આ (૨૪) નામની મૂર્તિઓ આવી જાય છે, તે સિદ્ધાવસ્થાની ગણીને આ (૧૨૦) કલ્યાણકોની ગણી છે.

આ સર્વ મૂર્તિઓ સંભવશલાકાની જેમ
જુદા જુદા આકારની હોવા છતાં બહુ
અહીં એકસરખા આકારની કરી છે.

<u>૪ જિનબિંબ</u> = શાશ્વતા જિનની પ્રતિમાઓ.
તેનાં નામ = ઋષભાનન, ચંદ્રાનન, વારિષેણ, વર્ધમાન.
આ નામો ૧૦ ક્ષેત્રની ૧૦ ચોવીસીઓમાં અને
વિહરમાન જિનમાં અવશ્ય ભજના હોય છે.

એ રીતે ૭૨૦ + ૧૬૦ + ૨૦ + ૧૨૦ + ૪ = ૧૦૨૪.

## ૯૧૪ પ્રભુનું આરાધન

૧૦ ચોવીસીના ત્રણ કાળના ૭૨૦ પ્રભુ,
ઉત્કૃષ્ટકાળના ૧૭૦, વિહરમાન જિન ૨૦, શાશ્વતા જિન ૪,
કુલ ૯૧૪ પ્રભુનું આરાધન છૂટક ઉપવાસથી થાય છે.
દરેક પ્રભુના નામ સાથે 'સર્વજ્ઞાય નમઃ |' જોડીને (૨૦)
નવકારવાળી અને ૧૨ લોગસ્સનો કાયોત્સર્ગ કરવો.

## ૧૭૦ જિનનું આરાધન

સતત ૧૭૦ એકાસણાથી અથવા એક સાથે
૩૨ - ૩૨ અથવા ૨૦ - ૨૦ એકાસણા કરીને
અથવા એકાંતર ઉપવાસ કરીને થાય છે.
આ દરેક જિનની આરાધનામાં ઉપર કહેલા વિધિ
ઉપરાંત જિનપૂજા, ૧૨ સ્વસ્તિક, ફળ, નૈવેદ્ય અને
૧૨ ખમાસમણ તથા યથાશક્તિ સંઘપૂજા,
સાધર્મિક વાત્સલ્ય કરવાનું હોય છે.

## દેવ અને ગુરુના ચારે નિક્ષેપ પવિત્ર

સમસ્ત વિશ્વ ઉપર દેવગુરુની પ્રચંડ શક્તિ કામ કરે છે,
એમનું નામ, આકૃતિ, દ્રવ્ય, ભાવ - સર્વ સ્થિતિઓમાં
અને કાળમાં કામ કરે છે. એ તીર્થંકર - ગણધર
ભગવંતોની સાથે સર્વ ઉપાસના કરીએ છીએ.

શ્રી

## સાધુઓના 'વર્તમાન જોગ' વ્યવહાર માટે
## શ્રી મહાનિશીથ સૂત્રમાં કહ્યું છે કે:

आउस्सस्स न वीसासो, कज्जाणि बहूणि अंतरायाणि ।
तम्हा हवइ साहूणं, वट्टमाणजोगेण ववहारो ॥१॥

અર્થ: આયુષ્યનો વિશ્વાસ નથી, કરવા યોગ્ય કાર્યોમાં ઘણાં વિઘ્નો અને અંતરાયો રહેલાં છે, માટે સાધુઓનો વ્યવહાર 'વર્તમાન જોગ' પૂર્વકનો હોય છે.

'अव्यापारेषु व्यापार: ।'

વર્તમાનકાળે જે કરવા યોગ્ય નથી, તે કરવાના દોષથી મુક્ત થવા વર્તમાન જોગનો વ્યવહાર પરમાવશ્યક છે.

## 'ધર્મલાભ' એટલે શું?

'ધર્મલાભ' એટલે ધર્મનો લાભ.

ધર્મમાં સમર્પણ હોય, આત્મભોગ હોય, શરણાગતિ હોય. ધર્મમાં સમભાવ છે, શાંતિ છે, આનંદ છે, તટસ્થતા છે. હૃદયની શાંતિ, મનનું બળ અને આત્માની ઉન્નતિ જેનાથી થાય, તે 'ધર્મ' છે અને એવા ધર્મનો તમને લાભ થાઓ, એ જ સાચા ધર્મલાભના આશીર્વાદ છે.

અંતરમાં શાંતિ એટલે બહાર સ્વસ્થતા હોય જ, અંતરમાં આનંદ એટલે બહાર પ્રસન્નતા હોય જ.

અંતરની જે સ્વસ્થતા અને પ્રસન્નતા તો આંતરિક લાભના બાહ્ય અંગો માત્ર છે. ખરી ધર્મ મનની સ્થિરતા, દિલનો સંતોષ કે દેહનો સંયમ છે. એથી શરીરના આરોગ્યાદિ બાહ્યલાભો મળે, તે ગૌણ છે, મુખ્ય લાભ તો સંસારના ખેદનો ત્યાગ અને મોક્ષસુખ - આત્મસુખ પ્રત્યે આકર્ષણ છે, તેથી કર્મની નિર્જરા અને ખેદનો છેદ છે.

વૈરાગ્યાદિવિભાવો યમાદ્યનુભાવો ધૃત્યાદિ વ્યભિચારી શમઃ શાન્તઃ। - <u>શ્રી કાવ્યાનુશાસન</u>

<u>સમજૂતિ</u>: શાંતરસના આલંબન વિભાવ તરીકે વૈરાગ્યાદિ અને ઉદ્દીપન વિભાવ તરીકે સત્સંગાદિ છે. વૈરાગ્યાદિમાં 'આદિ' શબ્દથી વૈરાગ્ય ઉપરાંત સંસાર-ભીરૂતા, સંસાર તથા મોક્ષસ્વરૂપને સમજાવનારૂં તત્ત્વજ્ઞાન, સંસારના પારને પામેલા વીતરાગ પુરુષોનું પરિશીલન (તેથી થતો સદ્ગુણાભ્યાસ તથા સદાચારનો લાભાદિ અનુગ્રહ) સમજવાનાં છે. 'સત્સંગાદિ'થી સત્શાસ્ત્રોનું શ્રવણ, મનન, પરિશીલન તથા તીર્થભૂમિઓ, દેવસ્થાનો, પુણ્યાશ્રમો, નિર્જન અરણ્ય, ગિરિગુફાદિનું સેવન, તે વડે થતો સદાચારલાભ અને સદ્ગુણવિકાસાદિ સમજવા.

અનુભાવો તથા વ્યભિચારી ભાવોમાં શું ફેર?

યમ - નિયમાદિનું પાલન,

મૂલગુણ - ઉત્તરગુણોનું ગ્રહણ,

સમિતિ-ગુપ્તિનું સેવન વગેરે અનુભાવોના સ્થાને છે.

એથી મન - વચન - કાયાના વ્યાપારો વિશુદ્ધ બને છે.

ધૃતિ, મતિ, સ્મૃતિ, નિર્વેદાદિ વ્યભિચારી ભાવો છે,

તેથી તૃષ્ણાક્ષય રૂપી શમરસની ચર્વણા થાય છે.

વારંવારની તે ચર્વણાને પ્રાપ્ત થયેલો શમરસરૂપી સ્થાયી

ભાવ શાંતરસ રૂપી રસાધિરાજપણે પરિણામ પામે છે,

વૈરાગ્યાદિ હૃદયશુદ્ધિને કરે છે,

યમાદિ કાયશુદ્ધિ અને વ્યવહારશુદ્ધિને કરે છે

તથા ધૃતિ, મતિ, સ્મૃતિ, નિર્વેદાદિ મનઃશુદ્ધિકારક છે.

o

નમસ્કાર એ ન્યાયબુદ્ધિ છે, ગુણપક્ષપાત છે.

નમસ્કાર એ અંતરાત્મભાવ છે, બહિરાત્મભાવથી છૂટી

પરમાત્મભાવમાં જવા માટેનો સેતુ યાને bridge છે.

Righteousness, Holiness, wholeness.

o

'रोको, मत, जाने दो।' 'No where'

has same alphabets as 'now here'.

માનવહૃદયને પ્રભુની શ્રદ્ધા સૌથી વધારે બળ અને
પ્રભુને કરેલી પ્રાર્થના સૌથી વધારે શાંતિ આપે છે.
પ્રભુનું દર્શન થઈ જાય, દર્શન જ નહિ પણ મિલન થઈ
જાય, ત્યારે થતાં સુખનું વર્ણન શબ્દોથી થઈ શકે નહિ.

મન એનામાં જ - પ્રભુમાં જ લીન થતું રહે,
તો બીજા વિચારો વિરમી જાય.

જેને પ્રભુ મળે, તેને જ એ સુખની ખબર પડે,
બીજા તો વા ખાય, વાદવિવાદના ખાલી ફડફડ પીટ્યા કરે.

સરળ ભાવે ભજવાથી પ્રભુ મળે છે.

પ્રભુ મળ્યાં પછી બીજા કોઈની ઇચ્છા રહેતી નથી.
પ્રભુનું હેત જેણે જાણ્યું - માણ્યું લીધું, એ ભાગ્યશાળીનો
તો જન્મ ધન્ય - ધન્ય છે. આત્માની સાધનાનો માર્ગ
દેખાડવામાં આપણાં શાસ્ત્રો દીપકની ગરજ સારે છે.
(૧) તિથિચર્યા (૨) આગમમંદિર (૩) આચાર્યપદ (૪) દષ્ટિરાગ
(૫) રાગદ્વેષની પરિણતિ (૬) સંગ્રહપરાયણતા (૭) સ્વેચ્છાચાર
(૮) શિથિલાચાર ઇત્યાદિ કરવામાંથી આતમને બચાવવા.
સદાચારનું ફળ ચિત્તપ્રસન્નતા અને મનની શાંતિ છે,

જ્યારે દુરાચારનું ફળ અશાંત ચિત્ત અને
ભયભીત તથા સદા સાશંક મન છે.

આ ફળ પ્રત્યક્ષ જીવનમાં આ ભવે જ અનુભવાય છે,
પરભવ માટે તેને રાહ જોવી પડતી નથી.

સદાચારનું ધ્યેય આધ્યાત્મિક વિકાસનું છે અર્થાત
કષાયો ઓછા કરવા, અંતે નિર્મૂળ કરવા અને
ચિત્તને નિર્મળ કરી, આત્મદર્શન કરવું.

આ દીર્ઘ સાધના છે, જન્મ-જન્માંતરની સાધના છે. ચિત્તપ્રસન્નતા અને મનની શાશ્વત શાંતિ અંતે આવે છે. સાધનાકાળ દરમ્યાન સદાચારી થવાનો સતત પ્રયત્ન ચાલુ હોય, ત્યાં પણ મનોવ્યથા અને અશાંતિ ક્યારેક તો ખૂબ વધી પડે છે. ચિત્તની શાંતિ કે પ્રસન્નતા અથવા તેથી વિપરીત સ્થિતિ એ સદાચાર - દુરાચારનો આધાર કે પાયો નથી પણ પરિણામ અથવા ફળ છે. તેનો પાયો તો આત્મવિકાસ, કષાયની મંદતા, ચિત્તની નિર્મળતા છે. માત્ર Subjective feeling નહિ પણ objective reality છે. સાધનાકાળ દરમ્યાન અનેક કષ્ટો અને મનોવ્યથા ભોગવવાં પડે છે. ચિત્તની પ્રસન્નતા કે શાંતિ દૂર પણ રહે છે તો ય જો સદાચારના પંથે રહીએ તો અંતે આ ભવે નહિ તો જન્મ-જન્માંતરમાં શાશ્વત - સુખનો લાભ મળશે એમ છે.

## આધ્યાત્મિક - ચૈતન્ય - જ્ઞાનશક્તિ

સાધનાનું લક્ષ્ય કેવળ Release of suffering
અને peace of mind જ નહિ, પરન્તુ
આધ્યાત્મિક વિકાસ છે, જેનું શાંતિ લક્ષ્ય મોટું છે.
મનુષ્ય પોતાને માને છે, તેટલો તે પામર, નિરૂપાય કે
અસહાય નથી. તેનામાં એક શક્તિ રહેલી છે કે જે
તેને વામનમાંથી વિરાટ બનાવે છે.
તે શક્તિને ચૈતન્ય શક્તિ કહીએ,
આધ્યાત્મિક શક્તિ કહીએ કે જ્ઞાનની શક્તિ કહીએ.
આ શક્તિનો વિકાસ અનંત છે.
તે વિરાટનો જ અંશ છે, નરને નારાયણ બનાવે છે.
આ શક્તિથી માનવ સમગ્ર બ્રહ્માંડનું જ્ઞાન પ્રાપ્ત કરે છે,
કુદરતનાં બળો ઉપર વિજય મેળવે છે અને
દુર્બળ દેહે પણ ભૌતિક પ્રચંડ શક્તિ દ્વારા
અનિષ્ટનો સામનો કરી શકે છે, વિશ્વૈક્ય અનુભવે છે,
સર્વ જીવ સાથે એકાત્મભાવ કેળવી શકે છે,
તેનાં સુખ - દુઃખનો સાથી બની શકે છે,
પોતાના સ્વાર્થથી પર થઈને
સકળ વિશ્વ સાથે અભેદ સંબંધ સાધી શકે છે.

ચૈતન્યની આ જ્ઞાનશક્તિ નિષ્ક્રિય રહી શકતી નથી.
વિશ્વનું કામ પ્રકૃતિ લોકકલ્યાણનું કામ
કોઈ કિરતાર પોતે આવીને કરતો નથી પણ
માનવી જ તેનું હથિયાર છે,
સાધન છે, નિમિત્ત છે, *instrument* છે.
માનવ માટે કિરતારને પામવાનો આ એક રાજમાર્ગ છે.
૦ દેવસ્ય પશ્ય કાવ્યમ્, ન મમાર ન જીર્યતિ ।
અથર્વવેદ ૧૦-૮-૩૨

પ્રકૃતિ: પરમાત્માનું આ કાવ્ય નીરખ,
જે કદી મરતું નથી, કદી જીર્ણ થતું નથી.
પરમાત્માનું કાવ્ય એટલે...
આ સકલ સંસારની લીલાનું કાવ્ય.
તે ન કદી મરે છે, ન કદી જીર્ણ થાય છે.
વિસ્તરતું આકાશ એનો લય છે,
વહેતો પવન એનો છંદ છે.
ઊગતાં વૃક્ષો અને તરણાંઓ તેના લગાલગાઓ છે.
જીવ-અજીવનો આ પરિવાર એના શબ્દો છે,
જેને કંઈક એવા અજબ કારસામાં ગોઠવવામાં આવ્યા છે
કે એમાંથી કોઈક અર્થ ઉપજે છે.

કાકા કાલેલકર કહે છે કે:

જીવનમાં ઉત્તમોત્તમ આનંદ તો બધા સાથે
ઐક્ય અનુભવવાનો છે. જીવનનું રહસ્ય એટલું જ છે કે
વેદાંત દ્વારા વિશ્વાત્મ ઐક્યનો અનુભવ મેળવવો.

Henry Van Dyke કહે છે કે:

સ્વર્ગ સાવ નજીક લાગે છે, કમનસીબે એ ઘણું દૂર છે
પ્રભુ જે માર્ગદર્શકે ત્યાં જવાનો રસ્તો બતાવ્યો છે,
એ આપણી સાથે જ છે, હવે ડરવાની શાની જરૂર છે?

નીચેનામાંથી કોરોનની કઈ વસ્તુ તમને ગમે?

શિસ્ત, વિવેક, વ્યવસ્થા, ઝડપીપણું,
જનરલ રાજ અને જવાબદારીનું ભાન.

સિન્દુર પ્રકરણ, શ્લોક ૯૨માં કહ્યું છે કે:

जिनेन्द्रपूजा गुरुपर्युपास्तिः
सत्त्वानुकम्पा शुभपात्रदानम् ।
गुणानुरागः श्रुतिरागमस्य
नृजन्मवृक्षस्य फलान्यमूनि ॥ અર્થાત:

પરમાત્માની પૂજા,[૧] ગુરુભગવંતની સેવા,[૨] જીવોની દયા,[3]
સારા પાત્રમાં દાન,[૪] ગુણાનુરાગ[૫] અને આગમશ્રવણ[૬] -
આ છ મનુષ્યજન્મ રૂપી વૃક્ષના ફળો છે.

श्री

'મુંડકોપનિષત્'માં કહ્યું છે કે:

यथा नद्यः स्यन्दमानाः समुद्रे
अस्तं गच्छन्ति नामरूपे विहाय |
तथा विद्वान् नामरूपाद् विमुक्तः
परात्परं पुरुषमुपैति दिव्यम् ||१||

સમજૂતિ: જેમ સાગરમાં લીન થવા જાય નદીઓનું અલગ નામ કે રૂપ રહેતું નથી, તેમ જ્ઞાની પુરુષ પોતાના નામ-રૂપનો ત્યાગ કરી પરમાત્માને પામે છે. જે પોતાની જાતને ભૂલે છે, તે જ મહાન પદને પામે છે.

જિજ્ઞાસા એ જ્ઞાનનો આરંભ છે.

સંપત્તિનો મોહ છોડ્યા વિના આત્મજ્ઞાનની પ્રાપ્તિ અસંભવિત જ છે. આત્મજ્ઞાન એ જ અમૃતત્વ છે. જે રીતે વેપારની સફળતા નફા ઉપર મપાય, તેમ ધર્મારાધનની સફળતા સદ્ગુણના વિકાસ ઉપર, ક્ષમા, નમ્રતા, સરળતા, નિર્લોભતા, મૃદુતા, સંયમ, તપ વગેરે ગુણો કેટલા વિકસ્યા? તથા વિષય-કષાય, રાગ-દ્વેષ કેટલા મંદ પડ્યા? તેના ઉપર મપાય છે.

'बहुजनहिताय, बहुजनसुखाय, लोकानुकंपाय |'

શ્રી

## બ્રહ્મની ખોજ માટે પ્રભુ મૈત્રીની આરાધના

'બ્રહ્મ સત્યં જગન્મિથ્યા, જીવો બ્રહ્મૈવ નાઽપરઃ ।' સૂક્તિઃ

બ્રહ્મ સત્ય છે, જગત મિથ્યા છે.

જીવ જ બ્રહ્મ છે, આપણે બ્રહ્મરૂપ છીએ, દેહરૂપ નહિ.

વિરક્તિ અને વિદ્વત્તાનો સુમેળ,

વિચાર સુંદર અને પવિત્ર, ભાવના ઉદાત્ત અને ગંભીર,

વાતાવરણ સ્વચ્છ અને આનંદસભર,

વર્તન શુદ્ધ અને અહિંસક, મૈત્રી અને માતૃભાવના,

'સર્વં ખલ્વિદં બ્રહ્મ ।' બ્રહ્મરૂપ - પરમેશ્વર સ્વરૂપ

વિજ્ઞાન દ્વારા બ્રહ્મની ખોજ.

પૃથ્વીને સ્વર્ગ બનાવવા હોય, તો મૈત્રીની આરાધના કરો.

મૈત્રી સપ્તપદી પ્રક્રિયા ।

કુટુંબ યંત્ર સ્નેહથી સહેલાઈથી ચાલે છે.

સર્વત્ર પોતાનું સ્વરૂપ જોવું એ એક મોટી શક્તિ છે.

પ્રેમ + સમાનતા આધાર પર જ સમાજરચના શક્ય છે.

સારી કૃતિના પરિણામે જે સદ્ભાવના ઉત્પન્ન થાય છે,

તેને 'કીર્તિ' કહે છે.

'સત્કૃતિ' ઉપરથી 'સંસ્કૃતિ' શબ્દ બન્યો છે.

સ્વાતંત્ર્ય = નિર્ભયતા, ભયમુક્તિનું નામ જ સ્વતંત્રતા છે.

બીજાને દુઃખ ન દેવું અને સ્વસુધારણાર્થે તત્પર રહેવું,
એ જ ઈન્સાનની ઈન્સાનીયત - મનુષ્યની માનવતા છે.

'સાહબ કો જુદા મત કરો, સાહબ જુદા નહીં,
લેકિન જુદા કે નૂર સે, સાહબ જુદા નહીં!' ...(૨)

આત્મા જુદો છે, પરન્તુ તે જ્યારે
પરમાત્મામાં લીન થાય છે, ત્યારે પરમાત્મા બની જાય છે.
સમુદ્રથી છૂટું પડેલું બિંદુ સમુદ્રથી જુદું છે પણ તે જ્યારે
સમુદ્રમાં મળી જાય છે, ત્યારે સમુદ્ર બની જાય છે.
પ્રેમમાં કોઈ પરાયું નથી. 'દ્વિતીયાદ્ વૈ ભયમ્ |'
પ્રીતિ-ભીતિને વિરોધ છે. જેનું ચિત્ત સામ્યમાં સ્થિર છે,
તેણે જીવનની સિદ્ધિ પ્રાપ્ત કરી લીધી છે.
'અહં બ્રહ્માસ્મિ |' 'સર્વં ખલ્વિદં બ્રહ્મ |' 'સ એવાઽહં |'
આ પ્રતીતિ જીવનની એકતામાં પરિણામ પામે છે.
એનું સાધન છે વિશ્વરૂપ દર્શન - સહસ્ત્ર નામ -
હજાર નહિ પણ અગણિત - અસંખ્ય - અનંત વિશ્વરૂપ.
'પોતાનું કોઈ નહિ' એ ભાવના આત્મનિષ્ઠાની દ્યોતક છે,
'બધા પોતાના છે' એ ભાવના બ્રહ્મનિષ્ઠાની દ્યોતક છે.
એક વ્યાવર્તક અને બીજી વ્યાપક. વ્યાપક ભાવનાના
સાક્ષાત્કાર માટે વ્યાવર્તક ભાવના અવશ્ય સહાયક છે.

'અનિકેત' શબ્દ પણ 'વિશ્વનિકેતન' અર્થમાં છે. ઉદાર
ચરિત - સ્થિરમતિ પુરુષો જ વિશ્વનિકેતન બની શકે.
એ કૃપણ ભાવના નહિ પણ વસ્તુનિષ્ઠ દર્શન છે.

ઉપાસના પરમાત્માની, સાધન વિશ્વરૂપનું.

'વારાણસી મેદિની' સારી ભૂમિ કાશી છે અથવા અનંત
સિદ્ધિનું ધામ છે. સમસ્ત સૃષ્ટિ પરમાત્માની વિભૂતિ છે,
તેથી ભોગનો વિષય નહિ પણ વિભૂતિયોગ છે.
જડચૈતન્યતાની દૃષ્ટિ પછી બીજી આત્મૌપમ્યદૃષ્ટિ છે.
બીજાના સુખ - દુઃખ પોતાના સુખ - દુઃખ છે.
ત્રીજી જીવનોપાસના છે - Reverence for life.
એની ફલશ્રુતિ નિરામિષાહાર અને પશુહત્યાનિષેધ છે.
સંત તે છે જે પોતાના માટે નહિ, બીજા માટે જીવે છે.

તે ગુણ પ્રત્યેક માતામાં દેખાય છે,
માટે માતા એ સંતનો અંશ - સંત છે.

મા પોતાના માટે નહિ પણ કુટુંબ માટે જીવે છે.
'રામ' શબ્દનો એક અન્ય અર્થ શાંતિ, દયા, પ્રેમ છે
તથા 'રાવણ'નો અન્ય અર્થ ક્રોધ, દ્વેષ, તિરસ્કાર છે.

સ્ત્રીની શક્તિ વિદ્વત્તા કે સંપત્તિમાં નહિ,
પરન્તુ તેના વાત્સલ્ય અને પ્રેમમાં છે.

નદી સૌને પાણી પાવા તૈયાર છે, પરન્તુ
લોટો લઈને તેમાંથી ભરે તો ને?
'આ પાણી તૃષા છીપાવનાર છે પણ વિષમિશ્રિત નથી'
એવા શ્રદ્ધા વિશ્વાસ કરે તો ને?
એ જ વાત ધર્મ માટે પણ છે.
ધર્મની નદી સતત વહી રહી છે,
તેમાંથી વિષયતૃષા છીપાવવાનું, કષાયદાહ શમાવવાનું,
કર્મમેલ ધોવાનું કાર્ય કોઈપણ કરી શકે છે,
જો તેનામાં શ્રદ્ધા અને વિશ્વાસ હોય તો. અસત તથા
અશ્રદ્ધાળુ માટે ધર્મ હોવા છતાં ન હોવા બરાબર છે.

## એક પ્રશ્નોત્તર

પ્રશ્ન: ઈશ્વર નિરાકાર છે અને દેખાતો નથી,
એટલે એના વિષે પ્રેમ કે ભક્તિ કેવી રીતે જાગે?
આનો ઉત્તર એક જ છે કે: સજ્જનની જેમ
ઈશ્વરના પ્રતિનિધિરૂપ સંતોની દોસ્તી કરો.
હરિ મળવા દુર્લભ છે પણ હરિજન દુર્લભ નથી.
જેમ સત્સંગ - સદ્વાંચન - સત્કર્મ - પરમાર્થનાં કાર્યો
વધતાં જશે, તેમ તેમ ઈશ્વર વિષે ભાવ જાગશે અને
તે પોતે કૃપા કરી આપણા મનમાં સ્થાન જમાવવા માંડશે.

## અકર્તાપણું એ જ આત્મભાવ

મનુષ્યપ્રયત્ન અને ઈશ્વરકૃપા - બંને સાથે ચાલે છે.
Human efforts and divine Grace
are complimentary to each other.
આવી પડેલાં કર્મો જ્ઞાની પુરૂષો કરે છે પણ
આત્મભાવથી અને સર્વાત્મભાવથી રહે છે.
મનમાં અભિનિવેશ ન હોવાથી કર્તા છતાં
તેઓ અકર્તા તરીકે વર્તે છે, જેમ દર્પણ પદાર્થનું
પ્રતિબિંબ ગ્રહણ કરે છે પણ પોતે નિર્લેપ રહે છે.
જેમ ચામડાના જોડા પહેરેલ માનવને
આખી પૃથ્વી ચામડાથી મઢાયેલી જણાય છે,
તેમ બ્રહ્માનંદનો આસ્વાદ જેણે લીધો છે,
તેને સમસ્ત વિશ્વ બ્રહ્માનંદથી ભરપૂર જણાય છે.
નિઃસ્પૃહવૃત્તિવાળાને ત્રૈલોક્ય પણ તણખલા જેવું લાગે છે.
પરિપૂર્ણ સ્વરૂપનો સતત વિચાર કરો.
તેમાં નિષ્ઠા રાખો, તો વાસનાઓ પલાયન કરી જશે.
તમારા અસલ સ્વરૂપને
જન્મ નથી, જરા નથી, મૃત્યુ પણ નથી.
તે નિરાકાર - નિર્વિકાર સચ્ચિદાનંદ સ્વરૂપ છે.

અમાપ વિસ્તારવાળો અને મોટા અવકાશવાળો એક
દેશ છે - જેનું નામ 'મોક્ષ' છે, તેમાં પરમાનંદ છે.
સુખ - દુઃખનાં દ્વન્દ્વોને તેમાં સ્થાન નથી.
તેનો રાજા અનુપમ ઐશ્વર્યવાળો આત્મા છે, મંત્રી મન છે.
સુવર્ણમાંથી જેમ અનેક અલંકારો અને
મૃત્તિકામાંથી જેમ અનેક વાસણો બને છે, તેમ
મનમાંથી જગત ઉત્પન્ન થાય છે અને પાછું
મનમાં લીન થાય છે. મનને જીતવાનો સરળ ઉપાય એક
જ છે કે આ નામ-રૂપાત્મક વિનાશી વસ્તુઓની સ્પૃહા
ન રાખવી. આત્મા સિવાય સર્વ વસ્તુઓ અનિત્ય છે.
તે શાશ્વત સુખ આપી શકે નહિ. સર્વ મનુષ્યોમાં
શાશ્વત સુખ-આનંદની પ્રાપ્તિની અભિલાષા સ્વાભાવિક
રીતે રહેલ છે, કારણ કે તે જ તેનો અસલ સ્વભાવ છે.
આ યુક્તિ દુર્લભ છે, તેમ સુલભ પણ છે. આમાં સ્થૂલ
ક્રિયાઓ જરૂરી નથી, સતત સ્વરૂપાનુસંધાન રાખવું.
જેમ જેમ આત્મનિરીક્ષણથી વિષયો પ્રત્યે અરુચિ વધતી
જાય છે, તેમ તેમ ચિત્તમાં શાંતિ, વિશાળતા, આનંદ,
અનાસક્તિ વગેરે ગુણો સ્થાન લેતાં જાય છે અને
આત્માનો પ્રકાશ વધુ પ્રમાણમાં બહાર આવતો જાય છે.

મન એ જ કર્તા છે અને સઘળું મનથી જ થાય છે,
માટે સંકલ્પબળની વૃદ્ધિ કરવામાં આવે,
તો ફળની પ્રાપ્તિ અવશ્ય થાય છે.

મોક્ષના બે જ માર્ગ છે...

વિષયોમાંથી વૈરાગ્ય અને આત્મા તરફનું અવલોકન.
આ બન્ને ક્રિયાઓ એકી સાથે થવા જોઈએ.
'ઇંદ્રિયોના વિષયો અને ચિત્તની વૃત્તિઓના
અધિષ્ઠાન તરીકે એક બ્રહ્મ જ છે'
એ વિચાર ઉપર મનને સ્થિર કરવું.
બ્રહ્મ જ વિશ્વનું નિમિત્ત અને ઉપાદાન કારણ છે.
સમગ્ર વિશ્વમાં વ્યાપી રહેલા એકતાનો
મનમાં સતત વિચાર કર્યા કરવો.
ચિત્તને તે પરમ સત્ય ઉપર એકાગ્ર કરવું.
આમ કરવાથી તૃષ્ણાના બંધનમાંથી મુક્તિ સરળ મળી શકે.
આત્માનું સ્વરૂપ મનમાં દૃઢ કર્યા વિના કદી પણ
શાંતિ મળી શકતી નથી. દાન, પૂજન, તપ અથવા
તીર્થોના સેવનથી ચિત્તશુદ્ધિ અવશ્ય થાય છે, પરન્તુ
પરમ પુરુષાર્થની સિદ્ધિ તો આત્મજ્ઞાનથી છે.
ભોગોમાં અનાસ્થા એ ચિત્તની પરિપક્વ અવસ્થાનું ચિહ્ન છે.

શ્રી

આત્મજ્ઞાનની પ્રાપ્તિ માટે તેવા વૈરાગ્યવાન, વિશાળ દૃષ્ટિવાળા મહાત્માઓનો સમાગમ સહાયક થઈ પડે છે. પ્રથમ દેશાચારને અનુસરીને ન્યાયસંપન્ન ધનનું સંપાદન, પછી તે ધનનો સદુપયોગ અને સત્પુરુષોની સેવા, તેમના સમાગમથી જ્ઞાન મેળવી જીવનને ઉર્ધ્વગામી બનાવવાનો પ્રયાસ કરવો જોઈએ. એ માટે આત્માનો વિચાર અને સ્વસ્વરૂપની પ્રાપ્તિ માટે ખંતપૂર્વક ઉદ્યમ કરવો જોઈએ. આ સંસારના પદાર્થોમાં અનુરાગ જ અશાંતિનું આદિ કારણ છે. અખંડ-નિરાકાર-નિર્વિકાર આત્મતત્ત્વ સાથે અનુસંધાન કર્યા વિના આ સંસારચક્રમાં પરમ શાંતિ પામવાનું કાર્ય અશક્ય છે. 'દૃશ્યો વિનાનું જે ચૈતન્ય છે, એ જ પૂર્ણ આત્મા છે. એ જ સઘળા જ્ઞાનનો સાર છે.' આ પરમસત્યને મનમાં સ્થિર કરીને આત્માનું અનુસંધાન રાખવાનો પ્રયત્ન અનંતપદરૂપ પરમાત્માને પ્રાપ્ત કરાવશે. 'તમે ચૈતન્ય છો, હું પણ ચૈતન્ય છું, સઘળાં પ્રાણીઓ પણ ચૈતન્ય જ છે.' જો તમારી બુદ્ધિ કુશાગ્ર હશે, તો આટલા શબ્દોથી જ બધા ઉપદેશનો સાર ગ્રહણ કરી શકશો.

કલ્પનામાંથી છૂટી જવું, એ જ મુક્તિ છે.

મનુષ્યનું વ્યક્તિગત મન વિશ્વમન સાથે
અતૂટપણે સતત સંકળાયેલું છે તથા 'બીજાના સુખની
ભાવના - સંકલ્પ - કાર્યમાંથી જ મારું સુખ પાંગરે છે.'
જ્યારે મન આવા શિવસંકલ્પથી સભર બની જાય છે,
ત્યારે સુખને નોતરું આપવું પડતું નથી,
પરન્તુ એ સ્વયમેવ ચાલતું આવે છે.
'પોતાના સુખની ઇચ્છા એટલે જ દુઃખ અને બીજાના
સુખની ઇચ્છામાં જ સાચું સુખ રહ્યું છે' તે સમજાઈ
જાય તો અંતરમાં દુઃખની ખૂંચતી કાંકરી નીકળી જાય.
સુખ એ તો મારી સામે વિસ્તરતાં જગતનાં શિખરો
સામે મેં જે ઉદ્ગારો કાઢ્યા, તેનો પ્રતિધ્વનિ જ છે.

<u>આ પ્રકૃતિનો અટલ નિયમ છે કે:</u>

'મારું' બોલતાંની સાથે જ
સામેથી પડઘો પડશે કે તને 'મારી નાંખું'.
'તારું' શબ્દ બોલતાંની સાથે જ
સામેથી પડઘો પડે છે કે તને 'તારી દઉં'.

સ્થૂળ પડઘાનો નિયમ સૂક્ષ્મજગતમાં પણ વિસ્તરે છે,
એ કારણે વૈદિક ઋષિઓએ સર્વ દિશામાંથી
શુભને આમંત્રણ આપવા માટે એ પ્રાર્થના યોજી છે કે:

તન્મે મનઃ શિવ સંકલ્પમસ્તુ, જે અધ્યાત્મનો નિયમ છે. વિજ્ઞાનનો નિયમ છે: Action & reaction are always equal and opposite.

આપણી અંદર એક એવું જંતર છે કે...

જેની વાવણીની મોસમ હર પળે ચાલતી રહે છે. આપણા વ્યક્તિગત મનનો સંબંધ એક વિશાળ વિશ્વમન સાથે છે અને આપણે કરેલા વિચારોની વાવણી અનેકગણી થઈ આપણી પાસે આવે છે. મન એક અત્યંત સૂક્ષ્મ અને શક્તિશાળી યંત્ર છે. જે મનની જેટલી જાગૃતિ, તેટલી જ જીવનની સમૃદ્ધિ.

ત્રિગુણાત્મક આ જગતમાં...

રજોગુણ એટલે લોભ અને કાર્યનો અતિરેક,
તમોગુણ એટલે પ્રમાદ, દીર્ઘસૂત્રતા, નિષ્ક્રિયતા તથા
સત્ત્વગુણ એટલે જ્ઞાન, પ્રકાશ, ઉત્કૃષ્ટતા.

મોક્ષો રજસ્તમોऽભાવાત્ બલવત્ કર્મસંક્ષયાત્ ।
વિયોગઃ સર્વસંયોગૈરપુનર્ભવ ઉચ્યતે ॥૧॥
યોગે મોક્ષે ચ સર્વાસાં વેદનાનામવર્તનમ્ ।
મોક્ષે નિવૃત્તિર્નિઃશેષા, યોગો મોક્ષપ્રવર્તકઃ ॥૨॥

(પરિશિષ્ટ-૧૧)

યોગ બે કાર્ય કરે છે: વેદનાની શાંતિ તથા મોક્ષપ્રાપ્તિ,
તેમ આયુર્વેદના પણ બે હેતુ છે:

स्वस्थस्य स्वास्थ्यरक्षा । रुग्णस्य रोगमुक्तिः ।

જેના દોષ, અગ્નિ, ધાતુ અને મળક્રિયાઓ સમ પ્રમાણમાં હોય તથા જેના આત્મા - ઇંદ્રિયો - મન પ્રસન્ન હોય, તે 'સ્વસ્થ' કહેવાય અને રુગ્ણ = પીડા અર્થાત્ આનાથી વિરુદ્ધ કાંઇપણ હોય, તો તે 'રોગી' કહેવાય. આત્મા, ઇંદ્રિય અને મન પ્રસન્ન ક્યારે ન હોય? શરીરમાં કાંઇક પીડા હોય ત્યારે. અંગ્રેજીમાં જેને Dis-ease કહે છે, તે પ્રસન્નતાનો અભાવ છે.

आत्मेन्द्रियमनोऽर्थानां सन्निकर्षात् प्रवर्तते ।
सुखदुःखमनारम्भादात्मस्थे मनसि स्थिरे ॥१॥
निवर्तते तदुभयं वशित्वं चोपजायते ।
सशरीरस्य योगज्ञास्तं योगमृषयो विदुः ॥२॥

ભાવાર્થ: મન સ્થિર થઇ આત્મામાં સ્થિતિ કરે, તો કાર્યનો આરંભ ન થવાથી સુખ-દુઃખ બંને નિવૃત્ત થાય છે અર્થાત્ મનને પરમાત્મામાં પરોવી તેમાં લીન થઇ જનારને સુખ-દુઃખ જણાતાં નથી, સુખની કોઈ સ્પૃહા કે દુઃખથી મનને ઉદ્વેગ થતો નથી.

- આયુર્વેદ

श्री

<u>પરમાત્મા ક્યાં રહે છે? હૃદયમાં.</u>

नरदेहातिक्रमणात् प्राप्तौ पश्वादिदेहानां
स्वतन्त्रेरपि अभावे परमार्थस्य का वार्ता ?। (परिशिष्ट-१२)

માનવદેહમાં જ ઉપાસનાદિક અને આત્મદર્શન સુલભ છે,
તે થયાં પહેલાં મરણ ઇચ્છવા યોગ્ય નથી. જીવન પણ
ઉપાસનાદિક અને આત્મદર્શન માટે ઇચ્છવા યોગ્ય છે.
<u>૭૦ વર્ષની વય બાદ પોતાના નિત્ય વ્યવસાયથી અલગ
થઈને આત્મચિન્તન - ધ્યાન ઇત્યાદિ કરવું શ્રેયસ્કર છે.</u>

'વિશ્વાસે ચાલે વહાણ' એ છે કહેવત.
જગતમાં વિશ્વાસથી ચઢિયાતી બીજી કોઈ શક્તિ છે નહિ.
અન્યોન્ય અનુરાગ, સ્નેહ, પરસ્પર વિશ્વાસથી કાર્યસિદ્ધિ છે.
'વિશ્વાસ' શબ્દ 'શ્વસ્' ધાતુ ઉપરથી બન્યો છે.
વ્યક્તિગત જીવનમાં શ્વાસ જેટલો જરૂરી છે,
તેટલો સામાજિક જીવનમાં વિશ્વાસ આવશ્યક છે.
જેમ શ્વાસ વિના વ્યક્તિગત મૃત્યુ છે,
તેમ વિશ્વાસ વિના સામાજિક મૃતપ્રાયતા છે.
વિસ્તૃત શ્વાસ - વ્યાપક શ્વાસનું નામ 'વિશ્વાસ' છે.

वेदांतो विरामं विश्वासश्चेतिशब्दत्रयः तिस्रः।
यासां स्मरणे नित्यं शांति-समृद्धी भविष्यतो जगति ॥१॥

શ્રી

પ્રકૃતિ: વેદાંત - અધ્યાત્મ માર્ગદર્શન માટે હોય છે,
વિજ્ઞાનથી બુદ્ધિ વધે છે, વિશ્વાસથી ચારિત્ર બને છે,
વિશ્વાસથી શાંતિ અને સમૃદ્ધિ વધે છે.
વિશ્વાસને characterની સાથે સંબંધ છે.
ચારિત્રવાન પ્રત્યે સહજ વિશ્વાસ પેદા થાય છે અને
વિશ્વાસથી વિજ્ઞાન અને અધ્યાત્મ વધે છે.
અધ્યાત્મના મૂળમાં મૈત્રી છે, વિજ્ઞાનના મૂળમાં વૈરાગ્ય છે.

આપણી અંગુલીઓમાં સર્વ શક્તિ

જનશક્તિ, સજ્જનશક્તિ, વિદ્વદ્જનશક્તિ, મહાજનશક્તિમાં
જનશક્તિ એ અંગૂઠો છે, સજ્જનશક્તિ એ તર્જની-
અંગુલી છે. 'સુમતિ કુમતિ સબ કે ઉર બસહી |' કોઈક
દર્શનની અંદર ગાંઠને ગાંઠ અલંકાર રહેલ જ છે, એ
અંગુલિનિર્દેશ કરે છે, તેથી તર્જની તે વિદ્વદ્જનશક્તિ છે.
તે તટસ્થ શક્તિ છે. પક્ષમુક્ત શક્તિ, અનેકાન્ત દૃષ્ટિ.
મધ્યમા એ મહાજનશક્તિ છે. શ્રેષ્ઠ = શેઠ - મહાજન.

महाजनो येन गतः स पन्थाः ।

यद् यद् आचरति श्रेष्ठः । लोकः तद् अनुवर्तते ॥

શેઠ - મહાજન કરે, તેવો વ્યવહાર બાળકો કરે છે.
'આગમ બુદ્ધિ વાણિયા, પશ્ચિમ બુદ્ધિ બામણા.'

પાંચમી આંગળી અનામિકા એ શાસનશક્તિ છે.
गूढं ज्योतिं पितरो अन्वविंदन् । પૂર્વજોના અવગુણો
ભૂલીને સદ્ગુણોનું અનુકરણ કરવાનું મન થાય છે.

प्रजानां विनयाधानात् रक्षणाद् भरणादपि ।
स पिता पितरस्तेषां केवलं जन्महेतवः ॥१॥ - રઘુવંશ

અર્થાત્ઃ પ્રજાને જે વિનય શીખવે, રક્ષણ-પોષણ કરે, તે 'પિતા' કહેવાય. માતા-પિતા તો કેવળ જન્મનું કારણ છે.

o પૃથ્વીનો ઘેરાવો ૨૪૦૦૦ માઈલ છે.
જૈન મુનિને એટલી પદયાત્રા સરળ છે.

o કોરા કાગળ ઉપર કાળી શાહીથી લખાય,
તે ક્ષર હોવા છતાં 'અક્ષર' કહેવાય છે.

પૈગંબર નિરક્ષર હતાં છતાં કુરઆન - બાઈબલની વસ્તુ.
નિરક્ષર બનવાનો અધિકાર મહંમદ અને કબીરને મળ્યો હતો.

ઉપવાસ = આત્માની નજીક વસવું.

ઉપવાસના દિવસે ચિન્તન તથા મનન સારું થાય છે, આરોગ્ય સુધરે છે, જીવોને અભયદાન મળે છે.

'सहस्त्रशीर्षः सहस्त्रपाद ।'
એવું ભગવાનનું સ્વરૂપ છે.

ભગવાન અવ્યક્ત છે, છતાં ઘટઘટમાં બિરાજમાન છે.

સુફલપ્રદ = ઉત્તમ ફળવિધા.
અધ્યાત્મ એ છે કે આપણે બધા મૂળરૂપે બ્રહ્મ છીએ.
અધ્યાત્મ વગર એકતા પેદા ન થાય.
ગીતામાં કહ્યું છે: સર્વભૂતહિતે રતાઃ ।
અર્થાત્: સર્વ જીવોના હિતમાં તત્પર.
'મમ સત્યં ।' સત્ય શું છે, એની સમજમાં ફરક રહેલ છે.
એકને જે સત્ય લાગે છે, તે બીજાને નથી લાગતું.
'મારું જ સત્ય છે, મારું સત્ય જ છે'
એમ કહે છે, તો યુદ્ધ થાય છે.
યુદ્ધના પર્યાય શબ્દો - રણ, યુદ્ધ, સમર છે.
'મારું પણ સત્ય છે' એમ કહે છે, તો તે સત્ય
યુદ્ધનું નિવારણ કરી અહિંસાને વિકસાવે છે.

## સ્વામી રામતીર્થનો પત્નીને ઉપદેશ

'હવે પરમાત્મા ઉપર દૃઢ શ્રદ્ધા રાખીને રહેવાનું છે.
બધાએ પોતાના વાસ્તવિક રૂપમાં, ૐકારમાં લીન
થવાનું છે. સાધનાની શરૂઆત કરી. ખાવાપીવાની ચિન્તા
કરવાની નહિ. શરીરને સંપૂર્ણ રીતે ભૂલવું જોઈએ.
પરમાત્મા તમારું રક્ષણ કરે છે કે નહીં, તે જોવાનું છે.
રામની આશા વગર પોતાના આસન પરથી ઉઠવાનું નહિ.'

## યોગીઓના જીવનનું ધ્યેય શું હોય છે?

યોગીના જીવનનું ધ્યેય આત્મસાક્ષાત્કાર કરવાનું હોય છે.
તે પ્રાપ્ત થઈ ગયું, એ પછી શરીરને ટકાવવાનો મોહ
તેમને હોતો જ નથી. શરીરમાં એમને રસ રહેતો નથી.
તે અત્યારે પડે કે વર્ષો પછી પડે,
એના માટે એમને પરવા હોતી જ નથી,
પછી તેને વધારે ટકાવવા શા સારૂ પ્રયત્ન કરે?

બ્રહ્મરન્ધ્રનો ભાગ સુરક્ષિત છે.
ત્યાં કાળ પહોંચી શકતો નથી. તે સ્થળ-કાળથી પર છે.
ત્યાં કલાકો સુધી રહીને જાગે, ત્યારે એક જ મિનિટ
થઈ હોય તેમ લાગે છે, માટે તે સ્થળ-કાળથી પર છે.

ઈશ્વર વૈદ્યોનો મહા વૈદ્ય છે.
સર્વ ઔષધોનું ઔષધ - એકનું ઈશ્વરનું શરણું છે.
પ્રભુનામસ્મરણ સર્વ વિઘ્નોને દૂર કરવાનું ઔષધ છે.
યોગીઓના શરીરમાંથી જે આંદોલનો નીકળે છે,
તે સર્વનું કલ્યાણ કરનારા જ હોય છે.
સંત પુરુષોનું કામ જ કુપાત્રને પાત્ર બનાવવાનું છે.
ભોજન એ જેમ શરીરનો ખોરાક છે,
તેમ ધ્યાન એ આત્માનો ખોરાક છે.

અને માનવું જોઈએ કે : જીવનમાં મનઃશાંતિ અને
સ્વાસ્થ્ય માટે ધ્યાન બહુ જ મહત્ત્વની જરૂરિયાત છે.
માનવદેહ મળ્યો છે, એ જ મોટી પાત્રતા છે.

સંકલ્પનું સ્વરૂપ કેવું હોઈ શકે ?

'આજે - અમુક તિથિએ, અમુક વારે, અમુક નક્ષત્રે
હું આ ક્રિયા કરું છું, તેનું મને અમુક ફળ મળો.'
સંકલ્પ વિના નાનામાં નાનું કે
મોટામાં મોટું - આરાધનાનું એકપણ કાર્ય થતું નથી.
સાચી 'આરાધના' એટલે આત્મભાવથી જીવમાત્રની રક્ષા.
દૈવી સંપત્તિ એટલે ઉત્તમ વિચારો અને
આસુરી સંપત્તિ એટલે અધમ વિચારો.
'મને પ્રભુએ જેટલું આપ્યું છે, તેટલું બસ છે'
એવું જે સમજે છે, તે શ્રીમંત છે અને
જેને પ્રભુએ આપેલું ઓછું લાગે છે, તે દરિદ્ર છે.

જૈન ધર્મનો સાર - સાધનાનો પ્રાણ શું ?

'નાના - મોટા બધા જીવો મારા મિત્ર છે,
મારે કોઈની સાથે વૈર કે વિરોધ નથી.'
આ સમતા જૈન ધર્મનો સાર છે, સાધનાનો પ્રાણ છે.
સમતાને સાધો અને મોક્ષને મેળવો.

શ્રી

સમતા, અહિંસા, કરુણા - અભિન્નાર્થક છે.

આત્માને નિર્મળ બનાવવાનું રસાયણ તે સમતા અને
સમતાની પ્રાપ્તિનો ઉપાય તે અહિંસા.
અહિંસાની પ્રાપ્તિનો ઉપાય સંયમ અને તપની સાધના.
ચિત્તશુદ્ધિ અને આત્મશાંતિનો આ રાજમાર્ગ છે.
જૈન સાધના પદ્ધતિ જ્ઞાન તથા ક્રિયાનો સમન્વય છે.
જ્ઞાનથી વ્યક્તિને યથાર્થનો બોધ થાય છે અને યથાર્થ
બોધ જ સમ્યક્ ક્રિયા - આચરણમાં પરિણત થાય છે.
યથાર્થ બોધનું તાત્પર્ય છે પોતાનો અનુભવ.
જે અનુભવ જ્ઞાનથી સંગ્રહિત ન થયો હોય,
તેને 'યથાર્થ બોધ' કહેવાય છે.
જે ક્રિયા જ્ઞાનનું અનુસરણ ન હોય પણ સ્વયં
જ્ઞાનથી સ્ફુરિત હોય, તે યથાર્થ ક્રિયાનું તાત્પર્ય છે.
પોતાનો અનુભવ અને તેથી સ્ફુરિત થયેલ ક્રિયા -
એજ મોક્ષમાર્ગગામિની બની શકે છે.
મોક્ષનો અર્થ છે સંપૂર્ણ કર્મબંધનથી ચૈતન્યની મુક્તિ.
સંપૂર્ણ કર્મબંધનથી અલગતા થઈ જવી તે મોક્ષ.
કર્મનું આવરણ રાગ-દ્વેષની પ્રવૃત્તિથી થાય છે.
રાગ અને દ્વેષ - એ બન્ને વિષમતાના મૂળ છે.

આ વિષમતાને મિટાવનારી સાધના તે યથાર્થ સાધના છે.
સાધના પદ્ધતિનો સમ્યગ્ અનુભવ અને અભ્યાસ -
સાધકની ભૂમિકાને પ્રશસ્ત બનાવે છે.
પ્રચંડ શક્તિનું ઉદ્ગમ સ્થાન સાધના છે.
પદાર્થવિજ્ઞાન બુદ્ધિને - મસ્તકને - જ્ઞાનને વિકસાવે છે,
આત્મવિજ્ઞાન હૃદયને - સમભાવને - પ્રેમને વિકસાવે છે.
ગરીબની દુઆ દુઃખ દૂર કરે છે,
સદ્ગુરુઓના આશીર્વાદ પાપ કાઢે છે અને
પરમાત્માનો અનુગ્રહ દુઃખ અને પાપ - બંનેને ટાળે છે.
દુઃખમાં દુર્ધ્યાન ન થવા દે અને
પાપ બનતે પશ્ચાત્તાપ કરાવે, તે પરમાત્માનો અનુગ્રહ.
દુષ્કૃતની ગર્હાથી દુઃખ જાય, સુકૃતની અનુમોદનાથી
દુર્ધ્યાન જાય અને ચતુઃશરણાગમન વડે
દુઃખની પરંપરાના કારણભૂત મિથ્યાત્વશલ્ય જાય તથા
પાપનો પશ્ચાત્તાપ અને ગુણનું અનુમોદન થાય.
મિથ્યાત્વશલ્ય એટલે...
દુષ્કૃતને દુષ્કૃત - હેય ન માનવું અને
સુકૃતને અનુમોદનીય - ઉપાદેય ન સમજવું તે.
ધર્મના પાયામાં પાપની ભીતિ અને પ્રભુપ્રીતિ રહેલા છે.

શ્રી

આપણી પ્રતિદિનની પ્રાર્થના ટોચ જોઈએ કે:
'સમાહિમરણં ચ બોહિલાભો અ |'
ઘરમાં અથવા બહાર જંગલ વગેરેમાં
કોઈ સ્થળે પણ મરણનો પ્રસંગ પ્રાપ્ત થાય, ત્યારે
આત્માર્થીએ આ ભવના સર્વ બાહ્ય શરીરાદિના અને
અભ્યંતર વિષય-કષાય (મૂર્છા-રાગ-દ્વેષ-વૈર-વિરોધ)ના
સંબંધોને તોડીને સમાધિપૂર્વક મરવું જોઈએ.
મૃત્યુ એ જીવનવૃક્ષનું અતિમધુરું ફૂલ છે.
મૃત્યુ તો ઈશ્વરનું જ એક સ્વરૂપ છે.
જીવન અને મૃત્યુ બે ય માનવાને માટે પરમ મંગળ છે.
જેમ દિવસ પછી રાત્રિ અને રાત્રિ પછી દિવસ આવે છે,
તેમ જીવનરૂપી વૃક્ષમાં મૃત્યુરૂપી ફૂલ લાગે છે અને
મૃત્યુરૂપી ફૂલમાં જીવનરૂપી ફૂલ લાગે છે.

ત્રણ પ્રકારની ભ્રાંતિ

ગુણાધાન ભ્રાંતિ, દોષાપનયન ભ્રાંતિ, દોષાત્મત્વ ભ્રાંતિ.
ગુણાધાન ભ્રાંતિ બે પ્રકારની : લૌકિક અને શાસ્ત્રીય.
લૌકિકમાં વસ્ત્રાલંકારાદિ, ચંદન તથા પુષ્પમાલાદિ આવે
અને શાસ્ત્રીયમાં ગંગાસ્નાન વગેરે આવે તથા
દોષાપનયન ભ્રાંતિમાં ઔષધાદિ આવે.

## શુદ્ધ અને મલિન વાસના એટલે શું ?

(1) જે વડે બ્રહ્મસાક્ષાત્કાર થાય, તે શુદ્ધ વાસના છે.
મૈત્ર્યાદિ વાસનાઓ શુદ્ધ વાસના છે.
(2) જે વડે બ્રહ્મનું સ્વરૂપ આવરાય, તે મલિન વાસના.
તેના દૃષ્ટાંતો દેહવાસના, લોકવાસના, શાસ્ત્રવાસના છે.
સ્થૂલ શરીરમાં અભિનિવેશ, તે દેહવાસના છે.
કોઈ મારી નિંદા ન કરે, તેવા વિચારાદિ તથા
સર્વ લોકને 'હું ખુશ કરું' એવા આગ્રહને ધારણ કરું,
એવો બુદ્ધિનો અભિનિવેશ, તે લોકવાસના છે.
શાસ્ત્રના તાત્પર્યને ગ્રહણ ન કરતાં
માત્ર અધ્યયનની વાસના રાખવી, તે શાસ્ત્રવાસના છે.
શાસ્ત્રવાસના ત્રણ પ્રકારની છે:
(૧) પાઠવાસના (૨) અર્થવાસના (૩) અનુષ્ઠાનવાસના.
જેઓના નયનોમાંથી અમૃત ઝરી રહ્યું છે, જેના દિલમાં દયા, ક્ષમા અને કરૂણા વ્યાપી રહી છે, એવા સત્પુરુષોનું અવલંબન કુમતિને નષ્ટ કરે છે, પ્રેમથી જીવનને નવપલ્લવિત કરે છે અને ફોગટ જતું જીવન સાર્થક કરે છે. સત્પુરુષના સતત સંગથી પાપ પરજળે છે અને વાસનાઓ બળીને ભસ્માભૂત થઈ જાય છે.

## સમયનું મૂલ્ય અમાપ છે.

સમયને ઉચ્ચ વસ્તુ - ઉચ્ચ વિચાર કે ઉચ્ચ વર્તનથી
ભરાવવો અથવા તો વેચવો,
એ અંદર રહેલ ચૈતન્યને ગુંગળાવવા બરાબર છે.
જેનો સંકલ્પ મોટો છે, તે માણસ મોટો છે.
બીજાના સુખ માટેનો સંકલ્પ - એ શ્રેય છે તથા
પોતાના સુખ માટેનો સંકલ્પ - એ પ્રેય છે.
સંસાર બહુ પરાર્થવૃત્તિવાળાઓને શ્રેય માટે કામ છે
અને સ્વાર્થવૃત્તિવાળાઓને પ્રેય માટે કામ છે.
શ્રેય શાશ્વત છે, પ્રેય ક્ષણિક છે.

## સ્વસુખની ઇચ્છા - અન્યના સુખની ઇચ્છા

સ્વસુખની ઇચ્છા તૃષ્ણા અને ઇર્ષા વધારનારી છે, તેથી દુઃખનું મૂળ છે, અન્યના સુખની ઇચ્છા એ પ્રેમ, વાત્સલ્ય અને સંતોષજનક હોવાથી સુખની જનક છે. પોતાના સુખની ઇચ્છા તૃષ્ણા, ઇર્ષા અને અસંતોષને વધારનારી છે તથા અન્યના સુખની ઇચ્છા વાત્સલ્ય, પ્રેમ, ગુણાનુરાગ અને સંતોષના સુખને જન્માવે છે.

ये केचित् दुःखिता लोके ते सर्वे स्वसुखेच्छया।
ये केचित् सुखिता लोके ते सर्वेऽन्यसुखेच्छया॥

'ઉપરવાળો' એવું વિશેષણ વાપરીને ક્યારેય પણ પરમાત્માની મર્યાદા ન બાંધશો, એ તો અંદરવાળો પણ છે અને સર્વત્ર નિવાસી પણ છે જ.

## સર્વ ભવો સાથે અહીંના સંસ્કારો

આપણે ત્યાં પરાપૂર્વથી કોઈ નથી, એનું કારણ છે કે એ વેદાન્તનું મંતવ્ય ગણાયું છે, તેથી ઉપેક્ષિત બન્યું છે. અસ્તિત્વ એ ધ્યાનાવસ્થાનો અને ભાવનાનો વિષય છે.

સાધકો એનું રૂપ પણ અનુભવે છે, પરન્તુ એ ભૂમિકાએ પહોંચતાં વ્યક્તિનો 'અહં' આડો આવે છે, વિષયો આડા આવે છે તથા દેહાધ્યાસ આડો આવે છે, કેટલાકને શાસ્ત્રસંસ્કારો આડા આવે, એ પણ બને. ભગવાન જિનેશ્વર દેવે આડી આવતી આ વાતોનું નિરાકરણ કરવા ભાર દઈ દઈને ઉપદેશ આપ્યો છે. આગમોમાં વ્યાપક રીતે આ વાતો ભરી છે, એટલે ભગવાનની આ સૌ વાતો વ્યવહારમાં ઉતારવાની હતી. વ્યવહાર સિદ્ધ થયા વિના નિશ્ચય આવે જ નહિ, એટલે બોધિમાં સર્વ વાતોનો સમન્વય આવ્યો. સક્રિય-ક્રિયાત્મક વાત મુખ્ય થઈ. વેદાંતીઓએ બ્રહ્મનો આદર્શ સ્થાપ્યો પણ વ્યવહારમાં નિષ્ક્રિયતા - શૂન્યતા જ રહી,

## બોધિ અને સમાધિમાં શું ફેર ?

'બોધિ' એટલે સ્વરૂપનો બોધ.

'સમાધિ' એટલે સાધકના ચિત્તની ઉચ્ચ દશા.

નિરૂપસર્ગ વડે સ્વરૂપનો લાભ થાય છે, દ્રવ્ય - ભાવ આરોગ્ય વડે બોધિ અને સર્વોત્કૃષ્ટ સમાધિ મળે છે.

બોધિ બોધસ્વરૂપ છે તથા સમાધિ સ્થિરતા રૂપ છે.

સમાધિ વડે તન્મયતા સધાય છે.

आरुग्ग बोहिलाभं समाहिवरमुत्तमं दिन्तु ।

પ્રાયઃ કરીને આપત્તિથી સંબંધો ઊપજે છે.

સઘળાં સંબંધો કર્મજનિત છે.

તેનો રાગ છોડવાથી આત્માને સ્વગુણ સ્થિરતાનો આનંદ પ્રગટે છે અને તે જ 'સમાધિ' કહેવાય છે.

સમગ્ર અનુષ્ઠાનોનું ફળ સમાધિ છે.

તેની પ્રાપ્તિ થવાથી સર્વ અનુષ્ઠાનો અને જન્મનું સાફલ્ય થાય છે. આ જન્મની સફળતાની સાથે સાથે જન્માંતરમાં પણ આત્માને બોધિની પ્રાપ્તિ થાય છે.

### બોધિ એટલે...

'સંબંધો કર્મજનિત છે' એવું દૃઢ અને સ્પષ્ટ જ્ઞાન.

એ સંબંધો પ્રત્યેનો રાગ-આસક્તિ છોડી દઈ તે દ્વારા

સ્વરૂપસ્થિરતાનો આનંદ અનુભવવો, તે 'સમાધિ' છે.
બોધિ = spiritual Enlightenment.
Reverence for all life. There is a source of life. Turn it on, accept it by faith and observe the operation.
બોધિ = જૈનેન્દ્રનો બોધ, જીવનો source,
તેના ઓળખાણ ઉત્પત્તિ, સ્થિતિ અને વિનાશમાં દ્રવ્યોની સાથે સંબંધ ધરાવનાર તત્ત્વની પ્રતીતિ.

પરમાત્માનો અનુગ્રહ દુઃખ અને પાપ - બંનેને દૂર કરી આપે છે, તેનું કારણ તેના સ્વરૂપથી દુઃખનું મૂળ દુર્ધ્યાન અને પાપનું મૂળ મિથ્યાત્વ ટળે છે.
જિનાલય જવાથી એ લાભ થાય છે કે...
પરમાત્માના નામસ્મરણ વડે દુર્ધ્યાન ટળે છે,
તેઓના વંદન - પૂજન - સત્કાર - સન્માન વડે બોધિલાભ અને નિરૂપસર્ગ પદની પ્રાપ્તિ થાય છે.

o

## Stillness is strength

Stillness of mind, speech & body is known as spiritual discipline.
Be still and see that 'I am God'.

श्री

## મોક્ષ માટે બોધિ - બોધિ માટે સમાધિ

બોધિ = સ્વરૂપનો બોધ.

સમાધિ = સ્વરૂપમાં સ્થિરતા.

બોધિ એ સર્વ શાસ્ત્રોનો સાર, ચારિત્રનો પ્રાણ અને સમગ્ર ક્રિયાનુષ્ઠાનના સાફલ્યનું બહુમાન છે.

બોધિ એ જ્ઞાન - દર્શન - ચારિત્રરૂપ છે. એ અર્હં ગુણોના સ્વરૂપને સ્પષ્ટ સમજવાથી બોધિ સમજાય છે.

સમાધિ એ ચિત્તની નિશ્ચલતા, ઉપશમભાવ કે કુશલ મનરૂપ છે. બોધિ - વિવેકશક્તિ - આત્મહિતપરિજ્ઞા.

આત્યંતિક મોક્ષ, તે વિના શાંતિ છે જ નહિ, એટલે મોક્ષ માટે બોધિ અને બોધિ માટે સમાધિ - એ એ રીતે કાર્ય - કારણભાવ છે.

જ્યારે ભગવાને શુદ્ધ ચૈતન્યની અનુભૂતિમાં આડે આવતાં તમામ તત્ત્વોની સૂક્ષ્મ વિચારણા કરી.

બોધિ દ્વારા શુદ્ધ ચૈતન્ય પ્રગટે છે.

ભગવાનનાં વચનોનું જ્યારે શુદ્ધ ભાવે ચિન્તન થાય, ત્યારે પરમાત્મકૃપા થકી જીવનમાં બોધિ આવે છે.

भावाद्वैतं सदा कुर्यात् क्रियाद्वैतं न कर्हिचित् ।
अद्वैतं त्रिषु लोकेषु नाऽद्वैतं गुरुणा सह ॥

સુષુપ્તિમાં ચિત્તનું અજ્ઞાનાકાર
અને સુખાકાર પરિણામન હોય છે.

નિર્વિકલ્પ સમાધિમાં આત્માકાર પરિણામન હોય છે. બુદ્ધિ અને આત્માની એકતાની પ્રતીતિ તે અસ્મિતા - સામાન્ય અહંકાર છે. ક્લેશો અંતઃકરણમાં છે પણ સાક્ષીમાં નહિ. સાક્ષીનો તો બ્રહ્મ સંપૂર્ણ અભેદ છે. અંતઃકરણ ચતુષ્ટયરહિત જીવનું જે ચેતન સ્વરૂપ છે, તેનો બ્રહ્મ અભેદ છે. જીવનું પરિચ્છિન્નપણું છે, તે અંતઃકરણરૂપ ઉપાધિને લીધે છે. ઉપાધિનો ત્યાગ કરીએ તો બ્રહ્મ અભેદ હોવાના કારણે તે પણ શિવ છે. કહ્યું છે: उपाधिनिरपेक्षचैतन्यस्वरूपो जीवः शिवः । અર્થાત્: ઉપાધિરહિત, ચૈતન્ય, અરૂપ જીવ એ શિવ છે.

દુઃખનું અધિષ્ઠાન શરીર છે,
શરીરનું કારણ પુણ્ય - પાપ છે,
પુણ્ય-પાપનું મૂળ રાગ-દ્વેષ તથા તેનું મૂળ અજ્ઞાન છે.

સ્વરૂપના જ્ઞાનથી તે અજ્ઞાન ટળે છે. સ્વરૂપનું જ્ઞાન શ્રવણ-મનન દ્વારા સિદ્ધ કરેલા પરોક્ષ બ્રહ્મતત્ત્વમાં નિદિધ્યાસન કરવાથી થાય. તે વડે સ્વરૂપનો સાક્ષાત્કાર થાય છે અને તે પરમાનંદની નિત્ય પ્રાપ્તિરૂપ છે.

## સ્વાર્થમાંથી પરાર્થમાં કેમ જવું ?

સ્વાર્થ ગૌણ ન બને, ત્યાં સુધી પરાર્થ પાંગળો રહે.
એ પાંગળો એટલે સ્વાર્થ પણ પાંગળો.
તીર્થંકરો સ્વયં પણ સ્વાર્થનું ઉપસર્જન - વિસર્જન કરે,
ત્યારે સામાન્ય મનુષ્યને તો તે અત્યંત જરૂરી બની રહે.
લૌકિકમાં પણ આબાલ - ગોપાલ આ વાત ગ્રાહ્ય છે.
આખું વિશ્વ જ્યારે સ્વાર્થમાં ડૂબેલું છે,
ત્યારે પરાર્થની મુખ્યતા વિના
ધર્મના મૂળરૂપ દયા કે મૈત્રીની સિદ્ધિ કેવી રીતે થાય?
પરાર્થની સિદ્ધિ એ જ સ્વાર્થની સાચી સાધના છે,
કેમકે ધર્મનું મૂળ જ પરાર્થભાવ છે.
મજૂર પણ એ રીતે જ આજીવિકા મેળવે છે,
તો યોગીઓને સ્વાર્થપરાયણતા કેમ ઘટે ?
સ્વાર્થ - પરાર્થ પરસ્પર સાપેક્ષ છતાં
પરાર્થમાં સ્વાર્થ છે, એ વાત વ્યવહારુ છે.
દ્વૈતાદ્વૈતરૂપ સ્યાદ્વાદ, વ્યવહાર - નિશ્ચયરૂપ ધર્મ,
ઊર્ધ્વતા - તિર્યક્સામાન્યરૂપ સત્ત્વ,
સ્વાર્થનું ઉપસર્જન અને પરાર્થની પ્રધાનતા જરૂરી છે.

ह्रीं ॐ श्रीं अर्हं श्रीं श्रीं अर्हं श्रीं ॐ ह्रीं

શ્રી

આત્મસ્વરૂપ એટલે પોતાનું સ્વરૂપ,
આત્માનું શુદ્ધ અનંતજ્ઞાનાદિ સ્વરૂપ.
પરમાત્મસ્વરૂપ એટલે આત્માથી ભિન્ન માનેલા
પરમાત્માનું તે તે પવિત્ર સ્વરૂપ.
અંતતોગત્વા આત્મા એજ પરમાત્મા છે, તેથી
આત્મસ્વરૂપ તે જ પરમાત્મસ્વરૂપ - પરમેષ્ઠિસ્વરૂપ,
એમ સમજને આરાધન કરવું, એ તાત્પર્ય છે.
ૐ હ્રીં અર્હં સદ્ગુરુદેવ પરમાત્મને નમઃ।
દિગંબર આમ્નાયમાં એકત્વ વિષે ખાસ વલણ દેખાતું નથી.
એમના મતે એકત્વ ઉપચરિત - ઔપચારિક એવું
વ્યવહાર કથન પૂરતું છે, પાર્થક્ય ઉપર વધારે ભાર છે.

સમભાવની સાધના એટલે સામાયિક

સામાયિક વ્રત એટલે સમતા - સમભાવની સાધનાનું વ્રત.
મોક્ષપ્રાપ્તિનો અંતિમ ઉપાય તે સમતા અને તેનું વ્રત તે
સામાયિક વ્રત. એની સાધના ચિત્તની સ્વસ્થતા, શાંતિ
અને એકાગ્રતાથી જ થઈ શકે, એ માટે મનના આવેગો,
આવેશો, કષાયો ઉપર સંયમ - કાબુ એ અનિવાર્ય
ગણાય. સામાયિક વ્રતમાં અહિંસાવ્રત, સત્યવ્રત, ભાષા
- સમિતિ, વચનગુપ્તિ, અનેકાન્તદૃષ્ટિ સમાઈ જાય છે.

શ્રી

આત્માના શિખર સમો વૈરાગ્ય, વિશ્વપ્રેમ અને
સમ્યગ્દર્શન - એ ત્રણેની સરખી આવશ્યકતા છે.
સમ્યગ્જ્ઞાન એટલે જ્ઞાનાનંદમય પોતાના નૈશ્ચયિક
શુદ્ધ સ્વરૂપનું જાગૃત ભાન. ભાન એટલે અંતરજ્ઞાન.
પ્રતીતિકારક જ્ઞાન એ ભાનને જન્માવે છે.
ભાન એ શુદ્ધ જ્ઞાનનું કાર્ય છે અને
ક્રિયા એ ભાનનું પરિણામ છે.
પ્રમાદ એટલે પરમાં રાગ - આસક્તિ.
વીતરાગની ભૂખ એ વીતરાગના સ્મરણ માટે છે.
વીતરાગતાનું સ્મરણ એ જ ભૂખનું ફળ છે.

રાગ દુઃખદાયી છે, તે જેઓમાં નથી તે વીતરાગ છે, તેથી તેઓનું આલંબન દિવ્ય સુખને જ આપનારું હોય છે. મનુષ્યભવ ઉત્કૃષ્ટ છે, તેથી તેમાં કાર્ય પણ ઉત્કૃષ્ટ થવું જોઈએ. રાગને દૂર કરવો એ જ પરમ પુરુષાર્થ છે. જ્યાં સુધી રાગ છે, ત્યાં સુધી દુઃખ પણ છે જ. દુઃખને દૂર કરવાનો ઉપાય તે દુઃખ જેમાંથી જન્મે છે, તે રાગ ઉપરાંત પરમાં મારાંપણાની બુદ્ધિ અને તેનું અહંત્વ - અભિમાન જ દૂર કરવાં જોઈએ. માનવભવમાં તે કાર્ય થાય તો સોનામાં સુગંધ ભળે.

'રાગ દૂર કરવા યોગ્ય છે.'
એવી યાદ જેના હૃદયમાં નિરંતર છે, તે સાધકોના
હૃદયમાં શ્રી વીતરાગ પરમાત્મા બિરાજમાન વસે જ છે.
શ્રી વીતરાગ પરમાત્મામાં મન લીન કરવું હોય, તેણે
રાગ દૂર કરવાનું ધ્યેય મુખ્ય બનાવવું જ જોઈએ.
રાગને દૂર કરવાની યાદ કે વીતરાગ પરમાત્માની યાદ
- બંને એક જ છે પણ મુખ્ય તો રાગ દૂર કરવાની
યાદ જ સાધ્ય છે, શ્રી વીતરાગ પરમાત્મા સાધન છે.
એક કાર્ય છે, બીજું કારણ છે.
રાગ તીવ્ર હોય, તો યાદને તીવ્ર બનાવવી જોઈએ.
'રાગ દૂર કરવાથી જ સુખી થવાય'
તેવું ભાન એ જ જરૂરી વસ્તુ છે.
મોહ નાગ છે, સાધક નોળીયો છે.
સાધકને ઝેરનો નાશ અને તેને દૂર કરવાની સાધના -
બંને એક સાથે કરવાના હોય છે.
દરેક કાર્યમાં ન્યાયનો પક્ષપાત એ સાધકની યોગ્યતા છે.
Anticipation is sweeter than
realisation & superior to acquisition.
ઊઠો, જાગો, શ્રેષ્ઠ પુરુષો પાસે જઈને ભાન પ્રાપ્ત કરો.
- કઠોપનિષદ

<u>સુખનું સરનામું રાગદ્વેષરહિત બુદ્ધિ - આત્મનિષ્ઠા છે.</u>

પ્રસન્નતા - સ્વચ્છતા - રાગદ્વેષરહિતતા - સમત્વની
બુદ્ધિ જેને પ્રાપ્ત થઈ છે તે યોગી,
જેને પ્રાપ્ત નથી થઈ તે અયોગી - ચંચળચિત્ત માનવી.
આત્મનિષ્ઠા એ જ શાંતિનો સાચો ઉપાય છે.
જિતેન્દ્રિયતા એ જ વિકાસનો માપદંડ છે.
જીવનની નિશા = અંતરનું અંધારું.
જીવનની ઉષા = અંતરનું અજવાળું.
સ્વાર્થ = રાત્રિનો અંધકાર. પરમાર્થ = દિવસનો પ્રકાશ.
નિષ્કામભાવે વર્તવાથી ફળ નથી મળતું એમ નહિ,
પરન્તુ તેમ વર્તવાથી તો વધારે મળે છે.

<u>શાંતિનું સરનામું વાસનાના વિશોધનમાં છે.</u>

વિકારોની વચ્ચે નિર્વિકાર રહીને
તે સ્થિતિને જાળવતાં સુદૃઢ ભાવના રાખવામાં
આત્મદર્શનનો વિજય છે - સંયમનો મહિમા છે.
વાસનાઓનો ત્યાગ આત્મજ્ઞાનનું પ્રત્યક્ષ ફળ છે.
પરવસ્તુની સ્પૃહા એ ચોરી છે,
'પરદ્રવ્યેષુલોષ્ઠવત્।' એ શાસ્ત્રકારી છે અને
સત્યને અપનાવવું - અસત્યને ત્યજવું તે જ ખાનદાની છે.

## સ્થિતપ્રજ્ઞ અને બ્રાહ્મીસ્થિતિ

સ્થિતપ્રજ્ઞ આત્મા આગમાં પણ શીતળ રહી, વિષમાં પણ અમૃતતુલ્ય હોવાથી કોલાહલમાં પણ શાંતિનો અનુભવ કરે છે, તેને 'બ્રાહ્મીસ્થિતિ' પણ કહેવાય છે.

પરમાત્મા - પરબ્રહ્મ પોતે આ સ્થિતિમાં રહે છે.

તેઓ સર્વજ્ઞ - સર્વ શક્તિમાન હોવાથી

સદા સ્વાત્મમહિમામાં રહે છે, અચલ મર્યાદાસંપન્ન છે, આપ્તકામ છે, ઉત્પાદ - વ્યય કે લયમાં સમસ્થિતિ રહે છે.

પરમાત્મા સતના લીધે સમપણે રહે છે અને

ચિતના લીધે આનંદમય રહે છે.

'બ્રહ્મનિર્વાણ' શબ્દમાં 'બ્રહ્મ' એટલે મહાજ્યોતિમાં જ્યોતિનું મળી જવું. એનું જ નામ 'બ્રાહ્મીસ્થિતિ' છે.

જુવાની યોગ માટે છે, ભોગ માટે નહિ.

ભોગ એ પ્રજ્ઞાપરાધની સ્થિતિ છે.

પ્રભુપ્રાપ્તિ માટેની સાધના જ જુવાનીનો સમ્યગ્ઉપયોગ.

મનુષ્ય માટે વિચાર અને વર્તનનું ઐક્ય અગત્ય છે.

સ્થિતપ્રજ્ઞની ભાષા એટલે લક્ષણ - ચિહ્નો એટલે કે...

તે કેવી રીતે બોલે, કેવી રીતે બેસે અને

કેવી રીતે ચાલે, એનું વર્ણન.

સ્થિતપ્રજ્ઞની બોલવાની રીત, બેસવાની રીત અને
ચાલવાની રીત કેવી હોય? જીવનના સારા તથા નરસા
અનુભવોને તે કેવી રીતે પ્રગટ કરે છે? તેનો વિષે
કેવો અભિપ્રાય ધરાવે છે? મનગમતી કે અણગમતી
અસરોને મોટે ભાગે વસ્તુઓ જ ઉત્પન્ન કરાય છે.

સ્થિતપ્રજ્ઞની ભાષા કેવી હોય? સમત્વયુક્ત.
તે કેવી રીતે બેસે અર્થાત્ તેનું મન વિષયો ઉપર
કેવી રીતે બેસે છે? સાકરની માંખીની જેમ.

સ્થિતપ્રજ્ઞ કેવી રીતે ચાલે? અર્થાત્
વ્યવહારમાં કેવી રીતે વર્તન કરે? સસ્પૃહ કે નિઃસ્પૃહ?
તે આત્મામાં જ રહે અને આત્મામાં જ સંતુષ્ટ હોય,
દુઃખમાં ઉદ્વિગ્ન ન બને અને સુખમાં સ્પૃહાવાળો ન હોય,
રાગ-દ્વેષ અને ભયથી ઉપર રહે,
ઇંદ્રિયોને ઇંદ્રિયોના વિષયોથી સંહરી લે, આત્મવશ રાખે,
એથી સ્થિતપ્રજ્ઞ સદા પ્રસન્નતાને અનુભવે.

વિષયોમાં આસક્તિ છે, ત્યાં સુખ જ દુઃખ છે.

विहाय कामान् यः सर्वान् पुमान् चरति निःस्पृहः।
निर्ममो निरहंकारः स शान्तिमधिगच्छति ॥(परिशिष्ट-१३)

આ 'બ્રાહ્મીસ્થિતિ' છે.

ક્ષાયિકસ્થિતિનું બીજું નામ સામાયિકનો લાભ છે.
એમાં સ્થિર રહેનાર અંતકાળે કેવળનિર્વાણને પામે છે.
સામાયિકનો સમપરિણામ રાગદ્વેષનો પ્રતિપક્ષ છે,
સામપરિણામ દ્વેષદ્વેષનો પ્રતિપક્ષ છે અને
સામાયિકનો સામ્મપરિણામ મદદ્વેષનો પ્રતિપક્ષ છે.
પ્રથમ જીવો પ્રત્યેનો દ્વેષ મૈત્રીભાવથી જાય છે, પછી
પુદ્ગલ પ્રત્યેનો રાગ વૈરાગ્યથી જાય છે અને વર્તનની
અશુદ્ધિ શરણાગમન - આત્મતત્ત્વજ્ઞાન થવાથી જાય છે.
જીવ, જગત અને જગદીશ્વરનું ચિન્તન કરતાં
સામ, સમ અને સામ્મપરિણામ જાગ્રત થાય છે. જીવનો
જીવત્વરૂપ પારિણામિકભાવ સામપરિણામને વિકસાવે છે,
જગતનો ઔદયિક પરિણામ સમભાવને વિકસાવે છે
અને જગદીશ્વરનો ઉપશમ, ક્ષયોપશમ અને
ક્ષાયિકભાવ સામ્મપરિણામને વિકસાવે છે.
શાંતરસનો સ્થાયીભાવ તૃષ્ણાક્ષયરૂપ - શમ છે,
આલંબન વિભાવ સમગ્ર વિશ્વ છે,
ઉદ્દીપન વિભાવ વિશ્વના જીવોની ચેષ્ટાઓ છે,
અનુભાવ યમ-નિયમાદિ છે અને વ્યભિચારીભાવ એ
ધૃતિ, મતિ, સ્મૃતિ આદિ અંતરપરિણામો છે.

ૐ શ્રી

## સૌથી મહત્વની બે વસ્તુઓ કઈ?

તમે આપેલી સેવા અને
બીજાઓ દ્વારા એ સેવાઓનો સ્વીકાર -
જીવનમાં એ જ બે મહત્વની વસ્તુઓ છે.
આ સિવાય કોઈ ત્રીજી વસ્તુની શોધમાં ન પડો.
ઇંદ્રિયોને કાબુમાં રાખી ઈશ્વરચિન્તન કરો.
સમાધિસ્થ મનને ઈશ્વરચિન્તનથી ખૂબ સંતોષ થશે.
મનના વિચારો શુદ્ધ રાખવા, પરોપકારમાં રત રહેવું.
ગઈ વાતનો શોક અને ભવિષ્યની ચિન્તા ન કરવી.
આટલી વસ્તુ જો હોય, તો બીજું શું જોઈએ?
આફતો બહારથી આવતી નથી.
મનને સ્થિર રાખવું એ જ સંકટમાંથી બચવા જેવું છે.
બુરાઈ કરનારાઓએ જે કર્યું, તેવું આપણે ન કરીએ,
એ જ બુરાઈનો બદલો છે.
કાર્ય-કારણની શોધ કરો, ન્યાય અને સત્યથી ન ડગો.

०

Effort from below & Grace from above.
Both are needed for salvation.
અહીં મનુષ્યયત્ન અને ઈશ્વરકૃપા...
આત્માની મુક્તિ માટે બન્ને આવશ્યક છે.

## સંપ માટે ત્રણ વસ્તુ જરૂરી

(૧) પોતે ગુન્હેગાર બનવું નહિ, ગુન્હાથી દૂર રહેવું,
જિંદગીના લોકો પણ ગુન્હો ન જ કરે, એવા ટેક લેવા.
(૨) ગુન્હાની ગાંઠ બાંધવી નહિ.
(3) ઉપકારનો બદલો ઝડપી જ લેવો. - સાગરાનંદસૂરિ

o यज्जाग्रतो दूरमुदैति तद् सुप्तस्य तथैवैति ।
दूरंगमं ज्योतिषां
ज्योतिरेकं तन्मे मनः शिवसंकल्पमस्तु ॥ ऋषिः

જે દૈવ તત્ત્વ જાગ્રત અવસ્થામાં દૂર દૂર જાય છે,
નિદ્રાવસ્થામાં પણ તે જ રીતે ભટકે છે,
તે દૂર દૂર સુધી જનારું અને
જ્યોતિઓમાં પણ જ્યોતિસ્વરૂપ અદ્વિતીય તત્ત્વ,
એવું મારું મન શુભસંકલ્પવાળું થાઓ. ...(૧)

શિવલિંગ = શિવગતિ ગયેલા મુક્તાત્માઓનું ચિહ્ન.
સ્થૂલ - સ્મારકનો આકાર.
વેદોમાં 'શિખિ' શબ્દ વૃષભ અર્થમાં આવે છે,
તે શ્રી ઋષભદેવ ભગવાનનું નામ છે.
માથે શિખા છે માટે શિખિ અને
પગે લંછન વૃષનું છે માટે વૃષભ.

## નેહ ધરી શિવવધૂ કેહિ પેરે વરે ?

રત્નકનક મણિ જડિતનાં ભૂષણ વિરચાવો,
તિલક મુકુટ કુંડલ ડેગલ, બટેરખાં બનાવો ...(૧)
રુચિર જ્યોતિ મોતિ તણાં, કંઠે ઠવો હાર,
કંદોરો અદ્ભુત કરે, આપીજે સાર. ...(૨)
એહિ પેરે બહુવિધ ભૂષણ શોભાવો જિનદેહ,
ભાવવિમલ કહે તેહને, શિવવધૂ વરે ધરી નેહ ...(3)

## શ્રી વિનયવિજયજીનું અધ્યાત્મ પદ

### રાગ - આશાવરી

સાધુભાઈ સોહે જૈન કા રાગી, જાકી સુરત મૂલ ધૂન લાગી.
સો સાધુ અષ્ટ કરમ કું ઝગડે, શુન્ય બાંધે ધર્મશાલા.
સોઽહં શબ્દ કા ધાગા સાંધે, જપે અજપા માલા...
ગંગા યમુના મધ્ય સરસ્વતી, અધર વહે જલધારા;
કરીય સ્નાન મગન હુએ બૈઠે, તોડ્યા કર્મદલ ભારા...
આપ અભ્યંતર જ્યોતિ વિરાજે, બંક નાલ ગ્રહે મૂલા;
પશ્ચિમ દિશા કી ખિડકી ખોલે, તો બાજે અનહદ તુરા...
પંચભૂત કા ભરમ મિટાયા, છઠ્ઠા માંહિ સમાયા;
વિનય પ્રભુ શું જ્યોતિ મિલિ જબ, ફિર સંસાર ન આયા.
...સાધુભાઈ સોહે

શ્રી

## શ્રી દેવચંદ્રજી રચિત જિનવર સ્તવન

જિનવર ને નિજાત્મામાં, ભેદ ન કિંચિત જાણ;
એટી જ કારણ જોડીનું, ધ્યાયો એક નિર્વાણ ...(૧)
જિન ભેદથી નિજ આત્મા, નિશ્ચય ભેદ ન રંચ;
એજ સાર સિદ્ધાંતનો, છોડી સૌ પ્રપંચ. ...(૨)
અશુદ્ધ નિમિત્તે એ સંચરતો, જ્ઞાતા કર્તા પરનો;
શુદ્ધ નિમિત્ત રમે જબ ચિદ્ઘન, કર્તા ભોક્તા ઘરનો.

૦ જિનવર ને શુદ્ધાત્મામાં, કિંચિત ભેદ ન જાણ,
જોડીઈ તે યોગીજન, નિશ્ચયથી તું માન. ...(૧)
જે પરમાત્મા તે જ હું, જે હું તે પરમાતમ,
એમ જાણી તે યોગીજન, કરી ન કાંઈ વિકલ્પ...(૨)
નિશ્ચય લોકપ્રમાણ છે, તનુપ્રમાણ વ્યવહાર,
એવો આતમ અનુભવો, શીઘ્ર લહો ભવપાર ...(3)

०

कुन्दस्य शरणे नीचाः तुच्छाः स्वादिरस्य महिमाः ।
कृतार्था भुवनस्यापि, सतां स्वपरता न हि ॥१॥
सूर्यश्चन्द्रमसौ व्योम्नः, द्वौ नरौ भूषणं भुवः ।
उपकारे मतिर्यस्य, दैन्य तं न विलुंपति ॥२॥
निर्ममत्वं विरागाय, वैराग्याद् योगसन्ततिः ।
योगाद् संजायते ज्ञानं, ज्ञानान्मुक्तिः प्रजायते ॥३॥

श्रीँ

# પરિશિષ્ટ સૂચિ

**પરિશિષ્ટ - ૧ (પૃષ્ઠ ૪)**
હે સુન્દરી! પુસ્તકમાં લખેલી વિદ્યા (જાતે) વાંચીને જે જાપ કરે છે, તેને કરોડો વર્ષો સુધી જાપ કરવા છતાં સિદ્ધિ પ્રાપ્ત થતી નથી.

**પરિશિષ્ટ - ૨ (પૃષ્ઠ ૫)**
પરમેષ્ઠિપંચકથી નિર્મિત ૐ તે જિનસ્વરૂપ - આચાર્ય - અરિહંતસ્વરૂપ છે, હ્રીંકાર તે ત્રૈલોક્યબીજ અને શ્રીં એ બીજાક્ષર છે. તે સર્વ મંત્ર (ૐ હ્રીં શ્રીં અર્હં નમઃ)નું ધ્યાન કરનાર સર્વજ્ઞ બને છે. - मं. २, श्लोक ३५५

**પરિશિષ્ટ - ૩ (પૃષ્ઠ ૨૩)**
સમ = જ્ઞાન, દર્શન, ચારિત્ર. તેમાં ગમન કરવું તે સમાય, તે જ સામાયિક. અહીં ‘સમ’ શબ્દ સમ્યગ્ અર્થવાળો છે એટલે કે જ્ઞાન-દર્શન-ચારિત્રમાં સમ્યગ્ રીતે ગમન કરવું કે વર્તવું, તે જ સામાયિક છે. ૦ છ એ કાયના જીવોને પોતાના જેવા માનવા.

**પરિશિષ્ટ - ૪ (પૃષ્ઠ ૩૦)**
શરીરના નીચેના ભાગમાંથી મસ્તક સુધીની સુષુમ્ણા નાડી વડે જીવરૂપી શિવને પરમાત્મા રૂપી શિવ સાથે જોડું છું.

**પરિશિષ્ટ - ૫ (પૃષ્ઠ ૧૦૦)**
જે રાગ-દ્વેષ વગેરે જિનેશ્વર ભગવાને બળ વાપરીને દૂર કર્યા છે, તે રાગ-દ્વેષને જે પોષણ આપે છે, તેઓ ઉપર હે નાથ! તમે કેમ પ્રસન્ન થાઓ?

**પરિશિષ્ટ - ૬ (પૃષ્ઠ ૧૦૪)**
ધર્મરૂપી વૃક્ષનું મૂળ મન છે, થડ વચન છે, ક્રિયા શાખાદિ વિસ્તાર છે, તેથી જો મૂળ દ્રઢ થાય, તો બધું થાય છે.

**પરિશિષ્ટ - ૭ (પૃષ્ઠ ૧૦૫)**
ઘરમાં વસતાં અને રોજ જમવા છતાં પણ શ્રદ્ધાપૂર્વક મનશુદ્ધ કરવા વડે ધર્મ થાય છે

શ્રી

અને શ્રદ્ધા કે મનની શુદ્ધિ વિના ઘણો તપ કરે, તો પણ ધર્મ થતો નથી.

**પરિશિષ્ટ - ૮ (પૃષ્ઠ ૧૦૬)**
વિદ્યારૂપી અંજનની દ્રષ્ટિ વડે અવિદ્યારૂપી અંધકારનો નાશ થવાથી યોગી પુરુષો પોતાના આત્મામાં જ પરમાત્માને જૂએ છે. - જ્ઞાનસાર ૧૪/૮


**પરિશિષ્ટ - ૯ (પૃષ્ઠ ૧૧૦)**
મૈત્રીભાવનામાં મોક્ષસુખનો અભિલાષ અને સંસારસુખમાં વૈરાગ્યની બુદ્ધિ હોય છે.
૦ કુશલ ચિત્તમાં એકાગ્રતા કેળવવી, તે 'સમાધિ' છે

**પરિશિષ્ટ - ૧૦ (પૃષ્ઠ ૧૩૪)**
રજસ્-તમસ્વૃત્તિથી શૂન્યચિત્તની એકાગ્રતા અને સ્વરૂપનિષ્ઠાને 'સ્થિતિ' કહેવાય, તેમાં પ્રયત્ન, અત્યંત ઉત્સાહ કે વારંવાર તે સ્થિતિને ચિત્તસ્થાપન કરવી, તે 'અભ્યાસ' છે.

**પરિશિષ્ટ - ૧૧ (પૃષ્ઠ ૧૮૫)**
રજસ્, તમસ્ના અભાવથી, સર્વથા કર્મક્ષયથી, સર્વ સંયોગોના વિયોગથી અને ફરી જન્મ ન લેવો પડે, તેને 'મોક્ષ' કહેવાય છે. (૧) યોગ અને મોક્ષમાં બધી વેદનાની શાંતિ છે. સંપૂર્ણ નિવૃત્તિને 'મોક્ષ' કહેવાય છે અને યોગ મોક્ષનો પ્રવર્તક છે. (૨)

**પરિશિષ્ટ - ૧૨ (પૃષ્ઠ ૧૮૭)**
મનુષ્યભવમાં ભૂલ કરવાથી પશુનું શરીર પ્રાપ્ત કરનારને પોતાના શરીરનું પણ અજ્ઞાન હોય છે, તો પરમાર્થની તો શું વાત જ કરવી?

**પરિશિષ્ટ - ૧૩ (પૃષ્ઠ ૨૦૯)**
સર્વ ઈચ્છાઓને છોડીને નિઃસ્પૃહ થયેલો જે આત્મા વિચરે છે, નિર્મમ અને નિરહંકાર એવો તે શાંતિ પ્રાપ્ત કરે છે.



ઉપર દર્શાવેલ ૩ ડાયરીઓ
પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજનાં સ્વહસ્તાક્ષરમાં
ઈ.સ. ૧૯૭૨ - ૧૯૭૩ પરિસરમાં લખાયેલ છે, તે અહીં સંકલિત કરેલ છે.

# પંચપરમેષ્ઠિના રસ તથા વર્ણ




જુદાં - જુદાં ભાવો રંગે
તે તે ભાવોનો અનુભવ લેનાર આત્માનું રસન
અદ્ભુત સ્વરૂપ જેવાં છે, તે 'રસ' ઈત્યાદિ છે.

પં. ભદ્રંકરવિજય

www.fiestadesigns.in